# સંસ્કૃતિ દર્શન

# પ્રભુવંદના

ભારતીય સંસ્કૃતિ દર્શન અને નિત્ય સ્મરણ

પ્રકાશક :
સ્વામી નિત્યશુદ્ધાનંદ સરસ્વતી
**આર્ષ વિદ્યા મંદિર**
યુનિવર્સિટી પાસે, મુંજકા,
રાજકોટ.-૩૬૦ ૦૦૫

લેખન અને સંકલન :
સ્વામી પરમાત્માનંદ સરસ્વતી

© સ્વામી પરમાત્માનંદ સરસ્વતી

મુદ્રક :
કામનાથ મુદ્રણાલય
૧૩-વિજયપ્લોટ કોર્નર, ગોંડલ રોડ, રાજકોટ.
ફોન : ૦૨૮૧-૨૪૬૨૫૨૨
મોબાઈલ : ૯૮૯૮૦ ૩૮૫૫૫

પ્રાપ્તિ સ્થાન :
**આર્ષ વિદ્યા મંદિર**
યુનિવર્સિટી પાસે, મુંજકા,
રાજકોટ.-૩૬૦ ૦૦૫

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧ | સંસ્કૃતિ | ૦૧ |
| ૨ | વેદ | ૦૪ |
| ૩ | વૈદિકધર્મ | ૦૬ |
| ૪ | પુરૂષાર્થ | ૦૭ |
| ૫ | કર્મનો સિદ્ધાંત | ૧૨ |
| ૬ | વૈજ્ઞાનિક ક્ષેત્રે સાંસ્કૃતિક વારસો | ૧૪ |
| ૭ | આપણો ભવ્ય કલાવારસો | ૧૭ |
| ૮ | આપણા શિલ્પ અને સ્થાપત્ય | ૧૯ |
| ૯ | આપણી પવિત્રતાની વિભાવના | ૨૦ |
| ૧૦ | ધર્મમય જીવનરીતિ | ૨૨ |
| ૧૧ | પ્રાર્થના–સફળતાની ચાવી | ૩૧ |
| ૧૨ | ઈશ્વરદર્શન | ૩૬ |
| ૧૩ | મૂર્તિપૂજા | ૩૮ |
| ૧૪ | ઋણ | ૪૦ |
| ૧૫ | યજ્ઞ | ૪૩ |
| ૧૬ | ગુરુ–શિષ્ય સંબંધ | ૪૭ |
| ૧૭ | શ્રીનારાયણ | ૫૧ |
| ૧૮ | શ્રીલક્ષ્મીજી | ૫૪ |
| ૧૯ | શ્રીઉમિયામાતા | ૫૭ |
| ૨૦ | સંક્ષિપ્ત પૂજા વિધિ | ૫૯ |
| ૨૧ | નિત્ય સ્મરણ | ૭૩ |
| ૨૨ | પ્રાતઃ વંદના | ૭૬ |
| ૨૩ | સ્તોત્રો | ૮૧ |

# પ્રસ્તાવના

ભારતની ભૂમિ આધ્યાત્મિક છે. અયોધ્યા અને વૃંદાવનની ભૂમિ શ્રીરામ અને કૃષ્ણનાં પદપંકથી આજ અંકિત થઈ છે. આપણી આ પવિત્ર ભૂમિ પર અધર્મનો નાશ કરી, ધર્મની સ્થાપના કરવા ભગવાનનાં અનેક અવતરણો થયાં. અસંખ્ય ઋષિ-મુનિઓ, યોગીપુરુષો, તપસ્વીઓ, ભક્તો તેમજ સંતોએ આ પાવન ભૂમિ પર જન્મ લઈને દિવ્ય કર્મો કર્યાં છે.

આપણા દેશની પ્રજાનું ધ્યેય ક્યારેય એ નથી રહ્યું કે લશ્કરી આક્રમણ કરી સામ્રાજયનો વિકાસ કરવો. એ પણ ધ્યેય નથી રહ્યું કે બળપૂર્વક કે છળકપટ કરી ધર્મના નામે બીજી પ્રજાને-બીજા રાષ્ટ્રને પોતાનામાં ભેળવવું.

પોતાના આવેગો તથા આસુરી સંપત્તિ પર વિજયી મેળવી, મનના સ્વામી બની સુખસ્વરૂપ આત્મસામ્રાજય પ્રાપ્ત કરવું એ જ આપણું જીવનધ્યેય રહ્યું છે. સાથે સાથે **सर्वे भवन्तु सुखिनः**.... ની ભાવના સાથે બ્રહ્માંડનાં પ્રાણીમાત્રને દુઃખ ન પહોંચાડવાની ઉદાત્ર સામાજિકતા છે. અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, ઈશ્વરપ્રણિધાન અને અપરિગ્રહની સાધના દ્વારા આત્મસાક્ષાત્કાર અથવા ઈશ્વર સાથે તાદાત્મ્ય પામવું એ જ હિન્દુનું જીવન ધ્યેય છે.

હિન્દુધર્મના મૂળભૂત ગ્રંથો, વેદ આ જીવન ધ્યેયની સિદ્ધિનો ઉપાય શીખવે છે. વેદોનું આ દર્શન આપણી સંસ્કૃતિમાં રૂપાંતરિત થયું છે. વૈદિક દર્શનની અભિવ્યક્તિ એટલે આપણી હિન્દુ સંસ્કૃતિ. આમ, આપણી સંસ્કૃતિ સંપૂર્ણપણે ધાર્મિક છે. વૈદિક દર્શન એ આપણી સંસ્કૃતિનો આત્મા અથવા પ્રાણ છે. પરંપરાઓમાં તેનો પ્રાણ અર્થાત્ વૈદિક દૃષ્ટિ નહીં રહે તો આપણી સંસ્કૃતિ લુપ્ત થઈ જશે. સાંપ્રત સમયમાં ગામડાં છોડીને લોકો શહેરોમાં વધુ વસવાટ કરવા લાગ્યા છે. કુટુંબો નાનાં થવા લાગ્યાં છે. જેથી વર્તમાન યુગમાં આપણી વૈદિક દૃષ્ટિને જાણવાની-ઓળખવાની તકો નહિવત્ છે. એટલું જ નહીં, વૈશ્વીકરણ અને ટેકનોલોજી વિકાસને લીધે બાહ્ય/ઈતરસાંસ્કૃતિક પરિચય વધુ મળે છે. આવા સંજોગોમાં આપણા ધર્મ, આપણી સંસ્કૃતિ વિશે સમજણ નથી હોતી અને સમજણનાં અભાવમાં તેનું ગૌરવ પણ હોતું નથી. તેમ છતાંપણ માતાપિતાના સંસ્કારોને લીધે, કુટુંબની પરંપરાઓને માન આપી સાંસ્કૃતિક રીતરિવાજો ઘરમાં અને સમાજમાં પળાતા જોવાય છે. પરંતુ યુવાપેઢીમાં, આગામી પેઢીમાં સમજણ અને શ્રદ્ધાનાં અભાવે આપણી પરંપરાઓ લુપ્ત થતી જોવાય છે. અને 'કંઈક' નવી પરંપરાઓ અપનાવાય છે.

આવા સંજોગોમાં આપણી સંસ્કૃતિમાં વણાયેલા વૈદિક દર્શનની ઝાંખી કરાવવા માટેનો આ નાનકડો પ્રયાસ છે. આપણું જીવનદર્શન એટલું ગહન અને એટલું વિશાળ છે કે એક–બે પુસ્તકમાં તેનો સમાવેશ કરવો અસંભવ છે, તો પછી આ નાનકડી પુસ્તિકામાં તો ક્યાંથી બધું સમાવિષ્ટ થાય ? સાંપ્રત સમયની પેઢીને થોડી યથાર્થ દૃષ્ટિ–સમજ મળે એ હેતુથી આંશિક પ્રયત્ન કર્યો છે.

આપણી સંસ્કૃતિ શિક્ષા આપે છે કે આપણું જીવન સાર્થક કરવા માટે આપણા જીવનમાં પરોપકારની ભાવના હોવી જોઈએ. સમાજમાં પ્રત્યેક સભ્યમાં પરોપકારની–બીજાની સેવા કરવાની તત્પરતા હોવી જોઈએ. આપણા વ્યવહારમાં, બધાં જ કાર્યોમાં – બધી જ ચેષ્ટાઓમાં આ ભાવના પ્રગટ થવી જોઈએ. ટૂંકમાં આપણું જીવન યજ્ઞમય – ત્યાગમય હોવું જોઈએ.

આવી ભાવનાથી પ્રેરાઈને શ્રીસાંયરા (યક્ષ) કડવા પાટીદાર સમાજે (તા. નખત્રાણા – કચ્છ) પૂ. શ્રી વાલરામજી મહારાજના શિષ્યા સુ.શ્રી ભારતીદીદીની ૧૦૭મી શ્રીમદ્ ભાગવદ્ મહાપારાયણનું આયોજન તા. ૧૯–૧૧–૦૮ થી ૨૭–૧૧–૦૮ દરમ્યાન કર્યું છે. આ નિમિત્તે સમાજની નિયાણીઓને તેમજ બીજા સભ્યોને વિતરણ કરવા માટે આ પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું છે.

શ્રી સાંયરા (યક્ષ) કડવા પાટીદાર સમાજને હાર્દિક અભિનંદન અને શુભાશિષ. બીજા સમાજો પણ આપણા ધર્મની રક્ષા કાજે, સંસ્કૃતિની સ્થિરતા માટે અને સુસંસ્કૃત ભાવી પેઢી માટે આ જ્ઞાનનો વધુને વધુ પ્રચાર કરે એવી શ્રી ઉમિયા માતાનાં શ્રી ચરણોમાં પ્રાર્થના.

સ્વામી શ્રી નિત્યશુદ્ધાનંદજીએ ખૂબ જહેમત ઉઠાવીને આ પુસ્તકના સુંદર છાપકામની જવાબદારી નિભાવી તે બદલ તેમને પણ શુભાશિષ.

શ્રી નારાયણના શ્રીચરણોમાં

સ્વામી પરમાત્માનંદ સરસ્વતીજી

# :: સંસ્કૃતિ ::

"સંસ્કૃતિ" શબ્દનો અર્થ છે "**सम्यक् करणम्**" અર્થાત્ સમ્યક્ નિર્માણ. આમ સંસ્કૃતિ એ માનવજીવનના ઘડતરની- જીવનનિર્માણની કેળવણી આપે છે. સંસ્કૃતિ માનવજીવનને ઊર્ધ્વગામી કરે છે. માનવજીવનની નીતિમત્તા, પવિત્રતા અને ગુણવત્તામાં વધારો કરે તે સંસ્કૃતિ. ટૂંકમાં માનવજીવનનું સંવર્ધન કરે તે સંસ્કૃતિ.

પોતાનાં જીવનનું સંવર્ધન કરવું, જીવનને ઊર્ધ્વગામી કરવું એ મનુષ્યજાતિનો આગવો અધિકાર છે. પોતાના ભાવિનું પુનર્ઘટન–એટલે કે પુનઃરચના કરવાની આગવી ક્ષમતા માત્ર મનુષ્યજાતિમાં જ છે. મનુષ્ય એક ઈશ્વરનું અદ્ભુત અને અજોડ સર્જન છે. મનુષ્યમાં અનંત શક્યતાઓ છૂપાયેલી છે. આપણામાં રહેલી આ અનંત શક્યતાઓનું જ્ઞાન કરાવવાનું અને તેનો ઉચ્ચતમ વિકાસ કરવાનું કાર્ય "સંસ્કૃતિ" કરે છે. આમ સંસ્કૃતિ એ જીવનમૂલ્યોથી પ્રેરાયેલી વિશિષ્ટ જીવનરીતિ છે. વેશભૂષા, આહાર–વિહાર, ગૃહરચના, ઉત્સવો, સાહિત્ય, નૃત્ય, સંગીત, વગેરે સંસ્કૃતિનાં જ અંગો છે. આ સર્વના પાયામાં વિશિષ્ટ જીવનમૂલ્યો રહેલાં છે જે મૂલ્યો સંસ્કૃતિનું પ્રદાન છે.

## ભારતીય સંસ્કૃતિની ગરિમા :

માનવજીવન પૃથ્વી પર શરૂ થયું ત્યારથી ક્રમે ક્રમે વિવિધ સંસ્કૃતિઓ વિકસી છે. હજારો વર્ષના પ્રયાસો પછી વિવિધ સંસ્કૃતિઓ નિર્માણ પામી એવી જગતની મહાન સંસ્કૃતિઓમાં ગ્રીસ, રોમ, બેબીલોન, મિસર અને ચીનની સંસ્કૃતિઓ પણ ગંગા યમુનાને કિનારે વિકસેલી ભારતીય સંસ્કૃતિની જેમ પ્રાચીન છે પણ એ બધી સંસ્કૃતિઓમાં ભારતીય સંસ્કૃતિની ગણના અતિ ઉદાર, સૌજન્યસભર અને માનવતાથી મઘમઘતી સંસ્કૃતિ તરીકે થાય છે. વળી અન્ય તમામ સંસ્કૃતિઓ કાળના ગર્તમાં વિલીન થઈ ગઈ છે જ્યારે ભારતીય સંસ્કૃતિ ધ્રુવતારકની જેમ જગતને દોરવણી આપતી ઊભી છે. ઈકબાલે કહ્યું છે ને– **"યુનાન, મિસ્ર, રોમા સબ મિટ ગયે જહાઁસે અબ તક મગર હૈ બાકી નામો નિશાઁ હમારા" કારણ કે એ બધી સંસ્કૃતિઓએ વિસ્તાર કરવા, પ્રચાર કરવા આગળ** લશ્કર અને પાછળ ઉપદેશ (શસ્ત્રો + ધર્માચાર્યો)ની નીતિ અપનાવી જ્યારે

**માનવજીવનની નીતિમત્તા, પવિત્રતા અને ગુણવત્તામાં વધારો કરે તે સંસ્કૃતિ. આપણામાં રહેલી આ અનંત શક્યતાઓનું જ્ઞાન કરાવવાનું અને તેનો ઉચ્ચતમ વિકાસ કરવાનું કાર્ય "સંસ્કૃતિ" કરે છે.**

ભારતીય સંસ્કૃતિના છડીદારોએ આગળ શુભાશિષ અને પાછળ ઉપદેશની નીતિ અપનાવી. ભારતીય સંસ્કૃતિએ-લોકહૃદય પર શાસન જમાવ્યું પરિણામે વિદેશોમાં વિસ્તરી અને આજે પણ અનેક ઝંઝાવાતો આક્રમણો સામે અડીખમ ટકી રહી છે.

**"કુછ બાત હૈ કી હસ્તી મિટતી નહીં હમારી,**
**સદિયોં સે રહા હૈ દુશ્મન બાગેં જહાઁ હમારા."**

આજે આર્નોલ્ડ ટોયન્બી જેવા વિશ્વવિખ્યાત ઈતિહાસકારોએ અને વિવિધ વૈજ્ઞાનિકોએ સ્વીકાર્યું છે કે પૃથ્વી પર જ્ઞાનનો પ્રાચીનતમ સુવ્યવસ્થિત ગ્રંથ(પ્રથમ ગ્રંથ-માનવજાતિનો) વેદ છે. ભારતીય સંસ્કૃતિ વેદ આધારિત સંસ્કૃતિ હોવાને નાતે પ્રાચીનતમ સંસ્કૃતિ છે. યજુર્વેદમાં મંત્ર છે. "**પ્રથમા વિશ્વવારા સંસ્કૃતિઃ**" આપણી ભારતીય સંસ્કૃતિ સંપૂર્ણ સંસારમાં અત્યંત વરણીય છે, અનુકરણીય છે, પ્રશંસનીય છે.

વૈદિક દૃષ્ટિએ એટલે કે ભારતીય સંસ્કૃતિની દૃષ્ટિમાં આખું બ્રહ્માંડ પરમાત્માસ્વરૂપે-ઈશ્વરસ્વરૂપે જ છે. આ આખી સૃષ્ટિ એ ઈશ્વરની અભિવ્યક્તિ છે. જગત એ પરમાત્માનુ વિરાટ સ્વરૂપ જ છે. પુરુષસૂક્ત વગેરે વેદનાં સૂક્તોમાં આવા મંત્રો જોવા મળે છે, સર્વના હૃદયમાં એક જ પરમાત્માનો નિવાસ છે માણસની જાતિ, લિંગ, સંપ્રદાય, આસ્થા કોઈપણ હોય પરંતુ સર્વમાં-પ્રાણીમાત્રમાં, કણ કણમાં અને ઘટ ઘટમાં પરમાત્માનો નિવાસ છે. મનુષ્યજીવનમાં હૃદયસ્થ પરમાત્માની પ્રાપ્તિ કરવાની કલા-અર્થાત્ એવી જીવનનીતિ એ ભારતીય સંસ્કૃતિ છે. આમ ભારતીય સંસ્કૃતિ સાચા અર્થમાં માનવજીવનનું ઘડતર કરી તેને ઊર્ધ્વગામી બનાવી પરમાત્માની પ્રાપ્તિ કરાવે છે. પાયામાં પ્રેમ-સત્ય-દિવ્યતા-અહિંસા અને પવિત્રતા છે. જીવનને આ શ્રેષ્ઠતમ મૂલ્યોનું પ્રદાન કરનાર આ સંસ્કૃતિ અત્યંત ઉન્નત છે, વિશિષ્ટ છે.

સંસ્કાર આપે તે સંસ્કૃતિ. ભારતીય સંસ્કૃતિ સંસ્કારો દ્વારા આપણું સંસ્કરણ-સંવર્ધન કરે છે. જમીનની માટીમાં પાણી પડે તો કીચડ થાય. અસંસ્કારિત માટીનું કુંભાર સંસ્કરણ કરે. તેને પલાળી, ગુંદી અને સુંદર ઘડાનું નિર્માણ કરે. માટીનું ઘડામાં રૂપાંતરણ થતાં તેમાં નવી શક્યતાઓ પાંગરે.

**"પ્રથમા વિશ્વવારા સંસ્કૃતિઃ" આપણી ભારતીય સંસ્કૃતિ સંપૂર્ણ સંસારમાં અત્યંત વરણીય છે, અનુકરણીય છે, પ્રશંસનીય છે.**

ખાણમાંથી નીકળેલા આરસનો પથ્થર સાવ નકામો લાગે. પરંતુ કુશળ શિલ્પીના હાથે જયારે તેને ઘાટ આપવામાં આવે, રમણીય ઘાટ મળે ત્યારે પૂજનીય પ્રતિમાનું નિર્માણ થાય. સંસ્કારના માધ્યમથી પથ્થરમાંથી પ્રતિમાનુ નિર્માણ થાય છે. તેમ માનવી પણ સંસ્કારના માધ્યમથી એક વિશિષ્ટ સ્થિતિ પ્રાપ્ત કરે છે. સંસ્કાર દ્વારા ઘડતર કરાતાં માનવજીવનનું સંવર્ધન થાય. સંસ્કારથી ભૌતિક સ્તરે, સામાજિક ક્ષેત્રે, સેવાકીય ક્ષેત્રે, ધાર્મિક ક્ષેત્રે તેમજ આધ્યાત્મિક ક્ષેત્રે વિશેષતા બક્ષે છે. માનવમાં રહેલી વિશિષ્ટ ક્ષમતાઓનો વિકાસ કરે છે. વ્યક્તિને મહાન બનાવે છે. પાસા પડવાથી જેમ હીરો ઝગમગી ઊઠે છે તેમ સંસ્કાર સિંચવાથી વ્યક્તિ ઝગમગી ઊઠે છે. ભારતીય સંસ્કૃતિ માનવને સંસ્કારો દ્વારા દિવ્યતા પ્રદાન કરે છે. જીવપણામાંથી–અલ્પતામાંથી મુક્ત કરી શિવપણું–પૂર્ણતા પ્રદાન કરે છે.

ભારતીય સંસ્કૃતિ અને વૈદિક દર્શનનો સંબંધ શરીર અને આત્મા જેવો છે. વૈદિક દર્શન એ ભારતીય સંસ્કૃતિનો પ્રાણ છે, આત્મા છે. વિશ્વની અન્ય તમામ સંસ્કૃતિઓ તરફ નજર કરતાં માલૂમ પડે છે કે તેઓનું માનવજીવન અને તેઓનો સમાજધર્મ કે ધર્મગ્રંથો સાથે મહત્તમ સંબંધ ધરાવતો ન હતો જયારે ભારતીય સંસ્કૃતિનાં દરેક અંગો–સાહિત્ય, કલા, રીતરિવાજો, ઉત્સવો, આહાર, ગૃહરચના, લગ્નજીવન જન્મ–મરણ, સમાજવ્યવસ્થા બધાં જ અંગોમાં વૈદિક દર્શન છૂપાયેલું છે. આમ ભારતીય સંસ્કૃતિને સમજવા માટે વૈદિક દર્શન અને વેદ વિશે સમજવું જરૂરી છે. સૌ પ્રથમ ''વેદ'' વિષે મૂળભૂત સમજણ કેળવીશું.

**પાસા પડવાથી જેમ હીરો ઝગમગી ઊઠે છે તેમ સંસ્કાર સિંચવાથી વ્યક્તિ ઝગમગી ઊઠે છે. ભારતીય સંસ્કૃતિ માનવને સંસ્કારો દ્વારા દિવ્યતા પ્રદાન કરે છે.**

# :: વેદ ::

વેદોને ''શ્રુતિ'' અથવા ''આમ્નાય'' કહે છે **विद्** – જાણવું ક્રિયાપદનો અર્થ છે માટે વેદનો અર્થ ''જ્ઞાન'' થાય છે. વેદ એ જ્ઞાનનું પુસ્તક છે જે સનાતન છે, આદિ અંત વગરનું છે માટે એવુ કહેવાય છે કે **अनन्ता: वै वेदा:** કહ્યું છે. જ્ઞાન હંમેશા સનાતન છે. જ્ઞાનને જ વેદમાં સત્ય કહ્યુ છે. **सत्यम् ज्ञानम् अनन्तम् ब्रह्म** કહેવાય માટે વેદપ્રકાશિત ધર્મ સનાતનધર્મ કહેવાયો.

વેદો અપૌરુષેય ગ્રંથો છે. વેદની રચના કોઈ વ્યક્તિવિશેષ દ્વારા થઈ નથી. પ્રાચીન ઋષિઓનાં હૃદયમાં ઈશ્વરકૃપાથી સનાતન સત્યો સ્ફૂર્યાં તે વેદના મંત્રો છે. 'ઋષિ' શબ્દ જ સનાતન સત્યના 'દ્રષ્ટા'નો ઘોતક છે. આમ પ્રાચીન ઋષિઓની આધ્યાત્મિક અનુભૂતિ એટલે વેદ. આ ઋષિઓએ પ્રાકૃત લેખકની જેમ મંત્રો લખ્યા નથી. અને એક નહીં અનેક ઋષિઓની આધ્યાત્મિક સાધનાના પરિપાકરૂપે વેદસાહિત્ય પ્રગટ થયું છે. આ ઋષિઓને ઈશ્વરોપાસના દ્વારા મંત્રો દૃષ્ટિગોચર થયા, શ્રુતિગોચર (શ્રવણગમ્ય) થયાં તેથી ઋષિઓ મંત્રોના લેખક નહીં દ્રષ્ટા છે. તેઓ દ્વારા મંત્રોની અભિવ્યક્તિ થઈ જેમ જુદી જુદી ચેનલો અનેક દૃશ્ય–શ્રાવ્ય કાર્યક્રમો વિદ્યુતતરંગો દ્વારા દર્શાવે છે. પરંતુ સામાન્ય માનવીના કાન તે તરંગોને સાંભળી ન શકે, આંખ જોઈ ન શકે, આવા સૂક્ષ્મ વિદ્યુતતરંગો ટી.વી. દ્વારા પ્રગટ થઈ જાય છે. તે જ રીતે વેદના મંત્રો ઋષિઓની ઉચ્ચતમ આધ્યાત્મિક અવસ્થામાં અભિવ્યક્ત થયા– પ્રગટ થયા છે. સૃષ્ટિના પ્રલય સમયે પણ વેદમંત્રોનો વિનાશ થતો નથી પરંતુ મંત્રો–વેદ સૂક્ષ્મ/અવ્યક્ત અવસ્થા પ્રાપ્ત કરે છે અને પુનઃ સૃષ્ટિના પ્રારંભે અવિનાશી વેદમંત્રોની ઉત્પત્તિ થતી નથી કારણ કે તે વેદ/મંત્રો પ્રલયકાળ દરમ્યાન પણ અવ્યક્તરૂપે હતા જ. માટે વેદ અવિનાશી સનાતન છે.

સામાન્ય માનવી આ મંત્રોને ગ્રહણ કરી શકતો નથી. જ્યારે ૠષિઓ તેમની ઉપાસના અને તપને લીધે વિશિષ્ટ શક્તિ ધરાવે છે. તેઓ અવિનાશી મંત્રોને ગ્રહણ કરી શકે છે. આવા ઋષિઓને ''મંત્રદ્રષ્ટા'' કહેવાયા છે. વળી આ મંત્રો માનવસમાજના કલ્યાણ માટે ઋષિઓ દ્વારા પ્રગટ થયા છે. વેદ માનવનિર્મિત નથી તેથી માનવસહજ બૌદ્ધિક મર્યાદાઓથી મુક્ત છે. વેદદર્શન એ

**ૠષિઓ તેમની ઉપાસના અને તપને લીધે વિશિષ્ટ શક્તિ ધરાવે છે. તેઓ અવિનાશી મંત્રોને ગ્રહણ કરી શકે છે. આવા ઋષિઓને ''મંત્રદ્રષ્ટા'' કહેવાયા છે.**

ઈશ્વરદર્શન છે. અને ઈશ્વરદર્શન હોવાને લીધે સર્વગ્રાહી દર્શન છે આવા સર્વગ્રાહી દર્શન પર ભારતીય સંસ્કૃતિ રચાયેલી છે તેથી આ સંસ્કૃતિ પણ સર્વગ્રાહી છે. વેદ સનાતન હોવાને લીધે ભારતીય સંસ્કૃતિ સનાતન છે.

ઈન્દ્રિયો વડે, પ્રત્યક્ષ કે અનુમાન અથવા બીજાં પ્રમાણ દ્વારા આપણને પદાર્થોનું જ્ઞાન થાય તે વિજ્ઞાનનો વિષય છે. મનુષ્યની બુદ્ધિગમ્ય જ્ઞાન એ વિજ્ઞાનનું ક્ષેત્ર છે. પરંતુ વૈદિકજ્ઞાન મનુષ્યની બુદ્ધિની–પહોંચની બહાર છે, જે બુદ્ધિગમ્ય જ્ઞાન નથી તે 'અલૌકિક જ્ઞાન' છે અને વેદ અલૌકિક જ્ઞાન ધરાવે છે.

વિષયવસ્તુને ધ્યાનમાં લેતાં પ્રત્યેક વેદ ચાર વિભાગમાં વહેંચાયેલ છે (૧) મંત્રસંહિતા (૨) બ્રાહ્મણ (૩) આરણ્યક અને (૪) ઉપનિષદ.

વિવિધ દેવતાઓની સ્તુતિઓથી ભરપૂર વિભાગ "મંત્રસંહિતા" છે. આ વિભાગમાં છંદોબદ્ધ મંત્રો–સ્તુતિઓ છે. જુદા જુદા દેવતાઓનાં અનેક સ્તવનો છે.

આ વિવિધ સ્તુતિઓ–મંત્રોનો કર્મમાં, યજ્ઞમાં વિનિયોગ દર્શાવતો વિભાગ તે "બ્રાહ્મણ" ગ્રંથો. આ બ્રાહ્મણ ગ્રંથોમાં યજ્ઞક્રિયાનું માર્ગદર્શન છે. વિવિધ પ્રકારના યજ્ઞો અને તે દ્વારા પ્રાપ્ત થતી વિવિધ ઉપલબ્ધિઓનું–સાધ્યોનું વર્ણન છે.

"આરણ્યક" વિભાગમાં વિવિધ ઉપાસનાઓ છે. યજ્ઞયાગાદિનું તાત્ત્વિક અને આધ્યાત્મિક દષ્ટિએ વિવેચન છે. આરણ્યકો નિગૂઢની મીમાંસા કરે છે.

વેદના અંતિમ ભાગને "વેદાંત" અથવા "ઉપનિષદ" કહે છે. જેમાં માત્ર તત્ત્વજ્ઞાન છે. જીવ–જગત અને ઈશ્વરના સ્વરૂપનું નિરૂપણ છે. અને વેદની પારમાર્થિક દષ્ટિ– "જીવ–જગત અને ઈશ્વરનું ઐક્ય," એવા અદ્વૈત દર્શનનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

**સર્વગ્રાહી દર્શન પર ભારતીય સંસ્કૃતિ રચાયેલી છે તેથી આ સંસ્કૃતિ પણ સર્વગ્રાહી છે. વેદ સનાતન હોવાને લીધે ભારતીય સંસ્કૃતિ સનાતન છે.**

# :: વૈદિક ધર્મ :

**"धारयति इति धर्म" "धारणात् धर्म"** જે જગતને ધારણ કરે છે, તે ધર્મ. આખા બ્રહ્માંડમાં સંવાદિતા છે. જગતનાં સર્વ તત્ત્વો પરસ્પર સંવાદિતામાં અનુકૂળ રહીને કાર્ય કરે છે. બ્રહ્માંડને પારસ્પરિક સંવાદિતા ધારણ કરે છે. સંવાદિતાને લીધે બ્રહ્માંડની સ્થિતિ છે. સંવાદિતા જગતને ધારણ કરે છે અને સંવાદિતાનું કારણ નિયતિ અથવા ઈશ્વર છે આમ ઈશ્વર જ અંતિમ ધર્મ છે.

આ નિયતિ અથવા ઈશ્વર સામાન્ય માનવી માટે અગોચર છે. સર્વવ્યાપી હોવા છતાં તેના દર્શન કરવા માટે પાત્રતા કેળવવી પડે. આ નિયતિ સ્વરૂપ ઈશ્વરનો સાક્ષાત્કાર કરવા માટે વેદવિશિષ્ટ દ્વિવિધ જીવનરીતિનો ઉપદેશ આપે છે.

(૧) પ્રવૃત્તિલક્ષણ – પ્રવૃત્તિ કર્મ–જેનું લક્ષણ છે તેવી જીવનરીતિ

(૨) નિવૃત્તિ લક્ષણ – નિવૃત્તિ કે સંન્યાસ જેનું લક્ષણ છે તેવી જીવનરીતિ.

પ્રવૃત્તિલક્ષણ. જીવનરીતિ "વિધિ– નિષેધનું" જ્ઞાન આપે છે. ક્યા સંજોગોમાં ક્યું કર્મ અને કેવી ભાવના નિયતિને અનુરૂપ છે? શું વિરુદ્ધ છે? નિયતિને જે કર્મો અનુરૂપ છે તેનું વિધિવિધાન છે અને પ્રતિકૂળ કર્મોનો નિષેધ છે. નિયતિથી વિરુદ્ધ કર્મો કે ભાવનાઓને પાપ કહેવાયું છે તથા તેને અનુકૂળને પુણ્ય કહ્યું છે.

નિવૃત્તિ લક્ષણ– જીવનરીતિ એ સર્વ કર્મો ત્યાગીને, આત્મચિંતન દ્વારા ઈશ્વર પ્રાપ્તિ કેમ કરવી તેનો ઉપદેશ આપે છે.

**બ્રહ્માંડને પારસ્પરિક સંવાદિતા ધારણ કરે છે. અને સંવાદિતાનું કારણ નિયતિ અથવા ઈશ્વર છે આમ ઈશ્વર જ અંતિમ ધર્મ છે.**

# :: પુરુષાર્થ :

માનવી પોતાને અપૂર્ણરૂપે અનુભવે છે. સાહજિક રીતે માનવી પોતાને અસલામત અને દુઃખી અનુભવે છે. આ સ્થિતિ અસહ્ય લાગે છે. આ અસહ્ય સ્થિતિમાંથી છૂટવા માટે માણસમાત્ર અવિરતપણે કંઈક ને કંઈક પ્રાપ્ત કરવા મથામણ કર્યા કરે છે. મનુષ્ય દ્વારા થતા આ પ્રયત્નોને પુરુષાર્થ કહેવાય છે. **"पुरुषैः अर्थ्यते प्रार्थ्यते इति पुरुषार्थः"** મનુષ્ય જેવી ઈચ્છા કરે, જે પ્રાપ્ત કરે તે પુરુષાર્થ. માનવી માત્ર દ્વારા થતા પુરુષાર્થો ચતુર્વિધ જોવા મળે છે.

(૧) ધર્મ (૨) અર્થ (૩) કામ (૪) મોક્ષ

પ્રાણીમાત્ર બે પુરુષાર્થ માટે પ્રયત્નશીલ હોય છે. પશુપંખી પણ અર્થ–કામ માટે પ્રયત્નશીલ રહે છે. જ્યારે ધર્મ અને મોક્ષ એ બે પુરુષાર્થોમાં મનુષ્યમાત્રનો જ અધિકાર છે. મનુષ્યને ભગવાને કર્મ કરવાની સ્વતંત્રતા આપી છે. તેથી ધર્મ પુરુષાર્થ આવશ્યક બને છે. તદુપરાંત માનવી સ્વસભાનતા ધરાવે છે. અને અગાઉ જણાવ્યું તેમ સ્વસભાન માનવી સ્વને અપૂર્ણ/અધૂરો અનુભવે છે. આ અપૂર્ણતામાંથી છૂટકારો એટલે મોક્ષ. આમ સ્વસભાનતાજન્ય અપૂર્ણતાને લીધે મોક્ષ પુરુષાર્થ માનવી માટે આવશ્યક બને છે.

**અર્થ :**

પ્રાણીમાત્ર સલામતિ શોધે છે, મનુષ્ય પણ શોધે છે. માનવીને સલામતિ આપનારાં સાધ્યોમાં માત્ર પૈસા જ નહીં પરંતુ સ્થાવર મિલકત, સત્તા, કીર્તિ, ઓળખાણ વગેરેનો સમાવેશ થાય છે. પ્રાણીમાત્ર અસલામતિ–ભય અનુભવે છે. તેમાંથી છૂટવા નિર્ભય થવા પોતાની જાતિને અનુરૂપ પુરુષાર્થ કરે છે. પશુ–પંખી સલામત થવા આશ્રય શોધે જ છે. અન્નનો સંગ્રહ કરતા પણ જોવા મળે છે. પરંતુ તેઓના અર્થ પુરુષાર્થની મર્યાદા સીમા હોય છે. તેઓનો પુરુષાર્થ ઈશ્વર દ્વારા નિયત થયેલો હોય છે. જ્યારે મનુષ્યમાં અર્થ પુરુષાર્થની કોઈ/સીમા જોવામાં નથી આવતી. દા.ત. ધન/સંપત્તિની પ્રાપ્તિનો પુરુષાર્થ સીમારહિત છે. અઢળક સંપત્તિ ભેગી કર્યા પછી પણ માનવી સલામતિ નથી અનુભવતો તથા તેના સંપત્તિ ઉપાર્જન/સંગ્રહોનો અંત નથી આવતો. તેવું જ સત્તા માટે છે. સંપત્તિ પછી સત્તા–જેમ જેમ સંપત્તિ કે સત્તાની પ્રાપ્તિ થતી જાય છે તેમ વધુ ને વધુ મેળવવા માનવી

**મનુષ્યને ભગવાને કર્મ કરવાની સ્વતંત્રતા આપી છે. તેથી ધર્મ પુરુષાર્થ આવશ્યક બને છે. સ્વસભાનતાજન્ય અપૂર્ણતાને લીધે મોક્ષ પુરુષાર્થ માનવી માટે આવશ્યક બને છે.**

પ્રયત્નશીલ રહે છે. આમ મનુષ્યમાં અર્થ પુરુષાર્થની સિદ્ધિની કોઈ સીમા નથી.

**કામ :**

કોઈપણ પ્રકારના ઈન્દ્રિયસુખના પુરુષાર્થને કામપુરુષાર્થ કહેવાય છે. સર્વ પ્રાણીઓ આવેગોથી પ્રેરાઈને પોતાની જે તે ઈન્દ્રિયો દ્વારા સુખ મેળવવા પ્રયત્ન કરે છે. પરંતુ પશુપંખીનો વિષયસુખનો પ્રયત્ન નિશ્ચિત અને પ્રકૃતિ દ્વારા નિયંત્રિત છે. અમુક માત્રામાં જ અને નિશ્ચિત સમયે જ, જે તે વિષયસુખનો પ્રયત્ન થશે. આવેગોથી પ્રેરાઈને પ્રાણીઓ સીમિત જ ભોગ કરશે. ગાય ઘાસ જ ખાશે–ઈંડું કે માંસ કદાપિ નહીં ખાય. પ્રાણીઓની જે તે જાતિઓમાં વિષયેચ્છા સમાન/સામાન્ય હોય છે. ભારતીય ગાય અને અમેરિકાની જર્સી ગાય બન્ને ઘાસની જ ઈચ્છા કરશે. મનુષ્યનો કામપુરુષાર્થ સીધો સાદો નથી. પરંતુ ગુંચવડાભર્યો છે. માણસ આવેગોથી પ્રેરાઈને ઈન્દ્રિયસુખ માટે પ્રયત્ન કરશે પરંતુ સાથે સાથે વ્યક્તિગત મૂલ્યો તેને જે તે વિષય તરફ દોરે છે. તદુપરાંત મનુષ્યના ઉપભોગમાં સ્થળ, સમય, સંજોગોની કોઈ મર્યાદા નથી હોતી–માનવી ઉપભોગમાં સ્વેચ્છાચારી હોય છે. માનવીની ઈચ્છાઓમાં સમાનતા નથી. અરે બે જોડકાં બાળકોની કામેચ્છા/વિષયેચ્છા ભિન્ન–ભિન્ન હોય છે. તદુપરાંત માનવીની ભોગેચ્છા બદલાતી રહેતી હોય છે. આજે જે ભોગ્ય ઈચ્છનીય હોય તે કાલે ન પણ હોય. આમ માનવીની ભોગેચ્છામાં નિશ્ચિતતા નથી પરંતુ પોતાનાં વ્યક્તિગત મૂલ્યો બદલાતાં આ ઈચ્છાઓ પણ બદલાતી હોય છે.

**ધર્મ :**

મનુષ્યને ઈશ્વરે બુદ્ધિશક્તિ આપી છે વિચારવાની નિર્ણય કરવાની સ્વતંત્રતા બક્ષી છે. તદુપરાંત માનવી કર્મ કરવા અંગે પણ સ્વતંત્રતા ધરાવે છે. **कर्तुं शक्यम् अकर्तुम् शक्यम् अन्यथा वा कर्तुं शक्यम्** આ સ્વતંત્રતાને લીધે માનવી પાસે અર્થ–કામના સાધ્ય તેમજ સાધન વિષયક વિકલ્પો રહેલા છે. આ સ્વતંત્રતા કદાપિ સ્વચ્છંદતામાં ન પરિણત થાય તે માટે ધારાધોરણો હોવાં જરૂરી છે. સ્વતંત્રતાનું નિયમન થવું જોઈએ જેથી યોગ્ય સાધ્ય/સાધન વિશે સમજણ કેળવાય. મનુષ્યનાં કર્મોનું નિયમન કરનારાં મૂલ્યોને ''નીતિ'' અથવા ''ધર્મ'' કહી શકાય. અર્થ અને કામનો પુરુષાર્થ નીતિયુક્ત અથવા ધર્મયુક્ત હોવો જોઈએ. હું મારી ઈચ્છાઓ તથા આવશ્યકતાઓની પૂર્તિ જરૂર કરું, પરંતુ આ સાધ્યોની

**મનુષ્યનાં કર્મોનું નિયમન કરનારાં મૂલ્યોને ''નીતિ'' અથવા ''ધર્મ'' કહી શકાય. અર્થ અને કામનો પુરુષાર્થ નીતિયુક્ત અથવા ધર્મયુક્ત હોવો જોઈએ.**

પૂર્તિમાં બીજાને તેઓની આવશ્યકતાઓથી વંચિત ન રાખું તે પણ અગત્યનું છે. પ્રાણીઓને નીતિ/ધર્મની આવશ્યકતા નથી કારણ કે તેઓની ઈચ્છાઓ અને કર્મો આવેગાત્મક જ હોય છે. પ્રકૃતિ દ્વારા નિયંત્રિત હોય છે. આધુનિક વ્યાખ્યા આપીએ તો પ્રાણીઓ Programmed હોય છે.

નીતિ કે ધર્મનો આધાર શાસ્ત્રો કે ધર્મગ્રંથો જ નથી. બીજાઓ પાસેથી જે વર્તન–વ્યવહારની અપેક્ષા છે તે જ નીતિનો આધાર છે. હું ઈચ્છું છું કે બીજા બધા સત્ય બોલે, પ્રામાણિક રહે, દયા–ક્ષમા દાખવે વગેરે માટે સત્ય, પ્રામાણિકતા, દયા, ક્ષમા એ નીતિ–ધર્મ છે. હું નથી ઈચ્છતો કે બીજા મારી હિંસા કરે, હું નથી ઈચ્છતો કે બીજા મારું ધન ચોરે, વગેરે. માટે અહિંસા, અસ્તેય, એ નીતિ–ધર્મ છે. પરસ્પર વ્યવહાર–વર્તનની અપેક્ષા જ નીતિ–ધર્મનો પાયો છે. **आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत्** (જે પોતાને પ્રતિકૂળ છે તેવો વ્યવહાર બીજા પ્રત્યે ન કરવો.)

આ નીતિને સામાન્ય ધર્મ કહેવાય છે. સામાન્ય ધર્મ સમજવા માટે માત્ર સામાન્ય સમજણ (COMMON SENSE) ની જ જરૂર છે. ધર્મશાસ્ત્ર જ આવશ્યક નથી. હા, ધર્મશાસ્ત્રો પણ નીતિનો ઉપદેશ આપે છે. ધર્મશાસ્ત્રો આ સામાન્ય ધર્મનો સ્વીકાર તો કરે જ છે, પરંતુ તદ્દુપરાંત વિશેષ ધર્મ (વિશિષ્ટ ફરજો)નો ઉપદેશ આપે છે. સમાજમાં માનવી સ્થાન અને રોલને અનુરૂપ વિશિષ્ટના આદેશો/ઉપદેશો છે. સર્વને માન આપવું એ સામાન્ય ધર્મ છે. પરંતુ માતા–પિતા– આચાર્યને દેવતાસમાન ગણવા તેઓને દેવ સમાન આદર આપી સેવા કરવી. આ પુત્ર/પુત્રીનો વિશિષ્ટ ધર્મ છે. ‘‘માતૃદેવો ભવ’’, ‘‘પિતૃદેવો ભવ’’...

સામાન્ય ધર્મ તથા વિશિષ્ટ ધર્મના પાલન કરવાથી માનવી વૈશ્વિક સંવાદિતા જાળવે છે. ધર્મનું પાલન કરવાથી માનવી નિયતિસ્વરૂપ ઈશ્વર સાથે સંલગ્ન થાય છે. અને ધર્મનું પાલન ન કરવાથી અધર્મનું પાલન કરવાથી નિયતિથી વિમુખ થાય છે. વેદો કહે છે કે આમ કરવાથી ‘અદષ્ટ’ ઉત્પન્ન થાય છે. વૈશ્વિક સંવાદિતા જાળવવારૂપ– ધર્મ–કર્મોથી ‘પુણ્ય’ રૂપી અદષ્ટ ઉત્પન્ન થાય છે. જયારે વૈશ્વિક સંવાદિતામાં દખલરૂપ અધર્મ કાર્યોથી પાપરૂપી અદષ્ટ ઉત્પન્ન થાય છે. ટૂંકમાં સત્કર્મોથી પુણ્ય અને દુષ્કર્મોથી પાપ ઉત્પન્ન થાય છે.

**आत्मनः प्रतिकूलानि परेषां न समाचरेत् (જે પોતાને પ્રતિકૂળ છે તેવો વ્યવહાર બીજા પ્રત્યે ન કરવો.)**

ભારતીય સંસ્કૃતિમાં 'ધર્મ' પુરુષાર્થ ચારેય પુરુષાર્થોમાં પ્રથમ સ્થાન ધરાવે છે. ભારતીય સંસ્કૃતિ અર્થ અને કામનો પુરુષાર્થ ધર્મમય હોવો આવશ્યક ગણે છે. માત્ર એટલું જ નહીં પરંતુ આપણું આખું જીવન ધર્મપ્રધાન હોવું જરૂરી છે. મનુષ્યજન્મ ધર્મમય જીવન જીવવા માટે જ છે. "**शरीरमाद्यम् खलु धर्मसाधनम्**"... ધર્મથી વિમુખ અર્થ અને કામ ક્યારેય ગ્રહણ ન કરવા તેમજ ધર્મ માટે અર્થ કામનો ભોગ આપવો એ ભારતીય સંસ્કૃતિનું જીવનદર્શન છે. સામાન્ય ધર્મ સત્યના પાલન માટે દશરથરાજાએ પ્રાણની પણ આહુતિ આપી દીધી. આ જ ધર્મના પાલન અર્થે નચિકેતાને તેના પિતાએ યમલોક મોકલી દીધો. યુદ્ધરૂપી વિશિષ્ટ ક્ષાત્રધર્મના પાલન અર્થે શ્રી કૃષ્ણે અર્જુનને ગીતોપદેશ આપ્યો. શ્રી વેદવ્યાસજી મહાભારતમાં કહે છે. **ऊर्ध्वबाहु**...

**મોક્ષ :**

ધર્મ પુરુષાર્થની જેમ મોક્ષ એ મનુષ્યનો વિશિષ્ટ–આગવો પુરુષાર્થ છે. ધર્મનું પાલન કરવાથી ફરજ બજાવવાથી કાળાંતરે વિવેક ઉદ્ભવે છે. વિવેકને લીધે દ્વિવિધ સ્પષ્ટતા આવે છે.

(૧) અર્થ અને કામના પુરુષાર્થ દ્વારા મારે મૂળભૂત રીતે નિરતિશય (અમર્યાદિત) સુખ જોઈએ છે. હુ નિરંતર પૂર્ણ સુખ ઝંખું છું.

(૨) ગમે તેટલી વિશાળ માત્રામાં અર્થ–કામનું ઉપાર્જન થવા છતાં પૂર્ણ સુખ પ્રાપ્ત થતું નથી.

આ બે સમજણોને લીધે માનવી અનંત સુખની શોધ આદરે તેને ભારતીય સંસ્કૃતિમાં મોક્ષને પુરુષાર્થ કહેવાય છે. આ અનંત સુખની પ્રાપ્તિને જ ઈશ્વરપ્રાપ્તિ અથવા આત્મપ્રાપ્તિ કહે છે.

મનુષ્ય કોઈ પણ જ્ઞાતિનો હોય, કોઈ પણ ઉંમર/અવસ્થામાં હોય– કોઈપણ રાષ્ટ્રનો નાગરિક હોય, કે કોઈપણ સંપ્રદાયનો અનુયાયી હોય, માનવી માત્ર પૂર્ણ સુખને જ ઝંખે છે. માનવી માત્ર મોક્ષ ઝંખે છે. માનવી માત્ર મુમુક્ષુ છે. માનવી અણુ માત્ર જેટલું દુઃખ ઈચ્છતો નથી. હરહંમેશા પૂર્ણ સુખની જ ઝંખના કરે છે.

**ધર્મથી વિમુખ અર્થ અને કામ ક્યારેય ગ્રહણ ન કરવા તેમજ ધર્મ માટે અર્થ કામનો ભોગ આપવો એ ભારતીય સંસ્કૃતિનું જીવનદર્શન છે.**

**મનુષ્ય કોઈ પણ જ્ઞાતિનો હોય, કોઈ પણ ઉંમર/અવસ્થામાં હોય- કોઈપણ રાષ્ટ્રનો નાગરિક હોય, કે કોઈપણ સંપ્રદાયનો અનુયાયી હોય, માનવી માત્ર પૂર્ણ સુખને જ ઝંખે છે.**

ભારતીય સંસ્કૃતિમાં–વૈદિક દર્શનમાં આ વાસ્તવિકતાનું સ્પષ્ટ અનુમોદન અને પ્રતિપાદન કરવામાં આવ્યું છે. ભારતીય સંસ્કૃતિ મોક્ષને જ જીવનધ્યેય રૂપે સ્વીકારે છે. જે માનવજીવનની વાસ્તવિકતા છે. માટે જ સર્વ માનવીઓ માટે જીવનનો અંતિમ પડાવ– અંતિમ આશ્રમ સંન્યાસ આશ્રમ હતો. વેદપ્રતિપાદિત નિવૃત્તિધર્મ એજ આ પરમ ધ્યેયનું શ્રેષ્ઠ સાધન છે. શ્રીમદ્ ભગવદ્‌ગીતા મોક્ષપ્રાપ્તિ (આત્મપ્રાપ્તિ) કરાવનારો ગ્રંથછે. શ્રી કૃષ્ણએ અર્જુનને ઉપદેશોનું જ્ઞાન માનવ માત્રને ઉપયોગી છે. ઉપનિષદોનો સારરૂપ ભગવદ્‌ગીતા ભારતીય સંસ્કૃતિની વિશ્વને અનુપમ ભેટ છે.

**ઉપનિષદોનો સારરૂપ ભગવદ્‌ગીતા ભારતીય સંસ્કૃતિની વિશ્વને અનુપમ ભેટ છે.**

# :: કર્મનો સિદ્ધાંત :

ભારતીય સંસ્કૃતિ કર્મના સિદ્ધાંતનું–પુનર્જન્મના સિદ્ધાંતનું દૃઢ અનુમોદન કરે છે. પુણ્યકર્મથી સારી યોનિ મળે અને પાપ કરવાથી અધોયોનિ પ્રાપ્ત થાય. આ વાસ્તવિકતાને ખ્યાલમાં રાખીને સંસ્કૃતિમાં ધર્માનુરાગી માનવો વસે છે. ગૃહસ્થાશ્રમના ભોગ ભોગવતા પણ ગૃહસ્થીઓ ધર્મનું ઉપાર્જન કરે છે.

પુનર્જન્મ હોવાનું પ્રતિપાદન શાસ્ત્રોમાં છે. સાથે સાથે તે અંગેનો તર્ક પણ ઉપલબ્ધ છે. ભૌતિક વિજ્ઞાન આજે એ નિષ્કર્ષ પર આવ્યું છે, કે કોઈપણ વસ્તુ જે અત્યારે છે – અત્યારે અસ્તિત્વ ધરાવે છે, તેનો સંપૂર્ણ નાશ શક્ય નથી. દ્રવ્યનું (Mater નું) અંતિમ સત્ય ઊર્જા છે. કોઈપણ વસ્તુનો નાશ એ તેનો અંત નથી પરંતુ તે વસ્તુ તે ઊર્જાનું રૂપાંતર છે. એક રૂપનો નાશ થતાં ઊર્જા બીજારૂપે અસ્તિત્વ ધરાવે જ છે. જેનું અસ્તિત્વ જ ન હોય જે અભાવરૂપ હોય તેમાંથી ભાવરૂપ/હોવારૂપ કોઈ વસ્તુ ઉત્પન્ન કરી શકાતી નથી. વેદમાં પ્રલયનો ઉલ્લેખ છે. પ્રલય એટલે સમગ્ર બ્રહ્માંડનો નાશ નહીં પરંતુ સ્વરૂપ અવસ્થાનો ત્યાગ કરી બ્રહ્માંડની સૂક્ષ્મ અવસ્થા. જેમ કે બીજમાં વૃક્ષ અર્થાત્ બીજી અવસ્થા વૃક્ષની પ્રલય અવસ્થા કહી શકાય.

આ જગતમાં દ્રવ્ય અને ઊર્જાની સાથે સાથે 'જીવાત્મા' (ચેતન આત્મા) પણ અસ્તિત્વ ધરાવે છે. જો ઊર્જાનો સદંતર વિનાશ ન થતો હોય તો ચેતન જીવાત્માનો કેવી રીતે શક્ય છે. સ્થૂળ શરીરનો અંત આવતાં સ્થૂળ શરીરનું મૃત્યુ થતાં, શરીરસ્થ, જીવાત્માનો અંત નથી આવતો.

તદુપરાંત આ જગતમાં નિષ્કારણ તેવી ઘટનાઓ બનતી નથી. કોઈપણ ઘટનાનું નિર્માણ થવામાં અનેક કારણો જવાબદાર હોય છે. કારણો જ્ઞાત કે અજ્ઞાત હોય પરંતુ તે કારણનું પણ કારણ હોય છે. આમ બધું જ સકારણ હોય છે અને દરેક કારણનું કાર્ય હોય છે.

કોઈ જીવાત્માનો જે તે લિંગમાં જે તે યોનિમાં, વિશિષ્ટ મા–બાપ દ્વારા વિશિષ્ટ સ્થાને જન્મ થાય છે, તે માટે જીવાત્માનાં પૂર્વકર્મો કારણભૂત છે. જગતમાં જોવામાં આવતી વિષમતા માટે પણ પૂર્વકૃત સ્વકર્મો જ જવાબદાર લેખી શકાય. વૈજ્ઞાનિકો દ્વારા એવા દુર્લભ કિસ્સાઓ પણ નોંધવામાં આવ્યા છે કે જ્યારે

**ભારતીય સંસ્કૃતિ કર્મના સિદ્ધાંતનું-પુનર્જન્મના સિદ્ધાંતનું દૃઢ અનુમોદન કરે છે. પુણ્યકર્મથી સારી યોનિ મળે અને પાપ કરવાથી અધોયોનિ પ્રાપ્ત થાય.**

જીવાત્માને પોતાનો પુનર્જન્મ યાદ હોય આવી ઘટનાઓ પુનર્જન્મના સિદ્ધાંતની પૂર્તિ કરે છે.

(૧) ભારતીય સંસ્કૃતિમાં પુનર્જન્મનો સ્વીકાર છે. પુનર્જન્મની સ્વીકૃતિ આપણને એ દઢ કરવા માટે છે કે પાપ કે દુષ્કર્મનું દુઃખરૂપી ફળ ભવિષ્યમાં ભોગવવું જ પડશે, તદુપરાંત પુણ્ય કે સત્કર્મનું ફળ ભવિષ્યમાં અવશ્ય મળે જ છે.

(૨) સત્કર્મો દ્વારા ભાવિ જન્મ સારો મળે. સત્કર્મ દ્વારા સ્વર્ગ પ્રાપ્તિની ચર્ચા છે. સ્વર્ગ જરૂર ઈચ્છનીય છે. પરંતુ ભારતીય સંસ્કૃતિમાં સ્વર્ગ કે બીજા કોઈ દિવ્યલોકની પ્રાપ્તિ એ જીવનનું અંતિમ ધ્યેય નથી રહ્યું. સ્વર્ગ કે બીજા દિવ્યલોક અનિત્ય છે. ત્યાં પ્રાપ્ત થતું સુખ ભલે કદાચ દીર્ઘકાળ સુધી મળે પરંતુ તે નાશવન્ત છે. અને માનવમાત્રને અવિનાશી/અનંત સુખ જોઈએ છે. માટે મોક્ષ જ જીવનનું અંતિમ ગંતવ્ય છે.

**हरिणाऽपि हरेणाऽपि ब्रह्मणाऽपि सुरैरपि ।**
**ललाटलिखिता रेखा परिमार्ष्टुम् न शक्यते ।।**
**अवश्यम् अनुभोक्तव्यम् कर्मफलं शुभाशुभम् ।**
**नाऽयुक्तं क्षीयते कर्म कल्पकोटिशतैरपि ।।**

શ્રી હરિદ્વારા કે શ્રી હર (શંકરજી) દ્વારા કે બ્રહ્માજી દ્વારા કે દેવતાઓ દ્વારા લલાટમાં લખાયેલી રેખા ભૂંસી શકાતી નથી. શુભ કે અશુભ કર્મફળ અવશ્ય ભોગવવું જ પડે છે. કરોડો કલ્પો વીતી જાય તો પણ ન ભોગવેલા કર્મફળનો નાશ થતો નથી.

કર્મફળના સિદ્ધાંત દ્વારા આપણને એ કહેવામાં આવે છે કે આપણી સ્વતંત્રતાનો ઉપયોગ કરવામાં આપણે વિવેકશીલ બનવું જોઈએ. આપણે એવાં કાર્યો ન કરીએ કે જેથી ભવિષ્યમાં પીડા ને દુઃખ થાય. આપણે એવાં કર્મો કરવા પ્રત્યે જાગરૂક થઈએ કે જેથી ભવિષ્યમાં આપણને સુખ-આનંદ થાય.

**પુનર્જન્મની સ્વીકૃતિ આપણને એ દઢ કરવા માટે છે કે પાપ કે દુષ્કર્મનું દુઃખરૂપી ફળ ભવિષ્યમાં ભોગવવું જ પડશે, તદુપરાંત પુણ્ય કે સત્કર્મનું ફળ ભવિષ્યમાં અવશ્ય મળે જ છે.**

# :: વૈજ્ઞાનિક ક્ષેત્રે સાંસ્કૃતિક વારસો :

ભારતીય સંસ્કૃતિનો પ્રાચીનતમ પ્રવાહ ''વૈદિક વિચાર પ્રવાહ'' છે હજારો વર્ષોથી ગંગાજીના અવિરત પ્રવાહની જેમ ગુરુ–શિષ્ય પરંપરા દ્વારા આ પ્રવાહ અવિરત વહી રહ્યો છે. આ દેશના ગુરુજનો પાસે પૃથ્વીપરના બધા લોકો આવ્યા અને જીવનના માર્ગને સુખમય બનાવવાની વિવિધ શિક્ષા પ્રાપ્ત કરી અને તેનો પ્રચાર પોતાના દેશમાં જઈને કરતા હતા તેથી સમગ્ર વિશ્વના જ્ઞાન અને કલાની ગંગોત્રી–ઉદ્‌ભવસ્થાન ભારતમાં જ હતું. સમગ્ર સંસારને જીવનજ્ઞાન પ્રદાન કરવાનું માન ભારતને ફાળે જ જાય છે.

કોઈપણ દેશનાં સાંસ્કૃતિક વિકાસના પાયામાં આર્થિક સમૃદ્ધિ અને શાંતિ પ્રથમ આવશ્યકતા છે. ભારતમાં આર્થિક સમૃદ્ધિ પારાવાર હતી. પણ એ સમૃદ્ધિ આજના ભૌતિકવાદી દેશો જેવી ન હતી તેના પાયામાં સર્વથા અને સર્વદા ત્રિવિધ શાંતિ રહેલી હતી. ઋષિઓની ઘોષણા બુલંદ હતી–ૐ **शांतिः शांतिः शांतिः।** એનો અર્થ છે વ્યક્તિગત શાંતિ, સામાજિક શાંતિ, અને વૈશ્વિક શાંતિ... ઋષિઓએ આવી ઉચ્ચતર શાંતિનો પ્રસાર રાજ્ય સમાજ અને માનવીના વ્યક્તિગત જીવનમાં સહજ રીતે કર્યો તેથી સમગ્ર સમાજ માટે પ્રાર્થના કરી–

**सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः ।**

**सर्वे भद्राणि पश्यन्तु मां कश्चित् दुःखभाग् भवेत् ।।**

આ પ્રાર્થનાને ચરિતાર્થ કરતી, શરીર અને મનની સ્વસ્થતા માટેની, આખા વિશ્વમાં સૌપ્રથમ ચિકિત્સાપદ્ધતિ એટલે આયુર્વેદ. આર્યુવેદ એ ઋગ્વેદનો ઉપવેદ છે. આયુર્વેદનાં મૂળ અથર્વવેદમાં પણ જોવામાં આવે છે. આયુર્વેદ માત્ર મનુષ્યની જ ચિકિત્સા માટે નથી. આયુર્વેદના પેટા વિભાગ **अश्वायुर्वेद, गजायुर्वेद, गत्यायुर्वेद** તથા **वृक्षायुर्वेद**... વગેરે અનુક્રમે ઘોડા, હાથી, ગાય અને વૃક્ષો માટેનાં ચિકિત્સાશાસ્ત્રો છે. આવા ગ્રંથો એ સ્પષ્ટ સૂચવે છે કે ભારતીય સંસ્કૃતિમાં પશુપંખી વિજ્ઞાન (ZOOLOGY) અને વનસ્પતિવિજ્ઞાન (BOT.ONY) ખૂબ માત્રામાં વિકસિત હતું. આર્યુવેદમાં રસાયણશાસ્ત્રોનું જ્ઞાન પણ ઉપલબ્ધ હતું કે જેથી ભિન્ન–ભિન્ન રસાયણોનું મિશ્રણ કરી માનવશરીર

**સમગ્ર વિશ્વના જ્ઞાન અને કલાની ગંગોત્રી-ઉદ્‌ભવસ્થાન ભારતમાં જ હતું. સમગ્ર સંસારને જીવનજ્ઞાન પ્રદાન કરવાનું માન ભારતને ફાળે જ જાય છે.**

તેમજ પશુ-પંખીની ચિકિત્સા થતી હતી મણિ/માણેક અને ધાતુઓ પણ દવાઓ બનાવવામાં ઉપયુક્ત થતા હતા. વેદ, રામાયણ, મહાભારત, પુરાણો, વગેરે ગ્રંથોમાં સોનું, લોઢું, તાબું, ચાંદી, સીસું, ટીન, કાંસું વગેરે ધાતુઓનો ઉલ્લેખ જોવામાં આવે છે. આમ ધાતુવિજ્ઞાન પણ ભારતીય સંસ્કૃતિમાં સુવિકસિત હતું જુદી જુદી વનસ્પતિઓમાંથી તૈયાર કરેલાં રસાયણો દવામાં ઉપયુક્ત થતાં. આમ વનસ્પતિના ગુણોની શરીરના સ્વાસ્થ્ય પર શી-શી અસર થતી તેનું ગહન જ્ઞાન ભારતીય સંસ્કૃતિમાં છે. નાગાર્જુન નામના આયુર્વેદાચાર્યએ આખા વિશ્વને પારાની શોધ આપી અને તેનો (પારાનો) દવામાં કેવો ઉપયોગ કરવો તે પણ તેમણે વિશ્વને દર્શાવ્યું ચરક અને સુશ્રુત નામના મહાન આયુર્વેદાચાર્યો આ જ સંસ્કૃતિની ઊપજ છે, જેઓએ શસ્ત્રક્રિયાનો (OPERATION)નો પણ ઉપદેશ આપ્યો.

આર્યભટ્ટ નામના સુવિખ્યાત ખગોળશાસ્ત્રી અને વિજ્ઞાનશાસ્ત્રી આ જ સંસ્કૃતિની ઊપજ છે. ત્રિકોણમિતિ શબ્દનો સૌ પ્રથમ પ્રયોગ તેમણે કર્યો હતો. વર્તમાન ગણિતમાં ભણાવવામાં આવતાં અનેક સૂત્રોના તેઓ પ્રણેતા છે. આ જ આપણા ખગોળશાસ્ત્રીએ સદીઓ પહેલાં પ્રતિપાદિત કર્યું કે પૃથ્વી ગોળ છે. **भूगोलः (भूः (पृथ्वी) गोलः** (ગોળ છે). શબ્દનો પ્રયોગ આપણી સંસ્કૃતિમાં સદીઓથી છે. સૂર્યગ્રહણ અને ચંદ્રગ્રહણ પૃથ્વીની છાયાથી જ ઉદ્ભવે છે. તેવું વૈજ્ઞાનિક પ્રતિપાદન સૌ પ્રથમ આ જ વૈજ્ઞાનિકે કર્યું હતું.

પ્રાચીન ભારતના વૈજ્ઞાનિક ભાસ્કરાચાર્ય એ ભુવનકોશ નામનો ગ્રંથ લખ્યો છે. તેમાં તેઓએ લખ્યું છે કે પૃથ્વી પોતાની આકર્ષણશક્તિની ભારે વસ્તુઓને પોતાની તરફ ખેંચે છે. અને એ આકર્ષણને લીધે વસ્તુઓ જમીન પર પડે છે. આકાશમાં વિવિધ ગ્રહોની આકર્ષણશક્તિને લીધે આકાશનું સન્તુલન જળવાય છે. આમ વિશ્વમાં ગુરુત્વાકર્ષણના નિયમનો શોધક ન્યૂટન ભલે કહેવાતો હોય પરંતુ મૂળ શોધક ભાસ્કરાચાર્ય જ છે.

જ્યોતિષશાસ્ત્રમાં ગ્રહોનાં સ્થાન અને ગ્રહોની ગતિની વિસ્તૃત છણાવટ કરે છે. જ્યોતિષશાસ્ત્રમાં ASTRONOMY SCIENCE (ખગોળવિજ્ઞાન)નો પણ અભ્યાસ છે. સિદ્ધાંતસ્કંધ નામના જ્યોતિષશાસ્ત્રના વિભાગમાં અંકગણિત, બીજગણિત અને ભૂમિવિજ્ઞાન છે. વરાહમિહિર નામના પ્રાચીન

**આ જ આપણા ખગોળશાસ્ત્રીએ સદીઓ પહેલાં પ્રતિપાદિત કર્યું કે પૃથ્વી ગોળ છે. भूगोलः (भूः (पृथ्वी) गोलः (ગોળ છે). શબ્દનો પ્રયોગ આપણી સંસ્કૃતિમાં સદીઓથી છે.**

જ્યોતિષશાસ્ત્રીએ સૂર્યસંહિતા, પંચસિદ્ધાંત બૃહત્સંહિતા વગેરે ગ્રંથોની રચના કરી છે જેમાં ખગોળશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર, પ્રાણીશાસ્ત્ર તથા શરીરવિજ્ઞાન ક્ષેત્રનું વિસ્તૃત જ્ઞાન ઉપલબ્ધ છે.

વિશ્વભરના વૈજ્ઞાનિકો સ્વીકારે છે કે કોમ્પ્યુટરમાં ઉપયુક્ત કરવા માટે સંસ્કૃત ભાષા એ શ્રેષ્ઠ માધ્યમ છે.

યુક્તિકલ્પતરુ નામના ગ્રંથમાં નૌકાશાસ્ત્ર વિસ્તૃત સમજાવવામાં આવ્યું છે. રામાયણમાં, મહાભારતમાં યંત્રચાલિત નાવનો ઉલ્લેખ છે.

વૈદિક આખ્યાનોમાં ગુત્સમદ ઋષિનો ઉલ્લેખ છે. તેમાં વર્ણન આવે છે કે તેમણે સૌ પ્રથમ કપાસનો છોડ વાવી કપાસનું ઉત્પાદન શરૂ કર્યું. કપાસમાંથી વસ્ત્ર બનાવવાનો ઉલ્લેખ પણ વેદમાં આ જ આખ્યાનમાં જોવામાં આવે છે. વિશ્વના પ્રાચીનતમ ગ્રંથમાં કૃષિવિજ્ઞાન વિષયક મંત્રો છે. ભારતીય સંસ્કૃતિના ધ્વનિ તથા વાણીવિજ્ઞાનના સિદ્ધાંતો આજે પણ વૈજ્ઞાનિકોને સત્યરૂપ દેખાય છે.

**વિશ્વભરના વૈજ્ઞાનિકો સ્વીકારે છે કે કોમ્પ્યુટરમાં ઉપયુક્ત કરવા માટે સંસ્કૃત ભાષા એ શ્રેષ્ઠ માધ્યમ છે.**

# :: આપણો ભવ્ય કલાવારસો ::

વિશ્વમાં એશિયાખંડ વિસ્તાર અને જનસંખ્યાની દૃષ્ટિએ સૌથી મોટો ખંડ છે. એશિયા ખંડમાં વિશ્વને સાંસ્કૃતિ રીતે સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસો પ્રદાન કરનાર ભારત દેશનું સ્થાન અતિ મહત્ત્વનું છે, મોકાનું છે અને જેની ધરતી સુજલામ્ અને સુફલામ્ હોવાને કારણે પ્રાકૃતિક સમૃદ્ધિ પણ વિશેષ છે. આવી વિશિષ્ટ સમૃદ્ધિને કારણે માનવમનનું વિશિષ્ટ ખેડાણ થયું છે અને એક આગવી સંસ્કૃતિનું સર્જન થયું છે.

સાહિત્યમાં ચોંસઠ કલાઓનો ઉલ્લેખ છે પરંતુ કેટલીક કલાઓ વિશિષ્ટ હતી.

બારીક વણાટ ગૂંથણકામ વણાટકામ વિશ્વમાં વખણાતું. રોમની સુંદરીઓ ભારતીય વસ્ત્રપરિધાનમાં ગર્વ લેતી તેવી નોંધ ત્યાંના ઈતિહાસકાર પ્લીનીએ કરી છે. આ શોખને કારણે જ રોમનું સોનું ભારતમાં ઢસડાઈ જાય છે. પટોળાં, બાંધણી, કાંજી સાડીઓ, કાશ્મીરી ગાલીચાઓના કસબ, પાટણનાં પટોળાં, રંગ અને વણાટમાં બેનમૂન ગણાતાં. કચ્છનું ભરત અને ગૂંથણ યંત્રને શરમાવે તેવા બારીક હોય છે.

ભારતીય સંસ્કૃતિમાં મોતીકામ અને મીનાકારીગરીની કલા પણ મોખરે હતી. ભારતમાં હીરામોતી પુષ્કળ પ્રમાણમાં મળે છે. હીરા મોતીનાં કલાત્મક આભૂષણો બનાવવા ભારતમાં અઢળક સોનું વપરાય છે. અને સદીઓથી ભારતના કારીગરો મીનાકારીગરીવાળાં આભૂષણો, મોતીકામ વગેરેમાં વિશ્વમાં બિનહરીફ રહ્યા છે.

કલાઓમાં ચિત્ર કલાનું સ્થાન મોખરે છે. વિષ્ણુપુરાણમાં કહેવાયું છે કે પર્વતોમાં સુમેરુ, પંખીઓમાં ગરુડ અને મનુષ્યમાં રાજા મુખય છે તેમ સર્વ કલાઓમાં ચિત્ર મુખ્ય છે. લગભગ ૫૦૦૦ વર્ષ પૂર્વે હડપ્પા સંસ્કૃતિના અવશેષોમાંથી ભારતીય ચિત્રકલાના પુરાવાઓ મળે છે. ગુફાચિત્રોમાં વિવિધ પ્રાણીઓ અને પક્ષીઓનાં આલેખન થયાં છે. હડપ્પાના લોકો માટીનાં વાસણો પર વિવિધ ભાત પાડતા હતા. અજંતા અને ઈલોરાનાં ચિત્રો ચિત્રકલાના અજોડ નમૂના છે.

**એશિયા ખંડમાં વિશ્વને સાંસ્કૃતિ રીતે સમૃદ્ધ અને વૈવિધ્યપૂર્ણ વારસો પ્રદાન કરનાર ભારત દેશનું સ્થાન અતિ મહત્ત્વનું છે.**

સ્વર, તાલ અને લયની દૃષ્ટિએ ભારતીય સંગીત વિશ્વભરમાં અલગ તરી આવે છે. સંગીતમાં ગાયન અને વાદનનો સમાવેશ થાય છે. ભારતીય સંગીતમાં પાંચ રાગ છે. (૧) શ્રી (૨) દીપક (૩) હિંડોળ (૪) મેઘ (૫) ભૈરવી.

આ પાંચ રાગ ભગવાન શંકરના પંચમુખેથી ઉત્પન્ન થયા હોવાનું કહેવાય છે. 'સામવેદ' નામનો વેદ સંગીતની ગંગોત્રી છે.

નારદ નામના સંગીતશાસ્ત્રીએ 'સંગીતમકરંદ' નામના ગ્રંથમાં ૧૯ પ્રકારની વીણા અને ૧૦૧ પ્રકારના તાલ વર્ણવ્યા છે.

પંડિત વિષ્ણુનારાયણ લિખિત 'સંગીતરત્નાકર' ગ્રંથ વિશ્વભરમાં સંગીતનાં અંગો સમજવા માટે અજોડ છે.

પંડિત અહોબલ 'સંગીતપારિજાત' નામના પોતાના ગ્રંથમાં વિવિધ રાગ એકબીજાથી સ્વતંત્રઅસ્તિત્વ અને વિશિષ્ટતા ધરાવે છે. તેવું દર્શાવી ૨૯ પ્રકારના સ્વરો ગણાવ્યા છે.

તાલ અને લય સાથે કાવ્યના અર્થ મુજબ અભિનયથી સૌન્દર્યની અનુભૂતિ કરાવવાનું સાધન નૃત્ય છે.

ભારતના શાસ્ત્રીય નૃત્યના પ્રકારોમાં ભરત નાટ્યમ્ કુચીપુડી, કથકલી, કથક, ઓડિસી અને મણીપુરી મુખ્ય છે. ભરતમુનિ રચિત 'નાટ્યશાસ્ત્ર' અને નદીકેશ્વર રચિત 'અભિનવ દર્પણ' એ બે ગ્રંથો ભરતનાટ્યમ્‌ના આધાર સ્રોત છે. દૂર પૂર્વના દેશોમાં આજે પણ ભરતમુનિને લોકો પૂજે છે. શ્રાદ્ધવિધિમાં તર્પણ કરી તેને શ્રદ્ધા સુમન અર્પે છે.

**નૃત્યના આદિગુરુ દેવાધિદેવ મહાદેવ 'નટરાજ' મનાય છે.**

# :: આપણા શિલ્પ અને સ્થાપત્ય ::

ભારતભૂમિ તેની વિવિધ કલાઓ માટે વિશ્વભરમાં સુપ્રસિદ્ધ છે. તે બધી કલાઓમાં શિલ્પ-સ્થાપત્યનો વારસો લાંબો અને ઐતિહાસિક છે. ભારત એક અધ્યાત્મપ્રધાન દેશ છે. તેથી ભારતીય કલા સદૈવ ધર્મપ્રધાન રહી છે.

ભારત પ્રાચીન કાળથી નગરઆયોજન નિપુણતા ધરાવતું હતું જેનો પુરાવો કચ્છના 'ધોળાવીરા'ને ગણાવી શકાય.

હડપ્પન સંસ્કૃતિમાંથી મળી આવેલાં નગરોમાં મોહેં-જો-દડો નગરઆયોજનની રીતે શ્રેષ્ઠ હતું. રસ્તાઓ, રાત્રીપ્રકાશની વ્યવસ્થા, સાફસૂફીની વ્યવસ્થા, ભૂગર્ભ ગટર યોજનાઓ, જાહેર સ્નાનાગાર કોઠારો, સભાખંડ અને સૈનિક બેરેક મળી આવ્યાં છે.

શિલ્પ, સ્થાપત્ય, કલા તથા નગરઆયોજનના આ બધા નમૂના ભારતવર્ષની હજારો વર્ષ પુરાણી કલાસાધનાના મૂક સાક્ષી છે. ભારતીય કલાની કીર્તિગાથા ગાતો આ ઉત્તમ વારસો વિશ્વભરમાં ભારતને સારે જહાંસે અચ્છા હિંદોસ્તાઁ બનાવે છે.

આ ઉપરાંત અનેક સ્તૂપો, સ્તંભો, શિલાલેખો પણ આજે ઈતિહાસ કહેતા ઊભા છે.

ગાંધાર શૈલી અને મધુર શૈલીનાં શિલ્પો દ્રવિડ શૈલી, ગુફા સ્થાપત્ય રથમંદિરો, શિખરબંધ મંદિરો, ગોપુર સ્થાપત્ય, અને સૂર્યમંદિરો આજે પણ ભારતીય શિલ્પ-સ્થાપત્યકલાનો સુવર્ણયુગ દર્શાવતાં અડીખમ ઊભા છે અને વિશ્વભરના પ્રવાસીઓને આશ્ચર્યના સાગરમાં ડુબાડે છે.

**ભારત એક અધ્યાત્મ પ્રધાન દેશ છે.**
**તેથી ભારતીય કલા સદૈવ ધર્મપ્રધાન રહી છે.**

# :: આપણી પવિત્રતાની વિભાવના :

સનાતન ધર્મ સિવાય વિશ્વના બધા જ સંપ્રદાયો ઈશ્વરને આસ્થા/શ્રદ્ધાનો (FAITH) વિષય લખે છે. માટે જ ધર્મોને (FAITH) કહેવાય. સનાતન ધર્મ અથવા ભારતીય સંસ્કૃતિનું ઈશ્વરદર્શન ભિન્ન છે. ઈશ્વર જ્ઞાનનો-સ્વઅનુભૂતિનો વિષય છે. ઈશાવસ્યોપનિષદ્‌નો પ્રચલિત મંત્ર છે. **ईशावास्यं इदं सर्वम्...** આ આખું બ્રહ્માંડ ઈશ્વરમય જ છે. નરસિંહ મહેતાનું પ્રચલિત ભજન,

"અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રી હરિ જુજવે રૂપે અનંત ભાસે..."

ઈશ્વર ક્યાંક ઉપર સ્વર્ગમાં રહે છે એવું ભારતીય દર્શન નથી. પરંતુ આખા બ્રહ્માંડના કણ કણમાં અને ઘટ-ઘટમાં ઈશ્વર વ્યાપ્ત જ છે. ભારતીય સંસ્કૃતિમાં ઈશ્વર સર્વવ્યાપી છે.

માટે કોઈપણ જ્ઞાન, એ સર્વજ્ઞ ઈશ્વરની અભિવ્યક્તિ હોવાથી આપણા માટે પવિત્ર છે. જ્ઞાન આપનારુ પુસ્તક ઈશ્વરની જેમ પૂજ્ય છે. જ્ઞાનપ્રાપ્તિનું સ્થાનક શાળા કે મહાવિદ્યાલયમાં જ્ઞાનસ્વરૂપ ઈશ્વરનો નિવાસ હોવાથી ભારતીય સંસ્કૃતિમાં શાળા એ મંદિર છે. પુસ્તક પર ભૂલથી પગ મૂકાઈ જતાં આપણે ક્ષમા માંગીએ મા સરસ્વતીને જ્ઞાનસ્વરૂપ ઈશ્વરના પ્રતીકરૂપે આપણે પૂજીએ છીએ.

કણ કણમાં ઈશ્વરનો વાસ છે માટે મારા શરીરમાં પણ તેનો જ વાસ છે. તે ઈશ્વર સર્વવ્યાપી છે. મારા શરીરમાં પણ તેનો વ્યાપ છે. માટે આપણા શરીરને ઈશ્વરનું નિવાસસ્થાન ગણીને આપણી સંસ્કૃતિમાં સ્નાન એ માત્ર શરીર સાફ કરવાની પ્રક્રિયા નથી. પરંતુ હૃદયસ્થ ઈશ્વરનો અભિષેક છે. માટે જ

**गंगे च यमुने चैव गोदावरि सरस्वति ।**
**नर्मदे सिंधु कावेरि जलेऽस्मिन् संनिधिं कुरु ॥**

એમ બોલીને સ્નાન કરતાં પહેલાં જળમાં તીર્થજળનું આપણે આવાહન કરીએ છીએ. આ શરીરમાં ઈશ્વરનો નિવાસ છે તેની પ્રતીતિરૂપે આપણે કપાળમાં ચાંલ્લો કરીએ છીએ.

આખા બ્રહ્માંડમાં ઈશ્વરનો વાસ છે તેથી ભારતીય સંસ્કૃતિમાં બધું જ પવિત્ર છે, બધું પૂજ્ય છે. ઈશ્વર ભૂમિરૂપે છે તેથી ભારતીય સંસ્કૃતિમાં ભૂમિપૂજન

**આખા બ્રહ્માંડમાં ઈશ્વરનો વાસ છે તેથી**
**ભારતીય સંસ્કૃતિમાં બધું જ પવિત્ર છે, બધું પૂજ્ય છે.**

થાય છે. આકાશ, વાયુ, અગ્નિ, જળ અને પૃથ્વી બધા જ રૂપે ઈશ્વર છે. તેથી પંચમહાભૂતોની આપણે પૂજા કરીએ છીએ. પર્વતરૂપે, નદીરૂપે, વૃક્ષરૂપે... સર્વરૂપે ઈશ્વર જ છે તેથી ગિરિરાજ, ગંગાજી, પીપળો વગેરેની આપણે પૂજા કરીએ છીએ.

ભારતીય સંસ્કૃતિમાં કળાઓ પવિત્ર છે. સંગીત અને નૃત્ય માત્ર મન બહેલાવવા માટે નથી પરંતુ ઈશ્વરની આરાધનાનું સાધન છે.

બધું જ ઈશ્વરમય હોવાથી, સર્વરૂપો ઈશ્વરનાં હોવાથી ભારતીય સંસ્કૃતિમાં અનેક દેવતાઓની પૂજા થાય છે. બધા જ દેવતાઓ, ગણપતિ, શિવજી, શ્રીકૃષ્ણ, શ્રી રામ, દુર્ગા, સરસ્વતી... વગેરે એક જ ઈશ્વરની ભિન્ન-ભિન્ન અભિવ્યક્તિ છે. માત્ર હિંદુ દેવ-દેવીઓ જ નહીં પરંતુ કોઈપણ સંપ્રદાય કે ધર્મના ઈશ્વરને જે રૂપે માનવામાં આવે તે રૂપ એક જ ઈશ્વરનું છે. માટે જ આ સંસ્કૃતિમાં ઉછરેલી એક વ્યક્તિ માટે બીજા ધર્મ કે સંપ્રદાયના દેવતા પૂજ્ય છે.

ઈશ્વર જ બધું છે આ સાંસ્કૃતિક જ્ઞાનને લીધે બધા જ સંપ્રદાય/ધર્મો આ સંસ્કૃતિમાં આવકાર્ય-સ્વીકાર્ય છે, સર્વનો આદર છે. બીજા ધર્મની નિંદા નથી, બીજા ધર્મ કે સંપ્રદાયના અનુયાયીઓ માટે દ્વેષ કે અસહિષ્ણુતા નથી, પરંતુ પ્રેમ અને સહકારની ભાવના છે.

ભગવાન એક છે એમ નહીં પરંતુ માત્ર એક જ ઈશ્વરની આ (બ્રહ્માંડ) અભિવ્યક્તિ છે. આ જ ભારતીય સંસ્કૃતિની ભાવનાઓનો સાર છે.

**" Vedas do not say that there is one God**

**Vedas says there is only God "**

**ઈશ્વર જ બધું છે આ સાંસ્કૃતિક જ્ઞાનને લીધે બધા જ સંપ્રદાય/ધર્મો આ સંસ્કૃતિમાં આવકાર્ય-સ્વીકાર્ય છે, સર્વનો આદર છે.**

# :: ધર્મમય જીવનરીતિ ::

આપણે અગાઉ ચર્ચા કરી કે ''ધારણ કરે તે ધર્મ'' ધર્મ એટલે નિયતિ, ધર્મ એટલે સંવાદિતા ધર્મ એટલે સ્વરૂપ. જ્યાં સંવાદિતા હોય ત્યાં જ સુખ અને શાંતિ હોય એટલે ધર્મને જ સુખ–શાંતિ કહેવાય. ધર્મથી જ સુખ–શાંતિ થાય જે જીવનરીતિ સમષ્ટિ સાથે સંવાદિતા જાળવે તે ધર્મમય જીવનરીતિ કહેવાય. ધર્મમય જીવનરીતિને જીવનમૂલ્યો (સામાન્ય ધર્મ) પણ કહી શકાય. શાસ્ત્રો અનેક જીવનમૂલ્યોની ચર્ચા છે. પરંતુ તેનાં સારરૂપ ૧૦ જીવનમૂલ્યોનો ઉપદેશ પતંજલિ મહર્ષિએ તેમના યોગશાસ્ત્રમાં યમ–નિયમ રૂપે કરેલ છે. આપણે તેના વિશે થોડી વધુ સજાગ કેળવવા પ્રયત્ન કરીશું. યમ અને નિયમ બન્ને પાંચ–પાંચ જીવનમૂલ્યોનો સમૂહ છે.

યમ : અહિંસા, સત્ય, બ્રહ્મચર્ય, અસ્તેય અને અપરિગ્રહ.

નિયમ : શૌચ, સંતોષ, તપ, સ્વાધ્યાય, ઈશ્વરપ્રણિધાન.

યમ–નિયમ વિષયક સ્પષ્ટ સમજણ હોવી જરૂરી છે. યમ–નિયમનું શું સ્વરૂપ છે, યમ–નિયમ જીવનમાં ઉતારવાથી થતા ફાયદા વિશેનું જ્ઞાન અને તેની ઉપેક્ષાથી થતી હાનિ વિશે સ્પષ્ટતા હોવી જરૂરી છે.

## :: યમ ::

### (૧) અહિંસા :

પ્રાણી માત્ર જિજીવિષા–જીવવા માટેની પ્રબળ ઈચ્છા ધરાવે છે. તદુપરાંત જીવન નિરંતર સુખમય થાય, સુખની પ્રાપ્તિમાં કોઈ આડું ન આવે એવી પણ પ્રબળ ઈચ્છા ધરાવે છે. હું પણ આવી જ ઈચ્છા ધરાવું છું. પ્રાણીમાત્રની આ સહજ ઈચ્છાનું નિરંતર સ્મરણ રાખવાથી જીવનમાં અહિંસા કેળવાઈ જાય. મારે જીવવું છે અને સુખેથી જીવવું છે. માટે બીજા સૌના જીવનમાં અને સુખમાં હું વિઘ્નરૂપ ન બનું તે અહિંસા કોઈને કોઈ પ્રકારની પીડા ન પહોંચાડું. અહિંસા ત્રણ સ્તરે કેળવવાની છે. (૧) શારીરિક (૨) વાચિક (૩) માનસિક શરીરના સ્તરે અહિંસા એટલે હું બીજા કોઈ પ્રાણીને જન્તુ માત્રને શારીરિક ઈજા કે પીડા ન પહોંચાડું, કોઈ પણ પ્રાણીનો વધ ન કરું, શાકાહારીપણું એ શારીરિક અહિંસા જ

**જે જીવનરીતિ સમષ્ટિ સાથે સંવાદિતા જાળવે તે ધર્મમય જીવનરીતિ કહેવાય. ધર્મમય જીવનરીતિને જીવનમૂલ્યો (સામાન્ય ધર્મ) પણ કહી શકાય.**

છે.

શારીરિક અહિંસા સંભવિત બને પરંતુ વાચિક અહિંસા કેળવવી તે વધુ મુશ્કેલ થાય. બીજાનું અહિત થાય તેવા શબ્દો–વાક્યો ન બોલું ઘણી વખત આપણો કહેવાનો ભાવાર્થ કોઈને દુઃખ પહોંચાડવાનો ન હોય છતાં પણ બીજી વ્યક્તિ જુદું અર્થઘટન કરીને દુઃખી થતી હોય છે. વાણી બોલવામાં એવી સમાનતા એવી ચોક્સાઈ હોય કે જેથી બીજા જુદું અર્થઘટન કરી જ ન શકે. વાચિક અહિંસા કેળવવાથી વાચિક તપ થાય છે જે ખૂબ મહાન છે. અંતે આવે છે માનસિક અહિંસા. મનના આવેગાનો લીધે ક્રોધ, ઈર્ષા, દ્વેષ વગેરે ભાવો મનમાં ઉત્પન્ન થતા હોય છે. આ ભાવો અને બીજા પ્રત્યે હિંસક બનાવે છે. મારા મનને આવા આવેગોમાંથી મુક્ત કરવું એ માનસિક અહિંસા છે. બીજા જેવા છે તેવા, પરિસ્થિતિ જેવી છે તેવી હું પ્રસન્નતાપૂર્વક સ્વીકારી લઉં–સમજણપૂર્વક અપનાવી લઉં તો માનસિક અહિંસા શક્ય બને છે.

ઉપનિષદોમાં આધ્યાત્મિક અહિંસાની પણ વાત કરી છે. સચ્ચિદાનંદ આત્માનો તિરસ્કાર, સ્વસ્વરૂપથી વિમુખ રહેવાય તેવી જીવનની ને ગૌણ અર્થમાં આત્મહિંસા કહી છે. આત્માભિમુખ થવું એ આધ્યાત્મિક અહિંસા છે.

**(૨) સત્ય :**

માનવી માત્ર સત્ય માટે પ્રેમ ધરાવે છે. દૂર સુદૂર જંગલોમાં વસતી અભણ અજ્ઞાની આદિવાસી પ્રજા પણ પરસ્પર સત્ય વ્યવહારની અપેક્ષા રાખે છે. ખરેખર સત્યનું પાલન નથી કરવાનું પરંતુ અસત્ય વચન/આચરણથી મુક્ત થવાનું છે. કંઈક પ્રાપ્ત કરવા, કંઈક હાનિ થતી અટકાવવા શિક્ષા, દંડ વગેરેથી બચવા આપણે અસત્ય ભાષણ કરતાં હોઈએ છીએ. આવા અસત્યથી આપણને કંઈક સ્થૂળ (TANGIBLE) વસ્તુ/પરિસ્થિતિ પ્રાપ્ત થતી હોય છે. પરંતુ અસત્ય બોલીને કે અસત્ય આચરણ કરીને આપણે અંતરાત્માને છેતરવાનો પ્રયત્ન કરતાં હોઈએ છીએ. આ છેતરામણીથી મનમાં સંઘર્ષ થતો હોય છે. જેથી આંતરિક શક્તિનો વ્યય થાય છે. અને કાળાંતરે નિર્ણયશક્તિ શિથિલ થઈ જાય છે. અસત્યના આચરણથી ભૌતિક સિદ્ધ પ્રાપ્ત થતાં, બીજીવાર, ત્રીજીવાર... અનેકવાર અસત્ય આચરણ થાય છે–શરૂઆતમાં અસત્ય જાણી જોઈને બોલાય છે. કાળાંતરે અસત્યની ટેવ પડી જાય છે. ધીરે–ધીરે આ તો દઢ થઈ જાય છે કે સત્ય આચરણ

**બીજા જેવા છે તેવા, પરિસ્થિતિ જેવી છે તેવી હું પ્રસન્નતાપૂર્વક સ્વીકારી લઉં-સમજણપૂર્વક અપનાવી લઉં તો માનસિક અહિંસા શક્ય બને છે.**

કરવું હોય તો પણ ન થાય. વ્યક્તિ પોતે આંતરિક અશક્ત થઈ જાય છે. બીજાને છેતરવાની ટેવને લીધે, કાળાંતરે પોતે જ પોતાથી છેતરાય છે. વ્યક્તિ સુગ્રથિત/બળવાન બનવાને બદલે ખંડિત અને અશક્ય થતું જાય છે. વ્યક્તિ સુગ્રથિત સુસંવાદિતા રહેતો નથી.

•

**(૩) બ્રહ્મચર્ય :**

બ્રહ્મ એટલે સત્ય, ઈશ્વર તે જ જીવનધ્યેય હોવું તેનું નામ બ્રહ્મચર્ય શબ્દનો વિસ્તૃત અર્થ લેવાનો છે. જીવનધ્યેય વિશેની સ્પષ્ટ સમજણ અને એ ધ્યેય પ્રાપ્ત કરવામાં માટે સંયમિત આચરણને બ્રહ્મચર્ય કહી શકાય.

કઠોપનિષદમાં યમરાજા માનવજીવનનું વર્ણન કરતાં કહે છે કે ઈશ્વરને માનવીનું ઈન્દ્રિયોને અને મનને બહિર્મુખ બનાવ્યું તેથી સ્વાભાવિક રીતે વિષયો માટે આકર્ષણ હોય છે. અનાદિકાળથી જીવાત્મા જુદી જુદી યોનિમાં થતાં વિષયભોગને પરિણામે મનુષ્યજન્મમાં પણ મનમાં એ જ નિર્ણય હોય છે કે વિષયોમાંથી જ સુખ પ્રાપ્ત થાય છે. સુખી થવા વિષયો જોઈએ અને વિષયો મેળવવા અર્થ જોઈએ. આમ અર્થ–કામની પ્રાપ્તિ માટે જીવનની ગાડી ખૂબ ઝડપથી દોડી રહી છે. બહિર્મુખ ઝડપીથી જીવનયાત્રાને બ્રેક મારવી એટલે બ્રહ્મચર્ય. નદીનું જળ સમુદ્રમાં વહી જતું હોય પરંતુ નદી પર બંધ બાંધવામાં આવે ત્યારે સમુદ્રમાં વેડફાઈ જતાં પ્રાણીનો ખેતી કે પીવામાં ઉપયોગ થઈ શકે. બ્રહ્મચર્ય એટલે ઈન્દ્રિયોની પ્રવૃત્તિ પર બંધ બાંધવો. ઈન્દ્રિયોનું દમન માત્ર નથી પરંતુ તેની શક્તિઓનો સર્જનાત્મક ઉપયોગ કરવો. આમ બ્રહ્મચર્યનો અર્થ સ્વાભાવિક વૃત્તિઓનું દમન માત્ર નથી પરંતુ ઈન્દ્રિયોની સ્વાભાવિક શક્તિને ઉત્કૃષ્ટ ઉદ્દેશ્ય સિદ્ધ કરવા વિનિયુક્ત કરવી તે છે.

જીભનું બ્રહ્મચર્ય એટલે સીમિત આહાર યોગશાસ્ત્રમાં કહ્યું છે. અનુકૂળ અને પવિત્ર ભોજન યોગ્ય માત્રામાં લેવું જીભનું બ્રહ્મચર્ય એટલે આપણી વાણીનો સંયમ સત્ય, હિતકારી, પ્રિય અને બીજાને ઉદ્વેગ ન અપાવનારી વાણી હું બોલું.

ટૂંકમાં મારી સર્વ ઈન્દ્રિયો બિનાવશ્યક વિષય પ્રવૃત્તિમાંથી ઉપરત થાય અને સંયમ દ્વારા પ્રાપ્ત થયેલી સંચિત શક્તિને મારા ઈષ્ટ ધ્યેયમાં વાપરવી તેનું

**પરમેશ્વર સત્યસ્વરૂપ છે. માટે જ શ્રીવિષ્ણુ જ સત્યનારાયણ સ્વરૂપે છે. સત્યનું પાલન કરવાથી આપણે સૌ ઈશ્વરની સમીપ જ છીએ.**

નામ બ્રહ્મચર્ય. બ્રહ્મચર્યનું પાલન કરવાથી આપણાં દરેક કર્મોમાં સાવધાની આવતી જાય.

બ્રહ્મચર્યનો પ્રચલિત અર્થ છે મૈથુન ત્યાગ. આ અર્થ સાચો છે. પરંતુ એ સત્ય પુનઃ પુનઃ સમજવાની જરૂર છે કે આ પ્રકારનું બ્રહ્મચર્ય તો જ શક્ય બનશે જો ઉપરોક્ત બ્રહ્મચર્ય પાળ્યું હશે. બાહ્ય કરણોની પ્રવૃત્તિમાં જેમ જેમ સંયમ કેળવાતો જશે તેમ તેમ આવેગો પર કાબૂ પામી શકાશે.

**(૪) અસ્તેય :**

સ્તેય એટલે ચોરી. માટે અસ્તેય એટલે ચોરી ન કરવી તે. આપણે સામાન્યતઃ એવું માનીએ છીએ કે ગુનેગાર જ ચોરી કરતા હોય છે. સામાન્યતઃ માનવી ચોરી નથી કરતો, તો પછી શા માટે અસ્તેયનું મૂલ્ય કહેવામાં આવ્યું છે.

ચોરી શબ્દ અહીં વિસ્તૃત અર્થમાં સમજવાનો છે. આપણે આપણા હકની કે આપણી ઈચ્છાની પૂર્તિ કરવામાં બીજાને તેમના હકથી અથવા તેમની જરૂરિયાતથી વંચિત રાખીએ છીએ આવા વ્યવહારને ચોરી કહેવામાં આવે છે.

ઓફિસ જવાની રેલવે ક્રોસીંગ બંધ છે અને બીજાં બધાં વાહનો લાઈનમાં ઊભાં છે. કહેવાય છે કે મારે ઉતાવળ છે. ત્યારે ત્યારે આડું અવળું, નિયમ વિરુદ્ધ વાહન ચલાવી હું સૌથી આગળ ઘૂસી જાઉં એ બીજાના સમયની ચોરી કરી કહેવાય. મંદિરમાં પુજારી– પંડાને વધુ દક્ષિણા આપીને તેને સાધીને લાઈન વગર દર્શન કરી લેવા આ પણ એક પ્રકારની ચોરી છે. ટૂંકમાં પોતાના હક્ક કરતાં વધુ મેળવવું અથવા બીજાના હક્કનું પડાવી લેવું એ સ્તેય ચોરી છે.

પોતાની ફરજમાં પ્રામાણિકતા (કર્તવ્યનિષ્ઠા) એ અસ્તેય છે. મને જે વળતર (પગાર) મળે છે તેનો યોગ્ય બદલો વાળું એટલે જ અસ્તેય. ખરેખર કર્મના સિદ્ધાંત પ્રમાણે અનધિકાર પ્રાપ્તિ માટે ભવિષ્યમાં કિંમત ચૂકવવી પડશે. ભૂતકાળમાં કરેલાં પુણ્ય કર્મોને લીધે જરૂરિયાત કરતાં વધુ મળ્યું હોય, અને જો બધાથી છૂપાવીને અત્યારે ગમે તેમ કરીને કંઈક મેળવી કરી લીધું તો ભવિષ્યમાં કિંમત ચૂકવવી જ પડશે. દેવઋણ, પિતૃઋણ અને ઋષિઋણ ન ચૂકવવું અને માત્ર પોતાને ઈષ્ટ ભોગ કરવાં તેને ગીતાજીમાં શ્રીકૃષ્ણ આધ્યાત્મિક ચોરી કહે છે. આપણે સૌ આપણા રાષ્ટ્રનાં એક અંગ સમાન છીએ. શરીર અને તેનાં અંગનો

**પોતાના હક્ક કરતાં વધુ મેળવવું અથવા**
**બીજાના હક્કનું પડાવી લેવું એ સ્તેય ચોરી છે.**

સંબંધ પરસ્પર અવલંબન પરસ્પર સહાયનો છે. તે જ પ્રમાણે રાષ્ટ્ર અને સમાજ મારું પોષણ–સંવર્ધન કરે છે. તેના વળતરરૂપે મારે રાષ્ટ્ર અને સમાજની સેવા કરવી આવશ્યક છે. રાષ્ટ્ર અને સમાજની ઉન્નતિમાં મારે મારો ફાળો આપવો જ રહ્યો. નાગરિક માત્રની રાષ્ટ્ર–સમાજ પ્રત્યે જવાબદારી છે અને આ જવાબદારી પૂર્ણ કરવા માટે રાષ્ટ્રગૌરવ હોવું જરૂરી છે. રાષ્ટ્ર કે સમાજની ઉન્નતિમાં સહાયભૂત ન થવું તેને પણ ચોરી કહી શકાય.

**(૫) અપરિગ્રહ :**

પરિગ્રહ એટલે સંગ્રહ અને અપરિગ્રહ એટલે સંગ્રહનો અભાવ. માનવી જન્મજાત સંગ્રહવૃત્તિથી પીડાય છે. દિવાળીમાં જ્યારે ગૃહિણી ગૃહસફાઈ કરે ત્યારે અનેક વસ્તુઓ ફેંકી દે છે. જેનો આખા વર્ષ દરમ્યાન સંગ્રહ કર્યો હોય છે. બાળક પણ નકામી તૂટેલી પેન–પેન્સીલનો સંગ્રહ કરશે અને વડીલ નકામા જૂના પત્રોનો સંગ્રહ કરશે જે તે વસ્તુ તે સમયે ઉપયોગી લાગતી હોય છે. સમય સંજોગો બદલાતા તેની અનાવશ્યકતા સમજાતી હોય છે. ઘણીવખત વસ્તુ ઉપયોગી ન લાગતી હોય તો પણ ભવિષ્યમાં કામ આવશે. એ વિચારથી તેનો સંગ્રહ થતો હોય છે. પરંતુ દુઃખદ વસ્તુ એ છેકે વસ્તુ કામ લાગે તેવું ભવિષ્ય આવતું જ નથી. કદાચ આવવાનું પણ હોતું નથી. પ્રવાસમાં જાય ત્યારે માનવીની સંગ્રહવૃત્તિ પ્રગટ થતી હોય છે. જરૂરી જરૂરી માનીને કેટલોય સામાન લઈ લેશે.

જીવનમાં વસ્તુઓ ત્યાગવાની વૃત્તિ હોવી જોઈએ વસ્તુઓની અનાવશ્યકતા સમજી બીજા જેને ઉપયોગી છે તેને આપી દેવાની વૃત્તિ હોવી જોઈએ વ્યક્તિ જો જીવનમાં સંગ્રહવૃત્તિને તાબે રહે તો વસ્તુઓના સંગ્રહ અને તેની સાચવણીમાં જ સમય/શક્તિ વ્યય થઈ જાય અને આવી વ્યક્તિ કંઈક ઉચ્ચતર ધ્યેયની પ્રાપ્તિમાં પ્રવૃત્ત જ નહીં થાય.

માનવી જ્યારે કંઈક સૂક્ષ્મ કે ઉચ્ચ ધ્યેયને વરેલો હોય ત્યારે અપરિગ્રહ સહજ બને છે. વૈજ્ઞાનિકો, કલાકારો, સાહિત્યકારો તથા આદર્શવાદી મનુષ્યોની ભૌતિક જરૂરિયાતો ખૂબ ઓછી હોય છે તથા જીવનમાં પરિગ્રહ નથી હોતો તેઓ સાદું–સરળ જીવન જીવતા હોય છે. આમ અપરિગ્રહ એટલે સાદગીભર્યું જીવન. આડંબર અને ભોગનો અભાવ.

**રાષ્ટ્ર કે સમાજની ઉન્નતિમાં સહાયભૂત ન થવું તેને પણ ચોરી કહી શકાય. માનવી જ્યારે કંઈક સૂક્ષ્મ કે ઉચ્ચ ધ્યેયને વરેલો હોય ત્યારે અપરિગ્રહ સહજ બને છે.**

અપરિગ્રહ એ ભારતીય સંસ્કૃતિમાં સર્વોચ્ચ જીવનમૂલ્ય– જીવનરીતિ છે. જીવનનો અંતિમ પડાવ એટલે સંન્યાસ આશ્રમ. સંન્યાસ આશ્રમ એટલે અપરિગ્રાહી જીવન ટકાવવા પૂરતો જ પરિગ્રહ. દેહધારણ માટે આવશ્યક વસ્તુનો જ પરિગ્રહ કરી જીવન ટકાવવું એ સંન્યાસ આશ્રમ છે. આમ ઓછામાં ઓછી જરૂરિયાત એટલે અપરિગ્રહ અને આવો અપરિગ્રહ તો જ શક્ય બને જો જીવનમાં અગાઉ જણાવ્યા મુજબ બ્રહ્મચર્યનુ પાલન થતું હોય.

## :: નિયમ ::

### (૧) શૌચ :

શૌચ એટલે શુદ્ધિ: શૌચ બે પ્રકારનું છે.

(૧) બાહ્યશૌચ– જેને સ્વચ્છતા પણ કહી શકાય.

(૨) આંતરશૌચ જેને આપણે પવિત્રતા કહીશું.

બાહ્યશૌચમાં શરીર, વસ્ત્રો, રહેણાક, ભોજન વગેરેનો સમાવેશ થાય છે. ભોજન માત્ર ચોખ્ખું જ નહીં પરંતુ શુદ્ધ–સાત્ત્વિક હોવું જરૂરી છે. આવું ભોજન આંતરશૌચમાં ઉપયોગી છે. આંતરશૌચ એટલે મનની પવિત્રતા, રાગ, દ્વેષ, કામ, ક્રોધ, અભિમાનથી મુક્ત રાખવાની પ્રક્રિયાને આંતર શૌચ કહે છે.

આખા વિશ્વમાં બધું જ સાપેક્ષિત છે. કશું જ નિરપેક્ષ સારું કે ખરાબ નથી. બધામાં ગુણ અને દોષ રહેલા છે. બધી જ પરિસ્થિતિમાં ફાયદો તથા ગેરફાયદો રહેલો છે. જ્યારે કોઈના આપણે દોષ જોઈએ તો મનમાં દ્વેષ અથવા ક્રોધ ઉત્પન્ન થાય તે જ વ્યક્તિમાં ગુણ રહેલા જ છે અને તે ગુણો તરફ દૃષ્ટિ કરી મનને દ્વેષ/ક્રોધમાંથી મુક્ત કરવાની પ્રક્રિયાને પ્રતિપક્ષ ભાવના કહે છે. પ્રતિપક્ષભાવના દ્વારા નિરંતર મનમાં ઉદ્ભવતા અનિષ્ટ વિચારોને દૂર કરવાથી આંતરશૌચ પ્રાપ્ત થાય.

ગુજરાતીમાં કહેવત છે "સંગ તેવો રંગ". અમુક વ્યક્તિઓનો સંગ કરવાથી અનિષ્ટ વિચારો વધે, જ્યારે સજ્જન વ્યક્તિઓનો સંગ કરવાથી ઉચ્ચ

**રાગ, દ્વેષ, કામ, ક્રોધ, અભિમાનથી મુક્ત રાખવાની પ્રક્રિયાને આંતર શૌચ કહે છે.**

વિચારો પ્રાપ્ત થાય માટે આંતરશૌચ કેળવવાનું અને ટકાવવાનું ઉત્તમ સાધન છે સત્સંગ. સત્સંગ એટલે સત્પુરુષોનો સંગ.

**(૨) સંતોષ :**

માનવી હંમેશા કંઈક પ્રાપ્ત કરવા મથામણ કર્યા જ કરતો હોય છે. જીવન આખું અથાક પ્રયત્નોથી ભરેલું છે. પ્રયત્નો પૂર્ણસિદ્ધ કે અર્ધસિદ્ધ કે નિષ્ફળ પણ જાય. સાધ્યનું નિરંતર ચિંતન અને અથાક પ્રયત્નોને લીધે જે નથી સિદ્ધ થયું અથવા જેમાં ઓછી સિદ્ધિ મળી છે તેમાં મનુષ્યને અસંતોષ રહ્યા કહે છે. ન મળ્યાની કે ઓછું મળ્યાની નિરંતર ફરિયાદ રહે છે. શું સિદ્ધ થયું છે તે તરફ દૃષ્ટિ નથી જતી પરંતુ અસિદ્ધિઓ ખૂબ મોટી લાગે છે. પ્રામાણિક પ્રયત્નોથી જે સિદ્ધ થયું છે તેને માણવું અને જે નથી સિદ્ધ થયું તે વિષયક તૃષ્ણાના અભાવને સંતોષ કહી શકાય. દરેક વ્યક્તિ વિષય કે સંજોગો અંગે ફરિયાદ કર્યા કરવાની ટેવોમાંથી મુક્ત થવું તે સંતોષ. ઘણી વખત અસંતોષ સરખામણી માંથી ઉત્પન્ન થતો હોય છે. સૌ પોતાના પુરુષાર્થ અને પ્રારબ્ધને અનુરૂપ જ ફળ મળે છે. માટે બીજાની સિદ્ધિ આપણે ખેલદિલીથી બિરદાવવી જોઈએ. આપણું ચિત્ત પ્રસન્ન રહે તો સંતોષ સાહજિક બને છે.

**(૩) તપ :**

ભારતીય સંસ્કૃતિમાં તપને ખૂબ મહત્ત્વ આપવામાં આવ્યું છે. જીવન જ તપપ્રધાન છે. જીવનમાં પ્રતિકૂળતાઓ–અગવડો આવશે જ. બાહ્ય જગત નિરંતર બદલાયા કરે છે. આપણી ઈચ્છા વિરુદ્ધ આપણને ન ગમતા સંજોગો વ્યવહારો આવશે જ. સર્વ પ્રતિકૂળતાઓને સહીને ચિત્તને પ્રસન્ન રાખવાની પ્રક્રિયાને તપ કહેવાય છે. તપથી સંકલ્પની દૃઢતા અને એકાગ્રતા પ્રાપ્ત થતી હોય છે.

તપ દ્વારા સહનશક્તિનો વિકાસ થવો જોઈએ પરંતુ તપ એટલી માત્રામાં ન કરવું જોઈએ કે શરીરનું અતિદમન અતિ પીડાઓ ઉત્પન્ન થાય અને મનમાં વિકારો જન્મે. તપશ્ચર્યા માત્ર બાધક ન હોવી જોઈએ. તપશ્ચર્યાની માત્રામાં ધીરે ધીરે વધારો કરવો જોઈએ જેથી સહનશક્તિ અને સંકલ્પશક્તિ બંને વધે ચિત્ત પ્રસન્ન રહે.

ત્રિવિધ સ્તરે તપ છે (૧) શારીરિક (૨) વાચિક (૩) માનસિક. આ

**સર્વ પ્રતિકૂળતાઓને સહીને ચિત્તને પ્રસન્ન રાખવાની પ્રક્રિયાને તપ કહેવાય છે. તપથી સંકલ્પની દૃઢતા અને એકાગ્રતા પ્રાપ્ત થતી હોય છે.**

ત્રિવિધ તપની વિસ્તૃત ચર્ચા ભગવદ્ ગીતાના ૧૭મા અધ્યાયમાં છે.

**(૪) સ્વાધ્યાય :**

પારંપારિક પ્રાપ્ત જ્ઞાનનો નિયમિત અભ્યાસ નિયમિત અનુસંધાન કરવું તે, અથવા સ્વાધ્યાય એટલે પોતે ઉપાર્જિત જ્ઞાનનો નિયમિત અભ્યાસ. અથવા સ્વાધ્યાય એટલે આધ્યાત્મિક ગ્રંથનું અધ્યયન.

આપણને જે જ્ઞાન વારસો પ્રાપ્ત થયો છે તે પૂર્વજોના અથાક પ્રયત્નનું ફળ છે. ઋષિઓનું ઋણ છે. આ જ્ઞાનવારસો ટકાવી રાખવો તેમજ આગામી પેઢીને આપવો એ દરેકની ફરજ છે. ઋષિઓનું ઋણ ચૂકવવા જે જ્ઞાનોપાર્જનનો તથા જ્ઞાનસંવર્ધનનો નિયમિત પ્રયત્ન એટલે સ્વાધ્યાય.

જીવનમાં બધી જ પરિસ્થિતિઓ સીધી સાદી સરળ નથી હોતી. શું કરવું અને શું ન કરવું તે અંગે વિવેકી પુરુષો પણ મોહ પામે છે. (**किं कर्म किम् अकर्मेति कवयोऽपि अत्र मोहिताः ...**) આવા સંજોગોમાં શાસ્ત્રોનું આધ્યાત્મિક ગ્રંથોનું માર્ગદર્શન આવશ્યક બને છે. પ્રવર્તમાન સંજોગોમાં સત્યની શી વ્યાખ્યા કરવી, અહિંસાનું પાલન કેમ કરવું. આ બધા પ્રશ્નોનો ઉત્તર શાસ્ત્રો દ્વારા મળે.

તદુપરાંત શાસ્ત્રને યથાર્થ સમજવાનો ઉત્તમ ઉપાય છે સત્સંગ. ગુરુજનો કે જે શાસ્ત્ર જાણે છે તેમની પાસેથી જીવનદષ્ટિ પ્રાપ્ત કરવી તે સ્વાધ્યાય છે.

**(૫) ઈશ્વરપ્રણિધાન :**

જીવનમાં ઈશ્વરની ભક્તિ હોવી જોઈએ. જીવનમાં ઈશ્વરનું સ્થાન હોવું જોઈએ. માનવી અલ્પજ્ઞ તથા અલ્પશક્તિમાન છે. તેથી જીવનમાં જે આપણે જે કંઈ પ્રાપ્ત કરી શક્યા છીએ. જે કંઈ સિદ્ધ કરી શક્યા છીએ તે ઈશ્વરકૃપાને જ આધારે છે. માત્ર પુરુષ પ્રયત્નથી–મારાથી જ બધું પ્રાપ્ત થયું છે. તેમ માનવું અહંકાર છે. મૂર્ખતા છે. ઘણી વખત સફળતા–સિદ્ધિ મેળવવામાં કાંઈ શંકા જ ન હોય તો પણ સફળતા મળતી નથી અને ઘણી વખત સફળતાની કોઈ આશા જ ન હોય છતાં પણ અણધારી સફળતા મળી જાય છે. આવા સંજોગો ઈશ્વરકૃપાનો અભાવ અને ભાવ– હોવાપણું સૂચવે છે. અને ઈશ્વરકૃપાનું ઉપાર્જન ઈશ્વરની શરણાગતિથી ભક્તિથી જ થાય છે.

**માનવી અલ્પજ્ઞ તથા અલ્પશક્તિમાન છે. તેથી જીવનમાં જે આપણે જે કંઈ પ્રાપ્ત કરી શક્યા છીએ. જે કંઈ સિદ્ધ કરી શક્યા છીએ તે ઈશ્વરકૃપાને જ આધારે છે.**

ભક્તિનો અર્થ માત્ર પૂજા કે યજ્ઞ કે ભજન, કીર્તન જ નથી. હા, આ જરૂર ભક્તિ છે પરંતુ ભક્તિને વિસ્તૃત અર્થમાં જોવાની છે. આપણાં સર્વે કર્મો ઈશ્વરને અર્પણ કરવાં તે પણ ભક્તિ છે. નિઃસ્વાર્થભાવે કર્મો કરવાં તે ભક્તિ છે.

ભક્તિ ત્રણ સ્તરે થઈ શકે છે. (૧) કાયિક (૨) વાચિક (૩) માનસિક.

પૂજા, યજ્ઞ, યાત્રા વગેરે કાયિક ભક્તિના પ્રકાર છે. સ્તોત્રપાઠ, જપ, ભજન, કીર્તન આ વાચિક ભક્તિના પ્રકાર છે. માનસપૂજા, માનસજપ, ધ્યાન વગેરે માનસિક ભક્તિ છે.

**આપણાં સર્વે કર્મો ઈશ્વરને અર્પણ કરવાં તે પણ ભક્તિ છે.**
**નિઃસ્વાર્થભાવે કર્મો કરવાં તે ભક્તિ છે.**

# :: પ્રાર્થના-સફળતાની ચાવી ::

"દરેક વ્યક્તિ સફળતા ઈચ્છે છે" આ નિર્વિવાદ સત્ય છે. શિક્ષણમાં, વ્યવસાયમાં, સમાજમાં, સંપત્તિમાં... વગેરે દરેક ક્ષેત્રે માનવી સફળતા જ ઝંખે છે. પોતાની ઈચ્છા અપેક્ષા જેટલા કે તેથી વધુ પરિણામને માનવી 'સફળતા' કહે છે. જ્યારે તેનાથી વિરુદ્ધ, અપેક્ષાથી ઓછું કે વિરુદ્ધ પરિણામને નિષ્ફળતા કહે છે. આમ સફળતા મેળવવા, પોતાની વિવિધ ઈચ્છાપૂર્તિ કરવા માનવી હંમેશા પ્રયત્નશીલ હોય છે. આવી ઈચ્છાપ્રેરિત પ્રયત્નને 'પુરુષાર્થ' કહી શકાય. સામાન્ય માનવી અર્થોપાર્જન, સલામતિ અને વિષયભોગને જ જીવનધ્યેય માનતો હોય છે. માટે અર્થ-કામ પ્રાપ્તિની વિવિધ ઈચ્છાઓની પૂર્તિને જ 'સફળતા' લેખતો હોય છે.

માનવીએ પોતાના સામર્થ્યને અનુરૂપ જ અપેક્ષાઓ- ઈચ્છાઓ રાખવી જોઈએ. અતિ મહત્ત્વાકાંક્ષી અને અસંભવિત અપેક્ષાઓ ન હોવી જોઈએ. સાથે સાથે પોતાના સામર્થ્ય- ક્ષમતાઓને જરા પણ પડકારરૂપ ન હોય તેવી 'સફળતા'ની પણ ઈચ્છા ન હોવી જોઈએ. પોતાને પડકારરૂપ અને સામર્થ્ય/ક્ષમતાથી વધુ અપેક્ષા રાખવી જોઈએ જેથી આપણે આપણી ક્ષમતાઓમાં નિરંતર સુધારણા કરી શકીએ (Constant improvement in skills). આવી સફળતા પ્રાપ્ત કરવા ઘણાં પરિબળો આવશ્યક છે. એક સુભાષિતમાં સફળતાના સાધનોનું ટુંકમાં વર્ણન કરતાં કહ્યું છે....

**उद्यमं साहसं धैर्यं बुद्धिः शक्तिः पराक्रमः ।**
**षडेते यत्र वर्तन्ते तत्र देवः सहायकृत् ।।**

(ભાવાર્થ : ઉદ્યમ, સાહસ, ધૈર્ય, બુદ્ધિ, શક્તિ, પરાક્રમ... આ ૬ ગુણો જેમાં વસે છે તેને ઈશ્વર સહાય કરે છે.)

**(૧) उद्यमम्** : ઉદ્યમ એટલે પ્રયત્ન- ધ્યેય/સાધ્ય નિશ્ચિત થયા બાદ તેને સિદ્ધ કરવા જરૂરી પ્રયત્ન કરવો તેને ઉદ્યમ કહેવાય. ઉદ્યમના વગર કંઈ જ સિદ્ધ થતું નથી. આપણા ઈચ્છિત- અપેક્ષિત ધ્યેયને અનુરૂપ પ્રયત્ન થવો જ જોઈએ.

**(૨) साहसम्** : મુશ્કેલ અને જોખમવાળું કાર્ય કરવાની તત્પરતા હોવી જોઈએ. આવા મુશ્કેલ કે જોખમરૂપ સાધ્ય પ્રાપ્ત કરવા માટે ઉત્સાહ હોવો જોઈએ. આપણે

> **પોતાને પડકારરૂપ અને સામર્થ્ય/ક્ષમતાથી વધુ અપેક્ષા રાખવી જોઈએ જેથી આપણે આપણી ક્ષમતાઓમાં નિરંતર સુધારણા કરી શકીએ** (Constant improvement in skills).

નવી નવી ઈચ્છાઓ ધરાવીએ પરંતુ તે પ્રાપ્ત કરવાના પ્રયત્નોમાં તત્પરતા હોવી જોઈએ.

**(૩) ધૈર્યમ્ :** પોતાના ધ્યેય સિદ્ધ કરવામાં અડગ રહેવું. તે ધૈર્ય સર્વ પુરુષાર્થોમાં કંઈક ને કંઈક અડચણો/મુશ્કેલીઓ તો આવે જ. તદુપરાંત પોતાને પડકારરૂપ ધ્યેય જયારે સિદ્ધ કરવાનું હોય ત્યારે અડચણો વધુ આવે અને આપણને એ અડચણો વધુ ભારરૂપ લાગે. આવા સમયે વિકટ સંજોગોને આપણા ઉપર હાવી ન થવા દેવા અને હિંમતપૂર્વક તેમનો સામનો કરતાં કરતાં પોતાના ધ્યેયને વળગી રહેવાની દૃઢતાને ધૈર્ય કહેવાય.

**(૪) બુદ્ધિઃ :** બુદ્ધિ શબ્દ અહીં જ્ઞાનના અર્થમાં છે. પોતાને ઈચ્છિત ધ્યેય સિદ્ધ કરવા માટે જરૂરી જ્ઞાન કેળવવું જરૂરી છે. અપેક્ષાપૂર્ણ કરવા કયાં કયાં સાધનો જરૂરી છે. ક્યા સમયે, કઈ માત્રામાં, કેવી રીતે સાધનોનો વિનિયોગ કરવો એ વિશેની સ્પષ્ટ સમજણને જ્ઞાન કહે છે. આ જ્ઞાન હોવું માત્ર પૂરતું નથી. પોતાના પ્રયત્નોમાં આ જ્ઞાનનો રચનાત્મક અને સુસંયોજિત (Organized) વિનિયોગ થવો જોઈએ.

**(૫) શક્તિઃ :** સાધ્ય પ્રાપ્તિ માટેનાં જરૂરી સંસાધનો હોવાં તેને શક્તિ કહ્યું છે. જરૂરી પૈસા, સત્તા, ઉપકરણો વગેરેનો શક્તિમાં સમાવેશ થાય છે.

**(૬) પરાક્રમઃ :** સાધ્ય પ્રાપ્તિમાં આવતી મુશ્કેલીઓનો હિંમતપૂર્વક સામનો કરવો તે પરાક્રમ છે. ક્યારેય હિંમત ન હારી જવી, ભય-ચિંતાથી ઘેરાઈને નિરુત્સાહ ન થવું તે પરાક્રમ. ખંતપૂર્વક પ્રયત્ન ચાલુ રાખવો તેને પરાક્રમ કહેવાયું છે.

સફળતા પ્રાપ્ત કરવા ઉપરોક્ત ૬ કારણો જવાબદાર તેમજ બધાં જ સાધનો-કારણો પૂરતી માત્રામાં હોવાં જરૂરી છે. પરંતુ બધાં જ સાધનો-કારણો પૂરતી માત્રામાં ઉપલબ્ધ-પ્રાપ્ત હોવા છતાં 'સફળતા' પ્રાપ્ત થશે જ એવી કોઈ ગેરંટી નથી હોતી. શ્રીકૃષ્ણ પરમાત્મા, આપણા ઋષિ-મુનિઓ તેમજ જ્ઞાની પુરુષો પુનઃ પુનઃ ભારપૂર્વક જણાવે છે કે આ બધાં કારણો ઉપયુક્ત માત્રમાં ઉપલબ્ધ હોય તો પણ 'એક' એવું પરિબળ છે કે અપેક્ષિત ૧૦૦%ની સફળતાને નિષ્ફળતામાં બદલી નાખે છે અને નિશ્ચિત નિષ્ફળતાને સફળતામાં પરિણત કરી નાખે છે. આધુનિક ભાષાઓમાં તેને 'આકસ્મિક ઘટના' અથવા નસીબ

**પરંતુ બધાં જ સાધનો-કારણો પૂરતી માત્રામાં ઉપલબ્ધ-પ્રાપ્ત હોવા છતાં 'સફળતા' પ્રાપ્ત થશે જ એવી કોઈ ગેરંટી નથી હોતી.**

(Chance or Luck) કહેવાય છે. પરંતુ આપણી વૈદિક સંસ્કૃતિમાં તેને 'દૈવ' અથવા ઈશ્વરકૃપા કહેવાય છે–જે પ્રાર્થના દ્વારા જ મેળવી શકાય છે.

મનુષ્ય માત્ર મર્યાદાયુક્ત છે. કોઈ માનવી સર્વજ્ઞ કે સર્વશક્તિમાન નથી. 'મને બધું જ ખબર છે' એવું વિધાન કોઈ ન કરી શકે. 'હું બધું જ કરી શકું' આવું પણ કોઈ ન કહી શકે. આપણાં જ્ઞાન અને શક્તિ બન્ને સીમિત છે– મર્યાદિત છે. માનવી માત્ર અલ્પજ્ઞ અને અલ્પશક્તિમાન છે. જેને પરિણામે સફળતા અપાવનારાં સર્વ પરિબળોનું જ્ઞાન હોતું જ નથી. તદુપરાંત જ્ઞાત કે અજ્ઞાત પરિબળોનું માનવી નિયંત્રણ કરી શકતો નથી.

આપણે ક્યારેય પૂર્ણરૂપે કર્મફળ નિર્ધારિત ન કરી શકીએ. જો આવું હોત તો આપણે હંમેશા 'સફળ' થયા હોત, આપણે સદા આપણું અપેક્ષિત ફળ મેળવી શક્યા હોત. પરંતુ કાયમ સફળતા મળતી નથી એટલું જ નહીં, મોટે ભાગે નિષ્ફળતા જ મળે છે એવું આપણે અનુભવીએ છીએ. 'મારી અપેક્ષાઓથી ઓછું અથવા વિરુદ્ધ જ અવારનવાર પરિણામ મળે છે' તેવું જ માનવી માને છે. જેને પરિણામે માનવી એક પ્રકારની નિઃસહાયતા અનુભવે છે. ક્યારેક તો હતાશા–નિરાશા અનુભવે છે.

પુરુષાર્થ સિદ્ધિમાં અનેક પ્રકારનાં વિઘ્નો બહુ સહેલાઈથી આવી શકે છે. ક્યારેક સાંભળવા મળે છે, 'સમય કટોકટ હતો ને મારે ટૂંકા સમયમાં પહોંચવાનું હોવાથી ખૂબ ઝડપથી ગાડી ચલાવતો હતો. અચાનક પંચર પડયું. મને તો ટાયર બદલતા આવડે જ નહીં ને ક્યાંકથી ભગવાને મદદ મોકલીને એક ગાડીવાળા ભાઈ ઊભા રહ્યા. ફટાફટ ટાયર બદલી આપ્યું ને હું સમયસર પહોંચી ગયો. ઈશ્વરનો અનુગ્રહ...' તો વળી ક્યારેક આપણે ખૂબ આયોજનપૂર્વક યોજના બનાવી હોય, પૂરતો પ્રયત્ન કર્યો હોય છતાં અપેક્ષાથી તદ્દન વિપરીત પરિણામ મળતું હોય છે. ખૂબ વિચારપૂર્વક, સારો નફો કરતી આઈ.ટી. કંપનીના શેરમાં નાણાં રોક્યા અને શેરનો ભાવ એવો ગગડી ગયો કે મારી બધી મૂડી ધોવાઈ ગઈ!! શેરબજારમાં (કે કોઈપણ ધંધામાં) નાણાં ગુમાવનારી બધી જ વ્યક્તિઓએ પૈસા રોકતી વખતે ખૂબ પૈસા કમાવવાની–નફાની જ અપેક્ષા રાખી હોય છે. આવાં અનેક દૃષ્ટાંતો દ્વારા સિદ્ધ થાય છે કે આપણે સુચારુ આયોજન કરી શકીએ, સંન્નિષ્ઠ પ્રયત્ન કરી શકીએ પરંતુ અપેક્ષિત પરિણામ (કર્મફળ)ની આગાહી તો ન જ કરી શકીએ.

**આધુનિક ભાષામાં જેને luck અથવા નસીબ કહેવાય છે તેને આપણી વૈદિક સંસ્કૃતિમાં દૈવ અથવા ઈશ્વરકૃપા કહેવાય છે, જે પ્રાર્થના દ્વારા જ મેળવી શકાય છે**

નરસિંહ મહેતા, 'નીપજે નરથી ન કંઈ...'

ઈશ્વર જ કર્મફળદાતા છે. સર્વજ્ઞ અને સર્વશક્તિમાન ઈશ્વર જ કર્મ અને કર્મફળનો નિયામક (નિયંતા) છે. માટે જ આપણી વૈદિક સંસ્કૃતિમાં આપણા સર્વ પુરુષાર્થોમાં આપણે ઈશ્વરનો સમાવેશ કરીએ છીએ. આપણા પ્રયત્નોમાં ઈશ્વરને ભાગીદાર બનાવીએ છીએ. આપણે ઈશ્વરકૃપાની યાતના કરીએ. સફળતા કે નિષ્ફળતાને નસીબ કે અકસ્માત તરીકે ન જોતાં પુરુષાર્થ દરમ્યાન જ ઈશ્વરકૃપા પ્રાપ્ત કરવાં પ્રયત્નશીલ રહીએ છીએ. વૈદિક પરંપરામાં માનનારી વ્યક્તિ, કોઈપણ કર્મારંભ કરતાં પહેલાં ઈશ્વરકૃપાની યાચના કરશે. અપેક્ષિત કર્મફળ પ્રાપ્તિ મટે, સફળતા પ્રાપ્ત કરવા માટે પ્રાર્થના આવશ્યક છે. શાસ્ત્રમાં તેને દૈવ કહ્યું છે. દૈવ અથવા પ્રાર્થના એટલે એક અદશ્ય શક્તિના અસ્તિત્વનો સ્વીકાર અને તેનું આવાહન. પ્રાર્થના એટલે પોતાના અસ્તિત્વની મર્યાદાઓનો સ્વીકાર, કર્મફળ પ્રાપ્તિમાં પોતાની નિઃસહાયતાનો સ્વીકારપૂર્વક સર્વજ્ઞ અને સર્વશક્તિમાન ઈશ્વર પાસેથી સહાયતાની યાચના. દ્રૌપદી પર દુઃખ આવી પડયું. ભરસભામાં લાજ લૂંટવા દુઃશાસન પ્રવૃત્ત થયો. સૌ પ્રથમ દ્રૌપદીએ તેની આસપાસનાને, ભીષ્મ પિતામહ, દ્રોણાચાર્ય, ધૃતરાષ્ટ્ર, પાંડવો... વગેરેને આજીજી કરી. કોઈએ સહાય ન કરી. તેણે નિઃસહાયતા અનુભવી– ભગવાન શ્રી કૃષ્ણને સહાયની પ્રાર્થના કરી– પ્રાર્થના દ્વારા અદશ્ય શક્તિનું આવાહન થયું અને દુઃશાસન થાકીને લોથપોથ થઈ ગયો ત્યાં સુધી સાડીની લંબાઈ વધતી જ ગઈ, વધતી જ ગઈ !!! પ્રાર્થના અદશ્ય દૈવી શક્તિનું પ્રાગટય કરે છે–સહાય કરે છે, સફળતામાં સહાયરૂપ બને છે.

મનુષ્યના હૃદયમાં રહેલી ભાવનાઓને પ્રગટ કરવા તેને નિશ્ચિત આકાર આપવો પડે– મૂર્તરૂપે પ્રગટ કરવી પડે. ભાવના દર્શાવવા ધાર્મિક, સામાજિક, સાંસ્કૃતિક શિષ્ટાચાર– રીતભાત હોય છે. દા.ત. વર્ષગાંઠ નિમિત્તે, બીજી વ્યક્તિને શુભકામના પાઠવવા, આપણી ભાવના અભિવ્યક્ત કરવા માટે નિશ્ચિત સામાજિક રીતભાત અપનાવીએ છીએ. વર્ષગાંઠ નિમિત્તે કાર્ડ કે પુષ્પગુચ્છ આપીને આપણા ભાવને સાકાર બનાવીએ છીએ. બીજી વ્યક્તિને અભિનંદન

**અપેક્ષિત કર્મફળ પ્રાપ્તિ મટે, સફળતા પ્રાપ્ત કરવા માટે પ્રાર્થના આવશ્યક છે. પ્રાર્થના એટલે એક અદશ્ય શક્તિના અસ્તિત્વનો સ્વીકાર અને તેનું આવાહન.**

આપવા પીઠ થાબડીએ કે હાથ મિલાવીએ... દિલસોજી વ્યક્ત કરવા શોકસંદેશ આપીએ. ઓફિસમાં રજાની માંગણી વ્યક્ત કરવા કર્મચારી લેખિત અરજી આપે અથવા મૌખિક વિનંતિ કરશે. તે જ પ્રમાણે પોતાની નિઃસહાયતા– મર્યાદાઓ દર્શાવવા તેમજ સહાયની યાચના કરવા માટેનો ધાર્મિક શિષ્ટાચાર એટલે પ્રાર્થના. માટે દરેક ધર્મોમાં– સંપ્રદાયોમાં ઈશ્વરકૃપાનું આવાહન કરવા, પ્રાર્થના કરવાની કોઈ નિશ્ચિત રીતભાત કે શિષ્ટાચાર હોય છે.

વૈદિક દર્શનમાં, ભારતીય સંસ્કૃતિની દૃષ્ટિમાં સંપૂર્ણ વિશ્વ ઈશ્વરની જ અભિવ્યક્તિ છે. **અખિલ બ્રહ્માંડમાં એક તૂં શ્રી હરિ, જૂજવે રૂપે અનંત ભાસે...**

દરેક નામરૂપ ઈશ્વરના જ નામરૂપ છે. તેથી કોઈપણ રૂપે આહવાન કરી શકાય. પરંતુ આપણી પારંપરિક રીતભાત અનુસાર વિશિષ્ટ રૂપે આપણે ઈશ્વરનું આવાહન કરીએ છીએ. પરંપરાથી આપણને વારસામાં કેટલાંક રૂપો મળ્યાં છે કે જે તે રૂપોમાં આપણને ઈશ્વરબુદ્ધિ થાય છે. આ રૂપોમાં–આ મૂર્તિસ્વરૂપોમાં આપણો ઈશ્વર પ્રત્યેનો ભાવ સુચારુરૂપે પ્રગટ થાય છે.

**પોતાની નિઃસહાયતા-મર્યાદાઓ દર્શાવવા તેમજ સહાયની યાચના કરવા માટેનો ધાર્મિક શિષ્ટાચાર એટલે પ્રાર્થના.**

# :: ઈશ્વરદર્શન ::

વૈદિક દર્શનમાં, ભારતીય સંસ્કૃતિની દૃષ્ટિમાં સંપૂર્ણ વિશ્વ ઈશ્વરની જ અભિવ્યક્તિ છે. કોઈપણ કાર્યનું સર્જન કરવા માટે ઓછાંમાં ઓછાં બે કારણો આવશ્યક છે.

(૧) નિમિત્ત કારણઃ જેને સર્જન કરવા વિશેનું સંપૂર્ણજ્ઞાન હોય, સંપૂર્ણ શક્તિ તેની પાસે હોય. લાકડાના ટેબલના સર્જન અંગે મિસ્ત્રી નિમિત્તકારણ છે. કારણ કે મિસ્ત્રી પાસે લાકડાના ટેબલ બનાવવા અંગેનું જરૂરી જ્ઞાન–શક્તિ ઉપલબ્ધ છે.

(૨) ઉપાદાન કારણ : એટલે કે જે દ્રવ્યમાંથી વસ્તુ સર્જન થાય તે. લાકડાના ટેબલનું સર્જન કરવામાં લાકડું ઉપાદાન કારણ છે. સામાન્ય સંજોગોમાં આ બન્ને કારણો ભિન્ન સ્વતંત્ર હોય છે. પરંતુ સૃષ્ટિના સંદર્ભમાં ઈશ્વર પોતે જ બન્ને કારણ છે. જગતનું સર્જન કરવાનું જરૂરી જ્ઞાન અને શક્તિ તેની પાસે જ છે તેથી તે સર્વજ્ઞ અને સર્વશક્તિમાન કહેવાય છે. આમ નિમિત્તકારણ છે. તે માયા દ્વારા જગતનું ઉપાદાન કારણ પણ છે. 'માયા' ઈશ્વરથી સ્વતંત્ર નથી. ઈશ્વરની સત્તા અને ચેતનતાથી જ માયાનું અસ્તિત્વ અને ચેતનતા છે. આમ માયાવી ઈશ્વર આ જગતનું ઉપાદાન કારણ છે. આ માયાયુક્ત ઈશ્વરને જ સગુણ બ્રહ્મ કે સગુણ ઈશ્વર કહેવાય છે. માયાતીત, માયાના અધિષ્ઠાનરૂપ જે તત્ત્વ છે તે જ ઈશ્વરને નિર્ગુણબ્રહ્મ કહે છે. આમ સગુણ બ્રહ્મ અને નિર્ગુણ બ્રહ્મ વાસ્તવિક દૃષ્ટિએ એક જ છે.

માયોપહિત ઈશ્વર જગતનું ઉપાદાન કારણ છે. જેમ લાકડું જ ટેબલ રૂપે છે તેમ ઈશ્વર જ જગતરૂપે અભિવ્યક્ત થાય છે. ઉપાદાન કારણ કાર્યમાં સર્વત્ર વ્યાપ્ત હોય. ટેબલમાં લાકડું સર્વત્ર વ્યાપ્ત છે. તેમ ઉપાદાન કારણ હોવાથી ઈશ્વર આ જગતમાં સર્વત્ર વ્યાપ્ત છે. તે સર્વવ્યાપી છે. પૃથ્વીમાં તે ગંધરૂપે વ્યક્ત છે, જળમાં રસરૂપે વ્યાપ્ત છે, અગ્નિમાં તેજરૂપે, સૂર્ય–ચંદ્રમાં પ્રકાશરૂપે વ્યાપ્ત છે. તેજસ્વીમાં તેજ રૂપે વ્યાપ્ત છે. બુદ્ધિમાનમાં બુદ્ધિરૂપે વ્યાપ્ત છે, બળવાનમાં બળરૂપે અને ધર્માત્મામાં ધર્મરૂપે વ્યાપ્ત છે. જે કંઈ સાત્ત્વિક– રાજસ કે તામસ છે– તે સર્વમાં વ્યાપ્ત છે. જે કંઈ છે, તે 'તેની' જ અભિવ્યક્તિ છે. માત્ર સર્વવ્યાપી છે એટલું જ નહીં પરંતુ સ્વસ્વરૂપે સર્વાતીત છે. આખા વિશ્વનું અતિક્રમણ કરીને તેના અધિષ્ઠાન રૂપે પણ તે જ છે. આ સર્વવ્યાપક અને સર્વાતીતની આરાધના એટલે

**માયાયુક્ત ઈશ્વરને જ સગુણ બ્રહ્મ કે સગુણ ઈશ્વર કહેવાય છે. માયાતીત, માયાના અધિષ્ઠાનરૂપ જે તત્ત્વ છે તે જ ઈશ્વરને નિર્ગુણબ્રહ્મ કહે છે. આમ સગુણ બ્રહ્મ અને નિર્ગુણ બ્રહ્મ વાસ્તવિક દૃષ્ટિએ એક જ છે.**

પ્રાર્થના.

ઈશ્વર જ સર્વવ્યાપી હોવાથી તેને કોઈપણ રૂપે ભજી શકાય. કોઈપણ આકારમાં તેનું આવાહન કરી શકાય. દરેક ધર્મમાં- સંપ્રદાયમાં પ્રાર્થના કરવા કોઈક આકાર ઉપલબ્ધ હોય છે. કોઈક પ્રતીક ઉપલબ્ધ હોય છે. આપણી વૈદિક સનાતન પરંપરામાં અનેક આકારો ઉપલબ્ધ છે. આપણને સાંસ્કૃતિક વારસામાં અનેક રૂપો મળ્યાં છે. જેમ કે શ્રીલક્ષ્મીજી, શ્રીનારાયણ, શ્રીરામ, શ્રીકૃષ્ણ, શ્રીહનુમાન, શ્રીઉમિયાજી... વગેરે. આપણા માનસમાં આ બધાં રૂપોમાં ભગવદબુદ્ધિ છે. એક હિંદુને મન આ બધાં ઈશ્વરનાં જ રૂપો છે. હિંદુ આ બધાં રૂપોમાં ઈશ્વરને ભજે છે. સંપૂર્ણ વિશ્વ, બધાં જ રૂપો એક જ ઈશ્વરની અભિવ્યક્તિ સમાન જ છે. બધાં જ રૂપો 'એક'ની જ અભિવ્યક્તિ હોવાથી સમાન છે. બધી જ પૂજા સમાન છે.

આપણા વેદ આખા વિશ્વમાં અતિપ્રાચીન ગ્રંથ છે. આપણા સંસ્કૃતિ, આપણી પરંપરાઓ અતિ પ્રાચીન છે. સો-બસો વર્ષ, કે હજાર-બેહજાર વર્ષ જૂની પરંપરા નથી પરંતુ અનાદિકાળથી ચાલી આવતી અવિચ્છિન્ન પરંપરાના/સંસ્કૃતિના આપણે સૌ વંશજ છીએ. અનેકો અનેક પેઢીઓથી ચાલી આવતી પરંપરા છે. માટે જયારે પણ આપણે શ્રીગણેશ કે શ્રીહનુમાનના

ચિત્ર/મૂર્તિને જોઈએ તો આપણને સાહજિક રીતે ભગવાન- ઈશ્વર જ દેખાય છે. ભલે પ્રાણીનું મુખ જોતા હોઈએ પરંતુ આપણને પ્રાણી યાદ ન આવે તેમાં સહજ રીતે ઈશ્વર જ દેખાય.

પોતાના સંસ્કાર, ઉછેર, વ્યક્તિત્વ, માન્યતાઓ વગેરે કારણોથી પ્રેરાઈને આપણે જુદા જુદા રૂપે ઈશ્વરની પ્રાર્થના કરીએ છીએ. જેને માટે વિશેષ આદર કે વિશેષ પૂજયભાવ હોય તેને 'ઈષ્ટ સ્વરૂપ' કહેવાય. ઈષ્ટ એટલે ઈચ્છનીય, પ્રિય, આદરણીય, પૂજય. ઈશ્વરના કોઈપણ રૂપમાં આપણને પૂજયભાવ હોઈ શકે છે. કોઈકને શ્રી લક્ષ્મીનારાયણમાં, કોઈકને શ્રીઉમિયાજીમાં, કોઈકને શ્રીનારાયણમાં, કોઈકને શ્રીરામમાં, કોઈકને શ્રીકૃષ્ણમાં... વગેરે. આપણા મનમાં પૂજન વખતે ભગવદ્‌બુદ્ધિ ઉત્પન્ન થવી જરૂરી છે. નહીં કે ક્યા રૂપની આપણે પૂજા કરીએ છીએ !! માટે ક્યા રૂપે ઈશ્વરની પૂજા કરીએ છીએ તે અગત્યનું નથી, પરંતુ ઈશ્વરની પૂજા થવી, જે તે વિગ્રહમાં/મૂર્તિમાં ભગવદ્‌બુદ્ધિ થવી તે જ અગત્યનું છે.

**માટે ક્યા રૂપે ઈશ્વરની પૂજા કરીએ છીએ તે અગત્યનું નથી, પરંતુ ઈશ્વરની પૂજા થવી, જે તે વિગ્રહમાં/મૂર્તિમાં ભગવદ્‌બુદ્ધિ થવી તે જ અગત્યનું છે.**

# :: મૂર્તિપૂજા ::

પેઢી દર પેઢીથી ઈશ્વરનાં જુદાં જુદાં સ્વરૂપો જ નહીં પરંતુ મૂર્તિપૂજા પણ આપણને વારસામાં મળી છે. મૂર્તિના દર્શનમાત્રથી આપણા હૃદયમાં ભગવદ્ બુદ્ધિ ઉત્પન્ન થાય છે. મૂર્તિના પૂજન- અર્ચનથી સવિશેષ થાય છે. આપણો મહાન સાંસ્કૃતિક વારસો આ જ છે. તદુપરાંત ભલે આપણે મૂર્તિપૂજા શબ્દ ઉપયુક્ત કરીએ, પરંતુ કોઈ મૂર્તિપૂજા નથી કરતું પરંતુ ભગવાનની જ પૂજા કરે છે. કારણ કે ભક્તને મન, મૂર્તિ પથ્થર નથી પણ ભગવાન જ છે.

તમારા પિતાશ્રીની છબીમાં શું છે? છબી તો માત્ર કાગળ, વિવિધ રંગો અને કાચ છે. આપણને ખબર છે. તેમ છતાંય આપણે છબીને પુષ્પ ચઢાવીએ છીએ. કાગળને કે રંગને પુષ્પ નથી ચઢાવતાં- પરંતુ પિતાશ્રી પ્રત્યેના સ્નેહ અને આદરની અભિવ્યક્તિ રૂપે છબીને ચાંલ્લો કરી પુષ્પ ચઢાવીએ છીએ. જ્યારે છબીને પુષ્પ ચઢાવી રહ્યા છીએ ત્યારે પુત્ર મનોમન પિતાજીને જ પુષ્પ ચઢાવી રહ્યો હોય છે તે સમયે ભક્ત મનોમન ઈશ્વરનું જ પૂજન કરતો હેય છે. પુત્રને જેમ છબીમાં 'પિતાબુદ્ધિ' છે તેમ ભક્તને મૂર્તિમાં ભદવદ્બુદ્ધિ જ છે. મૂર્તિપૂજા થતી જ નથી. પરંતુ ભગવદ્પૂજા જ થાય છે. ભગવદ્પૂજન માટે મૂર્તિ માધ્યમ માત્ર છે જેમ પિતૃપૂજન માટે છબી માધ્યમ છે. એક કાર્ડ, કે પુષ્પગુચ્છ કે પુસ્તક... વગેરે આપણી ભાવના વ્યક્ત કરવાનું માધ્યમ બને છે તેમ ભગવાન પ્રત્યેની શરણાગતિ, સ્નેહ, આદર વગેરે ભાવોને પ્રગટ કરવાનું માધ્યમ મૂર્તિપૂજા બને છે.

મંદિરમાં મૂર્તિ ન પધરાવવામાં આવે અથવા પ્રાણપ્રતિષ્ઠા ન થાય ત્યાં સુધી મૂર્તિ એ છબી કે પથ્થર માત્ર જ છે. ભગવાન નથી. પરંતુ જ્યારે તેનું પૂજન અર્ચન કરવામાં આવે, મંત્રો ઈત્યાદિ સંસ્કાર દ્વારા તે મૂર્તિમાં પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવે ત્યાર બાદ છબી એ છબી નથી અને મૂર્તિ એ મૂર્તિ નથી રહેતી- એ સાક્ષાત્ ભગવાન જ છે. પથ્થરમાં કોતરકામ કરનાર શિલ્પી માટે પણ એ હવે પથ્થર/મૂર્તિ નથી પણ ભગવાન છે. શિલ્પી પણ પગે લાગશે. જ્યાં સુધી એ પધરાવવામાં નહોતી આવી ત્યાં સુધી એ છબી કે પથ્થર છે પરંતુ હવે તે ભગવાન છે. આપણી તેમાં ભગવદ્બુદ્ધિ છે. કોઈ મૂર્તિની પૂજા નથી કરતુ પરંતુ બધા જ ભગવાનંની જ પૂજા કરે છે.

**કોઈ મૂર્તિપૂજા નથી કરતું પરંતુ ભગવાનની જ પૂજા કરે છે.**
**કારણ કે ભક્તને મન, મૂર્તિ પથ્થર નથી પણ ભગવાન જ છે.**

એક સત્ય ઘટના જણાવું. રાજસ્થાનમાં આરસની મૂર્તિ બનાવનારા અનેક કારીગરો છે. થોડા દશકા પહેલાં મુંબઈના એક મંદિર માટે રાજસ્થાની શિલ્પીએ મૂર્તિ ઘડી આપી હતી. સફેદ આરસની તે મૂર્તિનાં કેટલાંક અંગો, જેવાં કે આંખ, આંખની ભ્રમર, હોઠ, ગળું વગેરેને અંગોને રંગ પણ કરી આપ્યો હતો. એ મૂર્તિની મંદિરમાં પ્રતિષ્ઠા થઈ. અંગોને ત્યાર બાદ રોજ પૂજન-અર્ચન થતાં હોવાથી થોડાં વર્ષોમાં આ રંગો ઘસાઈ ગયા. મંદિરના આધુનિક વ્યવસ્થાપકે શિલ્પીને પત્ર લખ્યો કે તે મુંબઈ આવે અને સફેદ આરસની મૂર્તિને ફરી રંગ કરી આપે. વ્યવસ્થાપકે આવન-જાવનનું ખર્ચ ઉપરાંત વધુ પૈસા આપવાની તત્પરતા પત્રમાં દાખવી હતી. શિલ્પીએ એ પત્રના પ્રત્યુત્તરમાં લખ્યું હતું કે, "તમને ખબર-સમજણ છે કે તમે મારી પાસે શું કરાવવા માંગો છો? ભગવાનને રંગનાર હું કોણ? તમને જો નવી મૂર્તિ જોઈતી હોય તો હું બનાવીને મોકલી આપું. પરંતુ તમે ગમે તેટલા પૈસા આપશો તો પણ ભગવાનને હું નહીં રંગી આપું.' શિલ્પીએ ભલે મૂર્તિ બનાવી પરંતુ મંદિરમાં તે મૂકાતા ભાવના બદલાઈ જાય છે. હવે શિલ્પી માટે પણ તે મૂર્તિ રહી નથી. અત્યાર સુધી ભલે એ પથ્થર હતો, જેમાંથી મૂર્તિ બનાવી પરંતુ હવે તે ભગવાન છે અને શિલ્પી પણ ભગવાનની પૂજા કરે છે.

ઈશ્વરનો અનુગ્રહ પ્રાપ્ત કરવા પૂજન કરવાનું છે. તેના અનુગ્રહથી આપણને સફળતા પ્રાપ્ત થાય. ખેર, ભગવાનની પૂજા, ઈશ્વર શરણાગતિથી, ઈશ્વરના અનુગ્રહથી, ભક્તિની અવધિરૂપે ઈશ્વરદર્શન પ્રાપ્ત થાય છે. ઈશ્વર સર્વવ્યાપી હોવાથી ન સર્વત્ર તેના જ દર્શન થાય છે. પરંતુ 'જ્ઞાન' ન હોવાથી આપણને ઉપનિષદના ઋષિની જેમ **(ईशावास्यं इदं सर्वम्...)** કે **તુલસીદાસજી**ની જેમ સિયારામમય જગ જાની કરહું પ્રનામ જોરી પાની કે પછી **નરસિંહ મહેતા**ની જેમ, 'અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરી, જૂજવે રૂપે અનંત ભાસે,' આવું દર્શન થતું નથી. આ જ્ઞાનને બ્રહ્મજ્ઞાન અથવા આત્મજ્ઞાન કહેવાય છે અને આ જ્ઞાનપ્રાપ્ત કરવા શુદ્ધ મન આવશ્યક છે. પૂજન દ્વારા શુદ્ધમન પ્રાપ્ત થાય છે.

**ઈશ્વરનો અનુગ્રહ પ્રાપ્ત કરવા પૂજન કરવાનું છે.**
**તેના અનુગ્રહથી આપણને સફળતા પ્રાપ્ત થાય.**

## :: ઋણ ::

આપણા આ પૃથ્વી પરનાં આગમનથી માંડીને આખી જીવનયાત્રા દરમ્યાન આપણે ઘણાંનો સહારો લઈએ છીએ. જન્મથી જ આપણે ત્રણ ઋણ અથવા કરજ છે. (૧) પિતૃઋણ (૨) દેવઋણ (૩) ઋષિઋણ.

**(૧) પિતૃઋણ** - એટલે માતા-પિતા અને સર્વ પૂર્વજોનું ઋણ. માતા-પિતાએ સંતાનને જન્મ આપ્યો એટલું જ નહીં પરંતુ સંતાનના ઉછેરમાં, શારીરિક તેમજ માનસિક વિકાસમાં માતા-પિતાનો અગણિત ફાળો છે. બાળકના સ્વાસ્થ્યનું નિરંતર ધ્યાન રાખીને, કાળજીપૂર્વક અભ્યાસ કરાવ્યો અને ખૂબ ચીવટપૂર્વક સંતાનમાં સંસ્કારોનું, સારાં જીવનમૂલ્યોનું સિંચન કર્યું- સંતતિની ખૂબ દરકાર રાખીને તેના જીવનની- વિકાસની નાનામાં નાની વસ્તુનું ધ્યાન રાખ્યું. બાળકની અગણિત માંગણીઓ- ઈચ્છાઓ સંતોષી અને બાળકે કરેલાં અનંત તોફાનો, આડોડાઈ કકળાટ... વગેરે. હસતે મોઢે પ્રેમપૂર્વક સહન કર્યાં. મારા સર્વ પૂર્વજોએ પેઢી દર પેઢી આ બધી બાબતોનું ધ્યાન રાખી, સુસંસ્કારોનું સિંચન કર્યું તેથી મને આવા આબરૂદાર, સુસંસ્કારી કુટુંબની હૂંફ મળી. આમ માનવી માતા-પિતા અને સર્વે પૂર્વજોનો ઋણી છે.

**(૨) દેવઋણ** - દેવતાઓ એટલે આ સૃષ્ટિનું સુચારુ સંચાલન- નિયમન કરનારાં વિવિધ પરિબળો. આ સૃષ્ટિમાં અનંત પરિબળો કામ કરે છે જેને પરિણામે સૃષ્ટિમાં સંવાદિતા અને વ્યવસ્થા છે. આ બધું જુદા-જુદા દેવતાઓને લીધે જ આભારી છે- તદુપરાંત સર્વ દેવતાઓનો અંશ મારી જુદી જુદી ઈન્દ્રિયોમાં નિવાસ કરે છે જેથી જ્ઞાનકર્મ તેમજ વિવિધ ચેષ્ટાઓ થઈ શકે છે. ચક્ષુમાં સૂર્યદેવતાનો અંશ છે. વાણીમાં અગ્નિદેવતાનો અંશ છે. જીભમાં વરુણ દેવતાનો અંશ છે... વગેરે. આમ માનવી દેવતાઓનો ઋણી છે.

**(૩) ઋષિઋણ** :આપણા ગોત્રપ્રવર્તક ઋષિના આપણે ઋણી છીએ. આજે આપણી પાસે જે જ્ઞાનવારસો છે, જે સંસ્કૃતિ છે, સુચારુ સમાજવ્યવસ્થા છે. આપણા ઋષિઓએ આપણને વેદના મંત્રો આપ્યા, ઉપનિષદનું ગૂઢ જ્ઞાન આપ્યું-યોગ, સાંખ્ય, કલ્પ, જયોતિષ, વ્યાકરણ... વગેરે અનેક વિદ્યાઓ આપી. કેટલાય ઋષિઓ-મુનિઓ, વૈજ્ઞાનિકો, ચિંતકો, આચાર્યો વગેરેએ કેટકેટલો પુરુષાર્થ કરીને આપણા માટે જ્ઞાનનું ભંડોળ ઊભું કર્યું-જ્ઞાનનું સંવર્ધન કર્યું. તે માટે આપણે આપણા પૂર્વજો-ઋષિઓના ઋણી છે. વિદ્વાનોએ-

**માનવી માતા-પિતા અને સર્વે પૂર્વજોનો ઋણી છે.**
**માનવી દેવતાઓનો ઋણી છે.**
**આપણે આપણા પૂર્વજો-ઋષિઓના ઋણી છે.**

જ્ઞાનીપુરુષોએ જ્ઞાનનું ઉપાર્જન અને સંવર્ધન કરવા માટે પોતાનું આખું જીવન સમર્પિત કરી દીધું હતું. આમ માનવી ઋષિ-મુનિઓનો ઋણી છે.

સૌ પ્રથમ આ ત્રિવિધ ઋણ પ્રત્યે આપણે સભાનતા કેળવવી જોઈએ તેમજ ત્રિવિધ ઋણ ચૂકવવા આપણે હંમેશા પ્રયત્નશીલ રહેવું જોઈએ. આપણું જીવન એવું હોવું જોઈએ કે જેથી આપણે આ ત્રિવિધ ઋણ યથાશક્તિ ચૂકવી શકીએ. આપણી સંસ્કૃતિમાં વિવિધ કાર્યો દ્વારા આ ત્રિવિધ ઋણ ચૂકવવાની પરંપરા છે.

દેવતાઓ કામપ્રધાન યોનિ છે. આસુર યોનિ ક્રોધપ્રધાન છે અને મનુષ્ય યોનિ લોભપ્રધાન છે. જ્યારે પશુ-પંખીની યોનિ વિસ્મૃતિપ્રધાન છે. પશુ-પંખી જ્યાં સુધી પોતાના આહાર માટે માતા-પિતા પર અવલંબે છે ત્યાં સુધી જ માતા-પિતાને ઓળખે છે. જેવા તેઓ પોતાનો આહાર જાતે મેળવતાં શીખી જાય, કે તેઓ માતા-પિતાને ભૂલી જાય છે. માતા-પિતાની વિસ્મૃતિ થઈ જાય છે અને જ્યારે સ્મૃતિ જ નથી તો પછી માતા-પિતાના ઉપકારની સ્મૃતિનો પ્રશ્ન જ ઊભો નથી થતો. જે સંતાનો માતા-પિતાને ભૂલી જાય, તેમણે કરેલા ત્યાગ-સમર્પણને ભૂલી જાય તે સંતાનો પશુ સમાન જ છે.

પિતૃઋણ ફેડવા, દરેક સંતાનોએ માતા-પિતાની નિરંતર સેવા કરવી જોઈએ. તેમના સ્વાસ્થ્યનો ખ્યાલ રાખીને લાગણી અને હૂંફ આપવી જોઈએ. તેમની શારીરિક તેમજ માનસિક મર્યાદાઓને સ્વીકારીને તેમની જરૂરિયાતો સંતોષવી જોઈએ. માતા-પિતાની આમન્યા સાચવવી જોઈએ. તેમને સંતાનથી સંતોષ થાય તેવું વર્તન- વ્યવહાર રાખવા જોઈએ. તેઓનાં વર્તન- વ્યવહારના બદલાવની અપેક્ષા રાખવાને બદલે હંમેશા પોતાનો વ્યવહાર- વર્તન માતા-પિતાને અનુકૂળ કરવાં- જે પૂર્વજો વિદાય લઈ ગયા છે તેમની સેવા શ્રાદ્ધ વગેરે વૈદિક કર્મોથી કરવી જોઈએ. જે શ્રદ્ધાપૂર્વક કરવામાં આવે તેને જ શ્રાદ્ધ કહે છે. શાસ્ત્રનું પ્રામાણ્ય સ્વીકારીને શાસ્ત્રોના વિધાન પ્રમાણે જ શ્રદ્ધાપૂર્વક કર્મો કરવાં. રજા લઈ ગયેલા પૂર્વજોની સ્મૃતિમાં દાન આપીને સમાજસેવા કરવી- એ પણ પિતૃઋણ ચૂકવવાનો પ્રકાર છે.

વેદોક્ત હવન, પૂજન વગેરેનું અનુષ્ઠાન કરી દેવઋણ ચૂકવવાનું છે. સમષ્ટિની સંવાદિતા જાળવી રાખવાનો પ્રયત્નને સમષ્ટિની સેવા જ કહી શકાય. પર્યાવરણની જાળવણી અને પર્યાવરણનું સંવર્ધન દેવઋણ ચૂકવવાનો પુરુષાર્થ છે. આપણું જીવન એવું હોવું જોઈએ કે આપણે સમષ્ટિમાં અશુદ્ધ, કચરાનો

**જે શ્રદ્ધાપૂર્વક કરવામાં આવે તેને જ શ્રાદ્ધ કહે છે.**
**રજા લઈ ગયેલા પૂર્વજોની સ્મૃતિમાં દાન આપીને સમાજ સેવા કરવી**
**એ પણ પિતૃઋણ ચૂકવવાનો પ્રકાર છે.**

ફેલાવો ન કરીએ. બિનજરૂરી વસ્તુઓ ભેગી કરીને ઉપભોગ કરીને પર્યાવરણની સંવાદિતા ન તોડીએ.

જ્ઞાનસાધના એ ઋષિઋણ ચૂકવવાનું સાધન છે. જીવન જ્ઞાનાભિમુખ હોવું જોઈએ. ખૂબ જ્ઞાન પ્રાપ્ત કરવું, પ્રાપ્ત કરેલા જ્ઞાનનો પ્રચાર- પ્રસાર કરવો, જ્ઞાનનું સંવર્ધન કરવું વગેરે પ્રયત્નો ઋષિઋણમાંથી મુક્ત થવા માટેના છે. જ્ઞાનપ્રાપ્તિનો પુરુષાર્થ કરનારા સાધકો, વિદ્યાર્થીઓ વગેરેને સહાયભૂત થવું જોઈએ. વેદ-પુરાણ વગેરે આપણાં શાસ્ત્રોના અભ્યાસુઓને હંમેશા મદદ કરવી જોઈએ. વિદ્યાર્થીને વિદ્યાભ્યાસમાં આવતી સર્વ અડચણો દૂર કરવા મદદરૂપ થવું જોઈએ.

**જ્ઞાનસાધના એ ઋષિઋણ ચૂકવવાનું સાધન છે.**
**જ્ઞાનપ્રાપ્તિનો પુરુષાર્થ કરનારા સાધકો, વિદ્યાર્થીઓ**
**વગેરેને સહાયભૂત થવું જોઈએ.**

## :: યજ્ઞ ::

આપણી આજુ-બાજુ નજર કરીએ તો સ્પષ્ટ સમજાય કે વિશ્વનાં બધાં જ પરિબળો, પશુપંખીઓ સીધી કે આડકતરી રીતે આપણને સહયોગ આપી રહ્યાં છે. સૂર્ય પોતાની ઉષ્ણતા અને પ્રકાશ આપીને, ચંદ્રમા શીતળતા અને વનસ્પતિને રસ આપીને, વૃક્ષો આપણા ઉચ્છ્વાસમાંના કાર્બનડાયોક્સાઈડનું શોષણ કરે અને આપણને ઓક્સીજન આપીને, વાયુ શુદ્ધ હવા અને શીતળતા આપીને... જાતજાતનો સહયોગ કરી રહ્યાં છે. કેટલાય ખેડૂતો, ખેતમજૂરો, જીવ-જંતુઓ આપણને અન્ન ઉગાડીને સહયોગ કરી રહ્યા છે. વૈશ્વિક સહયોગ વગર આપણું જીવન શક્ય નથી.

આખું વિશ્વ એક-બીજાનો સહયોગ કરી રહ્યું છે. વૈશ્વિક અસ્તિત્વ પરસ્પર અવલંબિત છે. (Symbiotic) છે. એક કુટુંબના સભ્યો પરસ્પર સહયોગથી જ સંવાદિતા ટકાવી શકે તે જ પ્રમાણે સમગ્ર વિશ્વમાં પરસ્પર સહયોગ આવશ્યક છે. સમગ્ર વિશ્વપ્રત્યે કુટુંબભાવના રાખીને (**वसुधैव कुटुम्बकम्**) પરસ્પર સહયોગ કરવો જોઈએ. ઈશ્વર જ વિશ્વરૂપે અભિવ્યક્ત થાય છે- તેથી ઈશ્વર જ જુદાં જુદાં નિમિત્તો દ્વારા વૈશ્વિક સંવાદિતા ટકાવી રહ્યો છે. આખા વિશ્વનો આપણા પર અનુગ્રહ છે. અર્થાત્ ઈશ્વરના અનુગ્રહથી જ આપણું જીવન ટકે છે. આ અનુગ્રહ પ્રત્યે સભાન બની કૃતજ્ઞતા સ્વરૂપે આપણે જે કંઈ કરવાનું, સમષ્ટિની સેવા કરવાની, ઈશ્વરની સેવા કરવાની તેને 'યજ્ઞ' કહેવાય છે.

ભગવદ્ ગીતાના ત્રીજા અધ્યાયમાં શ્રીકૃષ્ણ કહે છે.

**सहयज्ञा : प्रजा सृष्ट्वा : पुरोवाच प्रजापतिः ।**
**अनेन प्रसविष्यध्वं एष वोऽत्विष्टकामधुक् ॥**

બ્રહ્માજીએ સૃષ્ટિનું સર્જન કર્યું ત્યારે મનુષ્યના સર્જનની સાથે સાથે બ્રહ્માજીએ યજ્ઞોનું સર્જન કર્યું અને મનુષ્યોને કહ્યું, "યજ્ઞથી જ તમે સર્વ પ્રકારની ઉન્નતિ પ્રાપ્ત કરશો. યજ્ઞ તમારા માટે કામધેનુ સમાન છે."

યજ્ઞવેદીમાં અગ્નિને, યજ્ઞનારાયણને આહુતિ અપાય તેને આપણે યજ્ઞ કહીએ છીએ. પરંતુ અહીં 'યજ્ઞ' શબ્દની વ્યાપક વ્યાખ્યા લેવાની છે. વેદમાં કહ્યું

**સમગ્ર વિશ્વપ્રત્યે કુટુંબભાવના રાખીને (वसुधैव कुटुम्बकम्) પરસ્પર સહયોગ કરવો જોઈએ.**

છે, **"यज्ञो वै विष्णुः"** વિષ્ણુ એટલે નારાયણ જ યજ્ઞસ્વરૂપ છે. માટે નારાયણને અર્પણ કરવાની ભાવનાથી થયેલું કર્મ 'યજ્ઞ' કહેવાય. યજ્ઞમાં અગ્નિનારાયણને દેવતાઓને ઉદ્દેશીને આહુતિ દ્રવ્ય હોમવામાં આવે છે. આહુતિ દ્રવ્યનો ત્યાગ છે. દ્રવ્ય હોમની પાછળ ત્યાગભાવના રહેલી હોય છે. **"इदं न मम"** આ મારું નથી– સમષ્ટિનું છે એવી સમર્પણની ભાવના રહેલી હોય છે. આમ સમર્પણની ભાવનાથી, ત્યાગ ભાવનાથી કરવામાં આવેલું કર્મ પણ 'યજ્ઞ' કહી શકાય. બ્રહ્માજીએ માનવોનું સર્જન કર્યું અને આદેશ આપ્યો "સમર્પણભાવથી જીવન જીવો, પરોપકારનું જીવન જીવો."

સમાજના પ્રત્યેક સભ્યમાં પરોપકારની– બીજાની સેવા કરવાની તત્પરતા હોવી જોઈએ. આવી ભાવના રાખવાથી બધાની જરૂરિયાત સંતોષાઈ જાય. સમાજનાં બધાં જ એક–બીજાને મદદ કરતાં, એક–બીજાને સુખી કરતાં કરતાં પોતે જરૂર સુખી થાય. પરંતુ સમાજના સભ્યો માત્ર સ્વાર્થને જ જીવનમાં પ્રાધાન્ય આપે, માત્ર પોતાના જ લાભ/ફાયદાનો ખ્યાલ રાખે તો બીજાને થવાની પૂરી શક્યતા રહે. કાળાંતરે આવો સમાજ વિનાશ પામે. માટે **"सर्वे भवन्तु सुखिनः"** ની ભાવના રાખી, નિરંતર સમાજના બીજા સભ્યોની સેવા કરવાથી જ સમાજમાં સમૃદ્ધિ અને શાંતિ આવે. અગાઉ કહ્યું તે આ જ 'યજ્ઞ' છે. સમાજની પ્રત્યેક વ્યક્તિએ સમર્પણયજ્ઞ કરવો જરૂરી છે.

આપણી પાસે જે કંઈ છે તે બીજાને વહેંચવું જોઈએ. મારી પાસે જે કંઈ છે તે માત્ર મારું એકલાનું– નથી મને જે કંઈ પ્રાપ્ત થયું છે, મેં જે કંઈ સિદ્ધિ મેળવી છે તે ઈશ્વરના અનુગ્રહના પ્રતાપે જ છે. "માત્ર મારી તાકાતથી, આપબળે જ હું આગળ આવ્યો છું" આવી માન્યતા મિથ્યા અભિમાન છે. આપણે ક્યારેય આવા અભિમાની ન થવું જોઈએ. આપણે કોઈપણ કર્મ ઈશ્વરના અનુગ્રહથી જ કરી શકીએ છીએ. આપણું જ્ઞાન, આપણી બુદ્ધિ–સમજણ પણ ઈશ્વરના અનુગ્રહથી જ છે. "કાબે અર્જુન લૂટીયો, વહી ધનુષ વહી બાન" શ્રીકૃષ્ણ પરમાત્મા ધામમાં પધાર્યા, તેમનો અનુગ્રહ નહોતો ત્યાર બાદ અર્જુનનું ગાંડીવ કંઈ સિદ્ધ ન કરી શક્યું. ગાંડીવ જાણે કે નકામું બની ગયું. તે જ પ્રમાણે આપણા ઉપર શ્રીવિષ્ણુ પરમાત્માનો અનુગ્રહ ન હોય તો આપણે કંઈ પણ સિદ્ધ ન કરી શકીએ. આપણી બધી શક્તિ– બધું સામર્થ્ય પેલા અર્જુનની જેમ નિરર્થક બની જાય. આ વાસ્તવિક

> **"सर्वे भवन्तु सुखिनः" ની ભાવના રાખી, નિરંતર સમાજના બીજા સભ્યોની સેવા કરવાથી જ સમાજમાં સમૃદ્ધિ અને શાંતિ આવે.**

સત્યથી અજ્ઞાત મનુષ્યો એમ માને છે કે "મારી પાસે જે કંઈ છે તે મારી મહેનતનું જ છે. હું ઈશ્વરના અનુગ્રહમાં માનતો નથી. આ બધું માત્ર મારું જ છે. મારે કોઈને વહેંચવું નથી- કંઈ પરોપકાર કરવો નથી." આવા અજ્ઞાની- મિથ્યા અહંકારી વ્યક્તિઓ પોતે એકલા જ ભોગવે. સમાજને કંઈ ન આપે. કંઈ પરોપકાર ન કરે આવી વ્યક્તિઓને ગીતાજીમાં ભગવાન કહે છે **"स्तेन एव ते सः"** આવી વ્યક્તિ ચોર જ છે. સામાજિક ચોર છે. આવા સામાજિક ચોરનું આયુષ્ય પાપમય છે. તેમનું જીવન વૃથા છે.

આપણું જીવન સાર્થક કરવા માટે આપણા જીવનમાં પરોપકારની ભાવના હોવી જોઈએ. સમાજસેવાની વૃત્તિ હોવી જોઈએ. આપણી સંપત્તિ, સમૃદ્ધિનો અંશ સમાજને અર્પણ કરવાની તત્પરતા હોવી જરૂરી છે. આપણા સઘળા વ્યવહારમાં, સઘળાં કર્મોમાં પરોપકારની ભાવના પ્રગટ થવી જોઈએ. નિરંતર પરોપકાર-ત્યાગભાવના ટકાવવી મુશ્કેલ છે. ઘણાં માટે અસંભવિત લાગે. માત્ર 'યજ્ઞમય' 'ત્યાગમય' જીવન અશક્ય લાગે. આપણાં શાસ્ત્રોએ, આપણા વેદોએ, આપણા ઋષિઓએ આદેશ આપ્યો છે કે દરરોજ પાંચ પ્રકારના યજ્ઞો કરવા. જીવનમાં પંચવિધ સેવા- પંચવિધ ત્યાગને સ્થાન આપવું જ જોઈએ.

**(૧) ભૂતયજ્ઞ :** આપણી આસપાસના પશુ-પંખી, જીવ-જંતુઓ માટે યજ્ઞ થવો જોઈએ. પક્ષીઓ, ગાય, કૂતરાં વગેરે માટે આપણા ધાન્યમાંથી/ આપણા અન્નમાંથી ભાગ કાઢવો જોઈએ. ચબૂતરે દાણા નાખો જેથી પક્ષીઓ ખાય. પાણીની કૂંડી ભરો જેથી મૂંગા જીવની તરસ છીપાય. દરરોજ ગાય-કૂતરાને અન્ન આપવું.

**(૨) નૃયજ્ઞ :** અતિથિદેવો ભવની ભાવના રાખી અતિથિની શુશ્રૂષા કરો. ઘરે મહેમાનોને આવકારો આપો. એવો ભાવ રાખો કે જેથી મહેમાનને આવવાનું મન થાય. ગરીબ, પીડિત, ભૂખ્યા માણસોને મદદ કરવી તેમને અન્ન આપો, દવા વગેરે દ્વારા શારીરિક પીડા દૂર કરો, તેમને વસ્ત્રો વગેરેનું દાન કરો. વિશેષતઃ શિયાળામાં ગરમ વસ્ત્રો વગેરેનું દાન કરવું.

**(૩) પિતૃયજ્ઞ :** માતા-પિતાને દેવસમાન ગણીને તેમની સેવા કરો. વૃદ્ધ માતા-પિતા-વડીલો બદલાય અને તમને અનુકૂળ થાય તેવી અપેક્ષા ન રાખવી. તમે તમારું જીવન, તમારી અપેક્ષાઓ, ગમા-અણગમા બદલો અને વડીલોને

**આપણું જીવન સાર્થક કરવા માટે આપણા જીવનમાં પરોપકારની ભાવના હોવી જોઈએ. સમાજસેવાની વૃત્તિ હોવી જોઈએ. જીવનમાં પંચવિધ સેવા- પંચવિધ ત્યાગને સ્થાન આપવું જ જોઈએ.**

અનુકૂળ થાઓ. વડીલો જેવા છે તેવા તેમને સ્વીકારો અને તેમની સેવા– શુશ્રૂષા કરો. રજા લઈ ગયેલા વડીલોનું શ્રાદ્ધ કરો. તેમની પાછળ દાન–પુણ્ય કરવું.

**(૪) દેવયજ્ઞ :** દેવતાઓને ઉદ્દેશીને યજ્ઞ કરવા. વૈદિક વિધિ અનુસાર વિદ્વાન બ્રાહ્મણની દેખરેખ હેઠળ યજ્ઞ કરવા. પર્યાવરણને કલુષિત ન કરવું પરંતુ પર્યાવરણનું રક્ષણ કરવું. પર્યાવરણની રક્ષા કાજે થતી પ્રવૃત્તિઓમાં ફાળો આપવો.

**(૫) બ્રહ્મયજ્ઞ :** વેદનું અધ્યયન– પઠન કરવું. વેદનું અધ્યયન શક્ય ન હોય તો રામાયણ, ભાગવતજી, ગીતાજી વગેરે ગ્રંથોનું નિયમિત અધ્યયન કરવું. આવું અધ્યયન પણ શક્ય ન હોય તો વેદાધ્યયન કરનાર પુરોહિતોને (બ્રાહ્મણોને) સહાય કરવી. ગીતા જ્ઞાન યજ્ઞો–સત્રો–આધ્યાત્મિક શિબિરોનું આયોજન કરવું. આવા આધ્યાત્મિક કાર્યોમાં સહાયતા કરી, શાસ્ત્રપ્રચાર કરવો.

**તમારું જીવન, તમારી અપેક્ષાઓ, ગમા-અણગમા બદલો અને વડીલોને અનુકૂળ થાઓ. વડીલો જેવા છે તેવા તેમને સ્વીકારો અને તેમની સેવા-શુશ્રૂષા કરો.**

# :: ગુરુ-શિષ્ય સંબંધ ::

માનવજીવનમાં પૂર્ણ સફળતા–નિત્ય સફળતાનો આધાર તેનું 'ચારિત્ર્ય' છે. સત્ ચરિત્ર્યના આધાર વગર કોઈપણ રીતે સફળતા મેળવી લેવામાં આવે તો, તે સફળતા ઝાઝું ટકતી નથી. માત્ર વ્યક્તિગત સફળતા નહીં પરંતુ પરિવારની, સમાજની , રાષ્ટ્રની સફળતા, જે તે સમાજના વ્યક્તિઓની ચરિત્રનિષ્ઠા પર અવલંબિત છે. ચરિત્રહીનતાથી સમૃદ્ધિ, વિકાસ અને ક્ષમતાનું વિઘટન થાય. જીવનમાં આત્મવિશ્વાસ, પુરુષાર્થ (પરિશ્રય) બલિદાન, સાહસ, નિયમિતતા, માનસિક સંતુલન વગેરે ગુણો ઉપયોગી છે પરંતુ ઉત્કૃષ્ટ ચરિત્ર્ય જ માનવજીવનની સાચી મૂડી છે. આવી વ્યક્તિ સમાજની સાચી મૂડી છે. બીજી બધી સંપત્તિ અસ્થાયી છે ચરિત્ર્યરૂપી સંપત્તિ એ જ માનવજીવનનો સાચો નિધિ છે. પવિત્ર ચરિત્ર જે વૈયક્તિક, સામાજિક અને રાષ્ટ્રીય મહાનતા તથા વૈભવનો જીવનપ્રાણ છે. ઉત્કૃષ્ટ ચરિત્ર્યની આવશ્યક્તા દર્શાવતી પ્રહ્લાદજીની કથા પુરાણોમાં પ્રચલિત છે. પ્રહ્લાદ સ્વર્ગના રાજા હોવાથી ઈન્દ્ર સ્વર્ગનાં આધિપત્ય તથા સુખોથી જણાવવની વિનંતિ કરી. વંચનાથી મુક્ત થવાના ઉપાયો ઈન્દ્રએ તેના ગુરુ બૃહસ્પતિને આ ત્યારે બૃહસ્પતિએ કહ્યું, 'જયારે ભરી સભામાં પ્રહ્લાદ ઈચ્છાદાન કરતા ત્યારે તેનું ચરિત્ર્ય માંગી લો.' ગુરુજીએ સૂચવેલા ઉપાય મુજબ, પ્રહ્લાદ સભામાં જયારે ઈચ્છાદાન કરતા હતા ત્યારે ભિક્ષુકવેશે આવેલા ઈન્દ્રે તેનું ચરિત્ર્ય માંગી લીધું.

જેવું પ્રહ્લાદે કહ્યું કે 'જા મારું ચરિત્ર્ય તને દાનમાં આવ્યું.' તરત જ એક રહેલા ઈન્દ્રમાં પ્રવેશી ગઈ. પ્રહ્લાદે પૂછ્યું. 'તું કોણ છે?' તેજપુંજે જવાબ આવ્યો, 'હું તારું ચરિત્ર્ય છું તે મને દાન આપ્યું તેથી મારે હવે ઈન્દ્રના શરીરમાં જવું જોઈએ.' આમ કહી તે તેજ ઈન્દ્રના શરીરમાં પ્રવેશી ગયું. ક્ષણવારમાં બીજું તેજયું જ પ્રહલાદના શરીરમાંથી બહાર આવ્યું. પ્રહ્લાદ પુછ્યું, ' તું કોણ છે ? શા માટે મારા શરીરને છોડીને આ ઈન્દ્રના શરીરમાં પ્રવેશે છે? તેજપુંજે જવાબ આવ્યો. 'હું તારું શૌર્ય છું. હું ચરિત્ર્યનો દાસ છું. જયાં સુધી ઉદાર ચરિત્ર્ય તારામાં હતું ત્યાં સુધી હું તારામાં રહ્યું. હવે તારૂં ચરિત્ર્ય ગયું, ત્યાં જ હું જઈશ. તેજપુંજ જ ભિક્ષુકવેશ ઈન્દ્રમાં પ્રવેશી ગયું. ક્ષણે ક્ષણે સાહ, ધૈર્ય, બલિદાન, આત્મવિશ્વાસ..વગેરે તેજયું જો પ્રહ્લાદના શરીરમાંથી નીકળીને ભિક્ષુકવેશ ઈન્દ્રના શરીરમાં પ્રવેશ્યા.

**ઉત્કૃષ્ટ ચરિત્ર્ય જ માનવજીવનની સાચી મૂડી છે. આવી વ્યક્તિ સમાજની સાચી મૂડી છે. ચરિત્ર્યરૂપી સંપત્તિ એ જ માનવજીવનની સાચી નિધિ**

છેલ્લે એક દેદીવ્યમાન પ્રભાવશાળી સ્ત્રીપુંજ પ્રહલ્લાદના શરીરમાંથી બહાર નીકળ્યો. તે સ્ત્રીએ પણ બીજા તેજપુંજોની જેમ જ સમાન ઉક્તિ કહી, ‘ હું તારી રાજયશ્રી છું. હું પણ ચરિત્ર્યની જ સેવિકા છું. તે તારા ચરિત્ર્યનો આ ભિક્ષુકને ત્યાગ કરી દીધે છે માટે હું પણ તને છોડીને જાઉં છું.’ પરિણામે પ્રહલ્લાદનો બધો વૈભવ અને બધી જ સત્તા નાશ પામી.

વાર્તાનો સારાંશ એ જ છે કે ઉત્કૃષ્ટ ચરિત્ર્ય દ્વારા બધું જ પ્રાપ્ત થાય છે. જયારે ચરિત્ર્ય ગુમાવી દેવાથી બધું જ ગુમાવવું પડે છે. આ સત્ય દરેક વ્યક્તિને, દરેક સમાજને અને દરેક રાષ્ટ્રને લાગુ પડે છે. ઉત્તમ ચરિત્ર્ય જીવનને સમાજને સાચી દીશામાં લઈ જઈ શકે છે. જયારે ચરિત્ર્યના અભાવમાં વ્યક્તિ-સમાજ અને રાષ્ટ્ર પથભ્રષ્ટ થઈને સ્વવિનાશની ખાઈમાં ધકેલાય છે. ચરિત્ર્યનુ બળ એ સર્વ શ્રેષ્ઠ બળ છે અને સત ચરિત્ર્યએ સર્વશ્રેષ્ઠ સંપત્તિ છે.

ગુરુજનો શિષ્યના ચરિત્ર્યનું નિર્માણ કરે છે. ગુરુજનો શિષ્યના ઉત્કૃષ્ટ ચરિત્ર્યનું નિર્માણ કરી તેને જીવમાંથી શિવ બનાવે છે. ગુરુજનો જ્ઞાન અને દિવ્યતાનું મૂર્ત સ્વરૂપ છે. માટે ગુરુજનો પ્રત્યે આદરપૂર્વક, ભક્તિસભર નર્મતાથી વર્તવુ જોઈએ. ગુરુજનો પ્રત્યેનો આવો વ્યવહાર આપણા હિતમાં છે. ગુરુજનો પ્રત્યેનો ભક્તિભાવ આપણી સુધારણા માટે છે. રામાવતારમાં કે કૃષ્ણાવતારમાં ભગવાન નારાયણે આપણને આદર્શ બક્ષ્યો છે. આખા બ્રહ્માંડના અધિપતિ હોવા છતાં શ્રીનારાયણ સ્વયં રામાવતારમાં વિશ્વામિત્ર ઋષિની સેવા કરે છે. ભગવાન નારાયણ સ્વયં જ્ઞાનસ્વરૂપ છે. તેમણે ભણવા જવાની જરૂર નથી. છતાં સાંદિપનિ ઋષિના ચરણોમાં બેસીને સામાન્ય શિષ્ય જેવો જ વ્યવહાર કરે છે. ગરીબ બ્રાહ્મણ સહાધ્યાયી સુદામા સાથે વરસાદ અને વાવાઝોડામાં પણ ગુરુજી માટે સૂકાં સમધિ લેવા જંગલોમાં રઝળ્યાં હતાં. તેમણે પોતાના ગુરુની સેવા અત્યંત શ્રદ્ધાથી અને પ્રેમથી કરી હતી. વર્ષો પછી પોતાના સહાધ્યાયી સખા સુદામાને કેવા પ્રેમથી મળે છે! અંતે સુદામાને અગાધ સંપત્તિ પણ આપે છે. તેઓનો બધા સહાધ્યાયીઓ પ્રત્યે શુદ્ધ અને અગાધ પ્રેમ હતો. તે જ પ્રમાણે આપણે પણ આપણા ગુરુજનોની સેવા કરવામાં તત્પર રહેવું જોઈએ. બધી જ સેવા પૂર્ણ શ્રદ્ધા અને પ્રેમથી કરવી જોઈએ. ગુરુજનોની સેવા, તેમની સગવડ માટે નથી પરંતુ આપણી સુધારણા માટે છે. આપણા હિતમાં છે. સેવા કરવાથી આપણો હંકાર શિથિલ થાય છે અને આપણું અંતઃકરણ શુદ્ધ થાય છે.

**ગુરુજનો શિષ્યના ઉત્કૃષ્ટ ચરિત્ર્યનું નિર્માણ કરી તેને જીવમાંથી શિવ બનાવે છે. માટે ગુરુજનો પ્રત્યે આદરપૂર્વક, ભક્તિસભર નર્મતાથી વર્તવુ જોઈએ.**

હા, અત્રે ઉલ્લેખનીય છે કે ગુરુજનો પાસેથી માત્ર 'મંત્રદીક્ષા' પ્રાપ્ત કરીન અટકવાનું નથી. ગુરુજનો પાસેથી માત્ર મંત્રદિક્ષા લઈ લેવાથી જ્ઞાન થતું નથી. ગુરુજનો સાચી સમજણ ઉદ્દ્ભવતી નથી. ગુરુજનો પાસેથી નિયમિત સત્સંગ કરવો જરૂરી છે. નિયમિત સત્સંગ કરવાથી જીવનમાં સાચી સમજણ આવે– 'જીવન ડાહપણ' આવે જે પ્રાપ્ત થતાં આપણા ચરિત્ર્યનું નિર્માણ થાય. અને ચરિત્ર્ય નિર્માણ થતાં બધા જ ગુણો આપમેળે પ્રાપ્ત થાય. આમ ગુરુજનો આપણમાં સદ્ચરિત્ર્યનું નિર્માણ કરે. જો આપણે નિયમિત સત્સંગ કરીએ તો માટે જ ગુરુજનો માટે કહ્યું છે, 'ભુક્તિ મુક્તિ પ્રદાતા...' (ગુરુજનોની કૃપા આપણને અભ્યુદય અને મોક્ષ અપાવનારી છે).

ગુરુકૃપા તો નિત્યપ્રાપ્ત હોય છે. ગુરુજનો તો દયાના સિંધુ છે. તેઓને કોઈ અપેક્ષા મહત્વકાંક્ષા નથી. પરંતુ ગુરુકૃપાને પ્રાપ્ત કરવા આપણે અધિકારી બનવું પડે. શ્રદ્ધાપુર્વક સમર્પિત થવું પડે. જુદી જુદી ચેનલો દ્વારા પ્રસારિત ટીવીના દ્રશ્ય–શ્રાવ્ય પ્રોગ્રામો સર્વત્ર ઉપલબ્ધ છે. તે વિદ્યુત ચુંબકીય તરંગો રૂપે સર્વત્ર છે. તેને પ્રાપ્ત કરવા એન્ટેના લગાડી ચેનલ ગોઠવવી પડે. જે જોવું હોય તેને અનુસાર સાધનનું વ્યવસ્થાપન (adjutment) કરીએ તો જ પ્રોગ્રામ જોવાય. તે જ પ્રમાણે આપણુ વ્યવસ્થાપન એટલે શ્રદ્ધાપૂર્વકનું સમર્પણ એ ગુરુજનોનો નિયમ નથી. પરંતુ જ્ઞાનનો નિયમ છે. ગુરુજનો તો કૃપા વરસાવે, જ્ઞાનનો ઉપદેશ આપે ,પરંતુ આપણને જ્ઞાન ન તાય આપમઆ ચરિત્ર્યનું નિર્માણ ન થાય તો શક્ય છે કે આપણું વ્યવસ્થાપનસમર્પણ બરોબર ન હોય !!! આપણા દરેક ધર્મગ્રંથોમાં શ્રદ્ધા–શરણાગતિ પર ખૂબ ભાર મૂક્યો છે. ગીતાજીમાં શ્રીકૃષ્ણ પરમાત્મા સ્પષ્ટ કહે છે કે 'શ્રદ્ધાવાન લભતે જ્ઞાનમ'. શ્રદ્ધાળુ અચૂક જ્ઞાન પ્રાપ્ત કરે છે. એટલું જ નહીં પરંતુ ૧૮માં અધ્યાયમાં ઉપસંહાર વખતે શ્રીકૃષ્ણ અર્જુનને સ્પષ્ટ આદેશ આપે છે કે જે શ્રદ્ધાળુ ન હોય તેને કદી આ જ્ઞાનનો ઉપદેશ કરવો નહીં. આ વિદ્યા 'રાજગુહ્ય' છે. તેથી કદાચ અશ્રદ્ધાળુ શ્રવણ કરે તો પણ ફળદાયી નિવડતી નથી. તેને જ્ઞાનપ્રાપ્ત થતું નથી. તેનું ચરિત્ર શુદ્ધ થતું નથી.

ગુરુજનો શિલ્પી જેવા છે. શિલ્પી જેમ ધીરે ધીરે ટાંચણા મારીને પથ્થરમાંથી ભગવાનની મનોહર મૂર્તિ ઘડે છે ત્યારે અનીશ્વર અંશને દૂર કરી ઈશ્વરનું પ્રાગટ્ય કરે છે. તેમ ગુરુજનો જીવઅંશ દૂર કરી શિવને પ્રગટ કરે છે. આ

**ગુરુજનો પાસેથી નિયમિત સત્સંગ કરવો જરૂરી છે. નિયમિત સત્સંગ કરવાથી જીવનમાં સાચી સમજણ આવે-'જીવન ડાહપણ' આવે જે પ્રાપ્ત થતાં આપણા ચરિત્ર્યનું નિર્માણ થાય.**

એક પ્રક્રિયા છે – જે ખૂબ જ ધીરજ અને સમય માંગી લે છે. આ માટે શિષ્યએ નિરંતર ગુરુજીના સંપર્કમાં રહેવું જરૂરી છે. નિયમિત સત્સંગ કરવો – ગુરુજી પાસેથી શ્રવણ કરવું જરૂરી છે. શ્રવણ બાદ મનન–નિદિધ્યાસન કરવાથી કાળાંતરે જ્ઞાનપ્રાપ્ત થાય છે. જીવમાંથી શિવ પ્રગટ થાય છે. માટે ગુરુજનો સાથેનો જીવંત સંપર્ક–નિત્ય સેવા અને શ્રવણ આવશ્યક છે. ગુરુજીનો નિત્યસંપર્ક ન હોય, ગુરુજી હયાત ન હોય તો પણ ગુરુજીના આશીર્વાદ–કૃપા જરૂર પ્રાપ્ત થાય. ગુરુજીના સંકલ્પથી કૃપા મળે પરંતુ શિક્ષા–ઉપદેશ ન મળે.

**ગુરુજનો શિલ્પી જેવા છે. શિલ્પી જેમ ધીરે ધીરે ટાંચણા મારીને પથ્થરમાંથી ભગવાનની મનોહર મૂર્તિ ઘડે છે તેમ ગુરુજનો જીવઅંશ દૂર કરી શિવને પ્રગટ કરે છે.**

# :: શ્રીનારાયણ ::

ભગવાન શ્રીનારાયણનો ઉલ્લેખ વેદોમાં, પુરાણોમાં, ઈતિહાસમાં.... સંત ભારતીય વાઙ્મય સર્વત્ર જોવા મળે છે. વેદોમાં શ્રીનારાયણને ઉદ્દેશીને સૂક્તો પણ છે. 'નારાયણ' શબ્દનો અર્થ છે 'જે સર્વવ્યાપી છે તે'. સર્વપ્રાણીઓમાં ચૈતન્યરૂપે જે નિવાસ કરે છે તે. જે આખા બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરે છે. સર્વનું અધિષ્ઠાન છે તે. શાસ્ત્રોમાં નારાયણને જ વિષ્ણુ કહ્યા છે અને વિષ્ણુને નારાયણ કહ્યા છે. વિષ્ણુ શબ્દનો પણ અર્થ સર્વવ્યાપી, સર્વાધિષ્ઠાન જ છે. વેદોમાં વર્ણન છે. "આખા બ્રહ્માંડમાં જે કંઈ જડ–ચેતન છે તે બધું જ શ્રીનારાયણ (શ્રીવિષ્ણુ) થી વ્યાપ્ત છે." શ્રીનારાયણ (શ્રીવિષ્ણુ) એટલે જે સર્વવ્યાપી પરમાત્મા. ઋગ્વેદમાં જણાવ્યું છે કે જેઓ નિષ્ઠાપૂર્વક શ્રીનારાયણની ભક્તિ કરે છે તેઓ મૃત્યુ પછી શ્રીનારાયણના ધામને પામે છે. ઐતરેય બ્રાહ્મણમાં શ્રીનારાયણને 'યજ્ઞપતિ' કહ્યા છે. યજ્ઞપતિ અર્થાત સર્વયજ્ઞોમાં ભક્તિરૂપે અને સર્વ યજ્ઞોનું ફળ આખર નારાયણ જ છે. શ્રીનારાયણે પોતાના નિઃશ્વાસની જેમ, નિષ્પ્રયત્નથી વેદોનું ગહનજ્ઞાન બ્રહ્માજીએ પ્રગટ કર્યું અને વૈદિકજ્ઞાનનું ગન્તવ્ય, મોક્ષસ્વરૂપ નારાયણ જ છે. '**ॐ नमो नारायणाय**' એ વૈષ્ણવ સંપ્રદાયનો દીક્ષા મંત્ર છે. તથા સંન્યાસીઓ જયારે પણ એક–બીજાનું અભિવાદન કરે ત્યારે આ જ મંત્ર બોલીને કરે છે.

શ્રીનારાયણનાં ત્રિવિધ સ્વરૂપો જોવા મળે છે

(૧) શેષશાયી

(૨) કમળપર શ્રી લક્ષ્મીજી સાથે

(૩) ગરુડજી પર વિરાજમાન.

આ ત્રણે સ્વરૂપો શ્રીનારાણ ચતુર્ભુજ સ્પરૂપે છે.

તેમના શરીરનો વર્ણ 'નીલમેઘશ્યામ' છે. અનંત આકાશ નીલારંગનું છે. માટે રંગ એ ક્ષીનારાણની અનંતતાનું ધોતક છે. શ્રીનારાયણ ચતુર્ભુજરૂપે છે. ચાર ભુજાઓ ચારેય દિશાઓનુ પ્રતીક છે. ચારેય દિશાઓમાં શ્રીનારાયણ વ્યાપ્ત છે. ચારેય દિશાઓમાં સર્વશકિતમાન નારાયણનુ નિયમન–શાસન છે.

**સર્વપ્રાણીઓમાં ચૈતન્યરૂપે જે નિવાસ કરે છે તે.**
**જે આખા બ્રહ્માંડની ઉત્પત્તિ, સ્થિતિ અને લય કરે છે.**

(અ) શ્રીનારાયણના હાથમાં શંખ, ચક્ર, ગદા અને કમળ છે. શંખનું નામ છે. 'પાંચજન્ય' એ પંચમહાભૂતો અથવા પાંચપ્રાણોનું પ્રતીક છે. જડ જગત પાંચ મહાભૂતોમાંથી ઉત્પન્ન થયું છે અને અંતે (પ્રલયે) જડ જગત પંચમહાભૂતોમાં જ લય પામે છે. પ્રાણી માત્રની ચેતનતા પંચપ્રાણને લીધે છે અને અંતે (પ્રલય કે મોક્ષ) વ્યષ્ટિ પ્રાણ, સમષ્ટિ પ્રાણમાં જ લીન થાય છે. આમ, ઉપરના ડાબા હાથમાં રહેલો પાંચજન્ય શંખ જગતની, ઉત્પત્તિ, સ્થિતિ અને લય શક્તિનું પ્રતીક છે. બ્રહ્માંડની ઉત્પત્તિ વગેરે શ્રીનારાયણ માટે 'ડાબા હાથનો ખેલ' છે. શ્રીનારાયણના પાંચજન્ય શંખ દ્વારા જ આદિ ધ્વનિ (શબ્દ) 'ૐ'ની ઉત્પત્તિ થઈ.

(બ) શ્રીનારાયણના ઉપરના જમણા હાથમાં સુદર્શન ચક્ર છે. સમૃદ્ધિ મનનું પ્રતીક છે. પૂર્ણતાનું પ્રતીક છે. સુ એટલે સુષ્ઠુ–સારું–યથાર્થ; અને દર્શન એટલે જ્ઞાન. આમ સુદર્શન એટલે યથાર્થજ્ઞાન. શ્રીનારાયણ સર્વજ્ઞ છે માટે તેઓ યથાર્થ–વાસ્તવિક જ્ઞાન પૂર્ણ માત્રામાં ધારણ કરે છે. સુદર્શન ચક્ર દ્વારા ભગવાન અસુરોનું માથું કાપી નાખે. 'અસુરોનું માથું' એટલે આપણો અહંકાર કુદર્શન ધરાવે છે. અહંકાર એટલે જીવ. અહંકાર દ્વૈતના દર્શન કરે છે. અહંકાર દ્વૈતના દર્શન કરે છે, અહંકાર અબ્રહ્મના જ દર્શન કરે છે. સુદર્શન–યથાર્થ દર્શન એટલે સર્વત્ર બ્રહ્મના દર્શન કરવા **(सर्वं खलु इदं ब्रह्म)**; સર્વત્ર પવિત્રતા જોવી. જ્યારે સુદર્શન પ્રાપ્ત થાય ત્યારે કુદર્શનનો દર્શન નાશ થાય. બ્રહ્મદર્શન થતાં જીવભાવનો નાશ થાય.

(ક) જમણા હાથમાં શ્રીનારાયણ 'કૌમુદિકી' ગદા ધારણ કરે છે. જેના દ્વારા પીડા આપવામાં આવે તેને ગદા કહે છે. આસુરોને, અધર્મનો નાશ કરી, અધર્મનો ફેલાવો કરનારાઓને શ્રીનારાયણ ગદાના પ્રહાર દ્વારા પીડા આપે છે. બાળક કંઈ અપશબ્દ બોલે કે અપકર્મ કરે તો માતા–પિતા બાળકનું તાડન કરે. તેને સુધારવા માટે તે જ પ્રમાણે ભક્ત (બાળક) અહંકારથી પ્રેરાઈને કુમાર્ગે જતો હોય તો શ્રીનારાયણ ગદા દ્વારા ભક્તનું પણ તાડન કરે છે. પ્રભુ ભક્તને દુઃખ આપે જેથી પાછો તે ઈશ્વરસ્મરણ તરફ વળે. આને પ્રભુની વક્ર કૃપા કહે છે. શ્રીમદ્ ભાગવતમાં (૧૦–૮૮–૮૬માં) ભગવાન કહે છે કે 'જેના પર હું અનુગ્રહ કરુ છું, તેનું હું વિત્ત હરી લઉં છું, તેને હું દુઃખ આપું છું.' ભક્તના જીવનમાં આવતું દુઃખ–દરિદ્રતા એ પણ ભગવાનનો અનુગ્રહ હોય છે. ભક્ત પર ભગવાન અનેક રીતે કૃપા કરતો હોય

**શ્રીનારાયણના પાંચજન્ય શંખ દ્વારા જ**
**આદિ ધ્વનિ (શબ્દ) 'ૐ'ની ઉત્પત્તિ થઈ.**

છે.

(ડ) શ્રીનારાયણના ડાબા હાથમાં કમળ છે. આપણી સંસ્કૃતિમાં કમળ એ જ્ઞાનનું પ્રતીક છે. કમળની ઉત્પત્તિ કાદવમાંથી છે છતાં તે સુગંધીયુક્ત છે અને જળાશયનું પાણી કમળના પાનને ભીંજવી શકતું નથી. આમ અસંગતાનું પ્રતીક છે કમળ આમ કમળ એ શ્રીનારાયણની સર્વજ્ઞતાનું ઘોતક છે. બ્રહ્મજ્ઞાનનું ઘોતક છે.

ભગવાનનું વાહન છે ગરુડ એ જ તેમનું ધ્વજનિશાન છે. વેદમાં કહ્યું છે ગરુડજી ગતિ અકુંઠિત છે. આખા બ્રહ્માંડના સ્થિતિકર્તા, ચરણાધિપતિ ઉરુક્રમ શ્રીનારાયણનુ વાહન આકાશમાં ગતિ કરનારાઓનો રાજા ગરુડ હોય એ સયુક્તિક છે.

જ્યારે જ્યારે અધર્મનો અભ્યુદય થાય, ધર્મની હાનિ થાય ત્યારે શ્રીનારાયણ જુદા-જુદા સ્વરૂપે અવતાર ધારણ કરે છે. અસુરોનો (અધાર્મિકોનું દમન કરી) સાધુ પુરુષોની (ધાર્મિકોની) રક્ષા કરી જગતની સ્થિતિ ટકાવવા ધર્મની સ્થાપના કરવા અવતાર ઉદ્ભવે છે. શાસ્ત્રોમાં શ્રીનારાયણના અનેક અવતારોનું વર્ણન જોવામાં આવે છે. પરંતુ (૧) મત્સ્ય (૨) કૂર્મ (૩) વરાહ..... (૧૦) કૃષ્ણ.

આ દશાવતારોની કથા લીલાવર્ણન વિશેષ રૂપે ઉપલબ્ધ છે.

**ભક્તના જીવનમાં આવતું દુઃખ/દરિદ્રતા એ પણ ભગવાનનો અનુગ્રહ હોય છે. ભક્ત પર ભગવાન અનેક રીતે કૃપા કરતો હોય છે.**

## :: શ્રીલક્ષ્મીજી ::

શ્રીનારાયણની અચિન્ત્ય શક્તિ, જે સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ, લય કરે છે. તેને જ 'લક્ષ્મી' કહ્યું છે. શ્રીનારાયણ અને તેમની આ શક્તિ 'લક્ષ્મીજી' અભિન્ન છે. બન્ને એક જ પરમાત્મા—પરમતત્ત્વ છે. માત્ર સૃષ્ટિ સમયે ભિન્ન ભિન્ન ગોચર થાય છે. એટલે જ આપણે 'શ્રીલક્ષ્મીનારાયણ ભગવાનની જય' એવો જયઘોષ કરીએ છીએ. બન્ને હોવા છતાં એક છે. બલ્કે એક જ તત્ત્વ હોવા છતાં તે બે છે!! તદુપરાંત શાસ્ત્રોમાં શ્રીલક્ષ્મીજીને સમૃદ્ધિ, સદનસીબ અને સંપત્તિના દેવી કહ્યાં છે, જે શ્રીનારાયણનાં પત્ની છે. તેઓ પતિવ્રતા છે—હંમેશા નારાયણને જ વરેલાં છે. આનો અર્થ એવો કે જે પ્રભુનો ભક્ત છે, જેનો હૃદયમાં પ્રભુનો વાસ છે ત્યાં સર્વ પ્રકારની સમૃદ્ધિ અને સુખ આવશે. જીવનમાં કમનસીબ કે દુર્ભાગ્યને લીધે મુશ્કેલીઓ હોય, દુઃખ હોય, દારિદ્ર્ય હોય તો શ્રીનારાયણની ભક્તિ કરવી. તેની કૃપા પ્રાપ્ત થતાં દુર્ભાગ્યજન્ય દુઃખો દૂર થશે. અને દૈવી તેમજ માનુષી સંપત્તિ પ્રાપ્ત થાય. શ્રીલક્ષ્મીજી એ સદનસીબ, દૈવ, સૌંદર્ય, પ્રેમ, ક્રાંતિ, ઉમદા ચારિત્ર્ય, લાવણ્ય, શોભા, સદભાવ, ક્ષમા, ભવ્યતા, ઉત્કૃષ્ટતા, વૈભવ વગેરેની દેવી છે. શ્રીલક્ષ્મીજીની કૃપા પ્રાપ્ત થતાં આ બધું પ્રાપ્ત થાય છે.

સમુદ્રના મંથન દ્વારા શ્રીલક્ષ્મીજીની ઉત્પત્તિની કથા પ્રચલિત જ છે. શાસ્ત્રોમાં વર્ણન છે કે શ્રીલક્ષ્મીજી પહેલાં 'અલક્ષ્મી'ની ઉત્પત્તિ થઈ. અત્યંત કદરૂપી, બેડોળ, ડરામણું, ગંદા—બરછટ અવયવો... વગેરે અલક્ષ્મીનું રૂપ છે. અલક્ષ્મી એ ભાવિ આપત્તિની સૂચક છે. શાસ્ત્રોમાં કહ્યું છે કે જ્યાં આળસ, પ્રમાદ, સુસ્તી, તીવ્ર લાલસા, ઈર્ષા, લોભ, ગર્વ, અહંકાર રહેલા છે ત્યાં 'અલક્ષ્મી'નો વાસ છે. માટે અલક્ષ્મીને દૂર રાખવા આપણું મન આ બધા દુર્ગુણોથી ગુણ હોવું જોઈએ. સ્વચ્છ હોવું જોઈએ.

તદુપરાંત જ્યાં નૈતિકતા, ઉમદા ચારિત્ર્ય, ધર્મ, ક્ષમા, કરુણા, શૌચ દૈવી સંપત્તિ રહે છે. ત્યાં લક્ષ્મીજીનો વાસ છે. માટે લક્ષ્મીજી પ્રાપ્ત કરવા માટે આપણું મન શુદ્ધ/પવિત્ર હોવું જોઈએ. આપણે જીવનમાં દૈવીસંપત્તિ કેળવવી જોઈએ. આંતરશુદ્ધિ હોય તો જ લક્ષ્મીજી પ્રાપ્ત થાય. આ શાસ્ત્રો શક્તિનાં પ્રતીકરૂપે આપણી સંસ્કૃતિમાં માન્યતા છે કે રોજ સવારે આંગણું સાફ કરવું જોઈએ તો લક્ષ્મીજી ઘરમાં આવે. રોજ આપણા મનને કુવિચારને મુક્ત કરી— સાફ કરીએ તો

**શ્રીનારાયણની અચિન્ત્ય શક્તિ, જે સૃષ્ટિની ઉત્પત્તિ, સ્થિતિ, લય કરે છે. તેને જ 'લક્ષ્મી' કહ્યું છે. શ્રીનારાયણ અને તેમની આ શક્તિ 'લક્ષ્મીજી' અભિન્ન છે.**

સુખ (લક્ષ્મીજી) આવે!!

શ્રીલક્ષ્મીજી એટલે સુખ. માનવીને પૂર્ણસુખી થવું છે. પૂર્ણસુખ પ્રાપ્ત કરવું એટલે અષ્ટવિધ લક્ષ્મી પ્રાપ્ત કરવી. માનવીએ જીવનમાં આઠ પ્રકારની લક્ષ્મીનું ઉપાર્જન કરવું જોઈએ જેથી કરીને પૂર્ણ સુખ પ્રાપ્ત થાય. આ અષ્ટવિધ લક્ષ્મીજી એટલે (૧) ધનલક્ષ્મી (આદિલક્ષ્મી) (૨) ધાન્યલક્ષ્મી (૩) ધૈર્યલક્ષ્મી (૪) વીર્ય લક્ષ્મી (૫) વિજયલક્ષ્મી (૬) ગજલક્ષ્મી (૭) સંતાનલક્ષ્મી (૮) વિદ્યાલક્ષ્મી.

જીવનમાં (૧) ધન, (સ્થાવર-જંગમ મિલકત) (૨) ધાન્ય (અન્ન ખાવાની તેમજ ખવડાવવાની ક્ષમતા) (૩) ધૈર્ય (દૃઢતા,સ્થિરતા, ધ્યેયનિષ્ઠા) (૪) વીર્ય (બળ, તાકાત અને ક્રાંતિ) (૫) વિજય - ભૂતિ શક્તિ, જય, સદનસીબે સર્વત્ર ફતેહ મેળવવી) (૬) સર્વાધિકાર પ્રાપ્ત થવો, પ્રભુત્વ, સ્વામિત્વ હોવું, સત્તા પ્રાપ્ત થવી (૭) સંતતિ (માતા-પિતાની કાળજી રાખે, તેમને સુખ આપે તેવી સંતતિ) અને (૮) વિદ્યા-યથાર્થ જ્ઞાન હોવું- જે તે સંજોગોમાં, જે તે સમયે યથાર્થ નિર્ણય કરવાની ક્ષમતા...આ આઠ હોવાથી પૂર્ણ સુખ થાય.

લક્ષ્મી શબ્દની વ્યુત્પત્તિ છે, "**लक्ष्यति पश्यति उद्यागिनं इति लक्ष्मीः ।**" જે પુરુષાર્થ કરે, મહેનત કરે તેને જ લક્ષ્મી પ્રાપ્ત થાય. લક્ષ્મી જોઈતી હોય જીવનમાં સુખ પ્રાપ્ત કરવું હોય તો માણસે ઉદ્યમી થવું જોઈએ. આળસ-પ્રમાદ કરવાથી લક્ષ્મી/સુખ ન મળે. પરંતુ અલક્ષ્મી, આપત્તિ જ મળે. હા લક્ષ્મી હંમેશા નારાયણને સંયુક્ત છે. 'શ્રીલક્ષ્મીનારાયણ' છે. માટે જ્યાં ઉદ્યમની સાથે સાથે નીતિ-સત્યનારાયણ હશે ત્યાં જ કાયમી સુખ થશે. જો નીતિ (ધર્મ)ને જીવનમાં સ્થાન ન હોય તો પૂર્વપુણ્યથી કદાચ 'લક્ષ્મી' તો પ્રાપ્ત થાય પરંતુ તે ક્ષણિક રહે. કાયમી ન હોય. માટે જ લક્ષ્મીને 'ચંચળ' કહી છે. સંસ્કારિતા હોય તો જ સમૃદ્ધિ કાયમ ટકે. પુરાણોમાં કથા આવે છે કે બલિરાજાને ત્યાં શ્રીલક્ષ્મીને વાસ હતો. બલીરાજામાં અહંકાર, ગર્વ કે અભિમાન આવી જતાં શ્રીલક્ષ્મીજી અસુરોને ત્યાગીને સ્વર્ગલોકમાં દેવો પાસે નિવાસ કરવાં ચાલી ગયા. ત્યારે અસુરોએ તેમને 'ચંચળા' તરીકે સંબોધ્યા. તેના પ્રત્યત્તરમાં શ્રીલક્ષ્મીજી જણાવે છે કે 'જો ઓ મારી કૃપાનો દુરુપયોગ કરે છે. અત્યાચર આચરે છે, અધર્મને વરેલા છે તેઓનું

**માનવીએ જીવનમાં આઠ પ્રકારની લક્ષ્મીનું ઉપાર્જન કરવું જોઈએ જેથી કરીને પૂર્ણ સુખ પ્રાપ્ત થાય.**

ત્યાગ કરી દઉં છું. પરંતુ જેઓ મારી કૃપાનો દુરુપયોગ નથી કરતાં તેનો હું ત્યાગ કરતી નથી. તેની પાસે હું સન્નિષ્ઠાપૂર્વક રહું છું.' આમ જીવનમાં જો લક્ષ્મીજી કૃપા પ્રાપ્ત થઈ તો હંમેશા નારાયણને વરેલા રહેવું. હંમેશા નીતિ અને ધર્મને સહારે જીવન જીવવું.

**જીવનમાં જો લક્ષ્મીજી કૃપા પ્રાપ્ત થઈ તો હંમેશા નારાયણને વરેલા રહેવું. હંમેશા નીતિ અને ધર્મને સહારે જીવન જીવવું.**

# :: શ્રીઉમિયામાતા ::

સતી જયારે પર્વતરાજ હિમવાનપુત્રી તરીકે અવતાર લે છે અને શિવજીને પામવા માટે ઘોર તપ કરે છે. તેમની કઠોર તપસ્યા અંગે ચિંતિત થઈ વાત્સલ્યભાવથી પ્રેરાઈને તેમના માતુશ્રી મેનાએ તેમને રોકવાનો પ્રયત્ન કરતાં કહ્યું ઉ મા (ઓહ, ના) અને માતાજીનું નામ પડયું 'ઉમા'– આ ઉમા માતાજી તે જ ઉમિયામાતાજી. માટે શિવજીનાં નિત્ય અર્ધાંગિની, શક્તિસ્વરૂપા પાર્વતી એટલે જ ઉમિયામાતા.

શિવજીને પામવા માતાજીએ કઠોર તપશ્ચર્યા આદરી હતી. નારદજી અને ખુદ શિવજીએ પણ સામ, દામ, દંડ, ભેદ દ્વારા તપશ્ચર્યાથી પોતાના ધ્યેયથી ચલિત કરવાનો પ્રયત્ન કર્યો હતો. પરંતુ કોઈ સફળ ન થયું. માતાજીની ધ્યેયનિષ્ઠાએ શિવજીને પણ મજબૂર કર્યા. ઉમા માતાજીની કૃપાથી આપણા જીવનમાં 'ધ્યેયનિષ્ઠા' આવે– ''સન્નિષ્ઠ પ્રયત્ન કરનાર વ્યક્તિ માટે કશું જ અશક્ય નથી.'' શિવજી એટલે કલ્યાણ સ્વરૂપ– મોક્ષસ્વરૂપ. સાધકના જીવનમાં માતાજીની કૃપા પ્રાપ્ત હોય, અવિચલ ધ્યેય નિષ્ઠા હોય તો મોક્ષ પ્રાપ્ત થાય.

સામવેદના કેનોપનિષદ્‌માં 'ઉમા' માતાનો ઉલ્લેખ જોવામાં આવે છે. કેનોપનિષદ્‌માં વર્ણન આવે છે કે એક વખત દેવો–દાનવોના યુદ્ધમાં દેવોનો વિજય થયો. વિજયોત્સવની ખુશીમાં દેવતાઓ ''મારા પરાક્રમથી આ વિજય પ્રાપ્ત થયો.'' એવી બડાશ મારતા હતા. મિથ્યાભિમાન અને દર્પથી છકીને સ્વમહિમાનું જ ગાન કરતા હતા. જીવનમાં મિથ્યાભિમાનને સ્થાન આપવું, ગર્વને પ્રધાનતા આપવી એ આસુરી સંપત્તિને તાબે થવું છે. જે દેવોને પણ 'અસુર' બનાવે. દેવતાઓ પર કૃપા કરવા માટે તે સંસદમાં યક્ષનું પ્રાગટ્ય થાય છે. યક્ષ એક ઘાસનું તણખલું બાળવાનો અગ્નિદેવતાને પડકાર આપે છે. અગ્નિદેવતા નિષ્ફળ જાય છે. ત્યારે વાયુદેવતા યક્ષની સન્મુખ આવે છે. વાયુદેવતાને એ જ ઘાસનું તણખલું ઉપાડવાનો પડકાર આપે છે.

માંની સ્તુતિ કરતાં બ્રહ્માજી કહે છે, 'તું ખડ્‌ગધારિણી છે. તું શૂલધારિણી છે. તું જ ઘોરરૂપ છે.' આટલું કહીને બ્રહ્માજી અટકતા નથી. બ્રહ્માજી એ જ

**શિવજીનાં નિત્ય અર્ધાંગિની, શક્તિસ્વરૂપા પાર્વતી એટલે જ ઉમિયા માતા. જીવનમાં માતાજીની કૃપા પ્રાપ્ત હોય, અવિચલ ધ્યેય નિષ્ઠા હોય તો મોક્ષ પ્રાપ્ત થાય.**

શ્લોકમાં આગળ કહે છે. કે તું આવી ઘોરરૂપ હોવા છતાં, તું જ સૌમ્ય છે, સૌમ્યતર છે. મા સર્વ કરતાં વધુ સૌમ્ય , સૌમ્યતમ તું જ છે. તું જ વાત્સલ્યરૂપ છે.'....આમાં માનાં બે રૂપ છે. (૧) ઘોર અને ક્રૂર રૂપ (૨) સૌમ્ય અને વાત્સલ્યમય રૂપ. અસુરો માટે પહેલું રૂપ છે – ઘોર રૂપા છે અને ભક્તો માટે સૌમ્ય. આપણા મનમાં જયારે આપણે આસુરી સંપત્તિઓને –દુર્વૃત્તિઓને સ્થાન આપીએ ત્યારેમાં આપણા માટે નિષ્ઠુર અને ઘોર બને છે. પરંતુ જયારે આપણે આવી વૃત્તિઓને દૂર રાખીમાંના શરણે જઈએ ત્યારે મા વાત્સલ્યમય, કરુણામય છે. તેની ઉપાસના કરવાથી આપણામાંના રહેલા આસુરોને–મા નાશ કરે. આપણી રક્ષા કરે. મોક્ષમાર્ગના આપણા અવરોધો દૂર કરે. આપણને સાત્ત્વિક શક્તિ પ્રદાન કરે.

માતાજી વ્યાઘ્ર ઉપર આરૂઢ છે. **“વ્યજિઘ્રતિ ઇતિ વ્યાઘ્રઃ।” વ્યાઘ્રણમ્** એટલે સૂંઘવું. ગંધ એ પૃથ્વીનો ગુણ છે. આમ વ્યાઘ્રએ પૃથ્વી જડ શરીર સાથેના તાદાત્મ્યનું પ્રતીક છે. માતાજી દેહાત્મબુદ્ધિ પર આરૂઢ છે અર્થાત્ માની કૃપા થવાથી દેહાત્મકબુદ્ધિ જીવભાવની મુક્તિ થાય છે. મા બ્રહ્મજ્ઞાન સ્વરૂપ છે.

**માની કૃપા થવાથી દેહાત્મકબુદ્ધિ જીવભાવની મુક્તિ થાય છે. મા બ્રહ્મજ્ઞાન સ્વરૂપ છે.**